દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 32 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 February 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૭ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત છઠ્ઠી વાર અન્ડર-૧૯ વર્લ્ડ ચેમ્પિયન

## સૂર્યવંશીનું રન-રમખાણ, માત્ર ૮૦ બૉલમાં ૧૭૫ રન ફટકાર્યાઃ આયુષ મ્હાત્રેની ટીમે ઇંગ્લૅન્ડની ટીમને ૧૦૦ રનથી કચડી નાખી

હરારેઃ મુંબઈના ઑલરાઉન્ડર આયુષ મ્હાત્રેની કૅપ્ટન્સીમાં ભારતે અહીં શુક્રવારે ઇંગ્લૅન્ડને અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં ૧૦૦ રનથી કચડીને વિક્રમજનક છઠ્ઠી વખત આ જુનિયર ફૉર્મેટને તાજ જીતી લીધો હતો. બિહારનો વૈભવ સૂર્યવંશી (૧૭૫ રન, ૮૦ બૉલ, ૧૫ સિક્સર, ૧૫ ફોર) આ વિજયનો સુપરસ્ટાર હતો. ભારતે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૪૧૧ રન કર્યા બાદ બ્રિટિશ ટીમ ૪૦.૨ ઓવરમાં ૩૧૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી અને એ સાથે ભારતના જુનિયર ક્રિકેટરોએ મેદાન પર જશન શરૂ કરી દીધું હતું. ખરેખર તો વૈભવના ૧૭૫ રનની ફટકાબાજી વખતે જ બ્રિટિશ ટીમ હિંમત હારી ગઈ હોય એવું લાગતું હતું. વૈભવે ૩૨ બૉલમાં ૫૦ રન, પંચાવન બૉલમાં ૧૦૦ રન અને ૭૧ બૉલમાં ૧૫૦ રન પૂરા કર્યા હતા. આ દમામદાર વિજય સાથે ભારતે મેન્સ જુનિયર ક્રિકેટમાં વર્ચસ્વ વધુ મજબૂત કર્યું છે.

**મોડાસાના ખિલન પટેલે ઝીલ્યો છેલ્લો કૅચ**

મૂળ મોડાસાના સ્પિનર ખિલન પટેલે કનિષ્ક ચૌહાણના બૉલમાં બ્રિટિશ સેન્ચુરિયન કૅલેબ ફાલ્કનર (૧૧૫ રન, ૬૭ બૉલ, સાત સિક્સર, નવ ફોર)નો બૅકવર્ડ પૉઇન્ટ પર નીચો કૅચ ઝીલીને અફલાતૂન ફીલ્ડિંગની ઝલક આપી હતી અને એ સાથે જ ટાઇટલ ભારતના નામે લખાઈ ગયું હતું. ઇંગ્લૅન્ડની ટીમે ૪૧૨ રનના લક્ષ્યાંક સામે જોરદાર લડત આપી હતી, પણ તેમના માટે શરૂઆતથી જ એ લક્ષ્યાંક મહાકાય હતો અને છેવટે તેઓ એ બોજ નીચે દબાઈ ગયા હતા અને હારી ગયા.

**અંબરિશે ૯૨ રનની ભાગીદારી તોડાવી**

કૅલેબ ફાલ્કનર અને જેમ્સ મિન્ટો (૪૧ બૉલમાં ૨૮ રન) વચ્ચે આઠમી વિકેટ માટે ૯૨ રનની ભાગીદારી થઈ હતી. એ પાર્ટનરશિપે ભારતીયોને ખૂબ હંફાવ્યા હતા અને વિજય માટે ભારતને રાહ જોવડાવી હતી. જોકે પેસ બોલર અંબરિશે મિન્ટોને આઉટ કરીને તોડી હતી. સબસ્ટિટ્યૂટ મોહમ્મદ એન્નાને તેનો કૅચ ઝીલ્યો હતો. ઇંગ્લૅન્ડે બાવીસ ઓવરમાં ૧૭૫ રન કર્યા હતા, પરંતુ એમાં એણે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી.

(જુઓ પાનું ૨) ▶▶






**ચેમ્પિયન બૅટ્સમેન ને ચેમ્પિયન ટીમઃ** ઝિમ્બાબ્વેના હરારેમાં ગઈકાલે અંગ્રેજોને હરાવી વિશ્વ વિજેતા બનેલી અન્ડર-૧૯ ટીમ ઈન્ડિયા (જમણે) અને જબરજસ્ત સદી ફટકારનાર વૈભવ સૂર્યવંશી

### શિયાના લશ્કરી ગુપ્તચર એજન્સીના નાયબ વડા પર ગોળીબાર

મૉસ્કોઃ રશિયન મિલીટરી ઈન્ટેલિજન્સના નાયબ વડા લે. જનરલ વ્લાદિમિર ઍલેક્સેવ પર શુક્રવારે મૉસ્કોમાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલામાં વ્લાદિમિર ઘાયલ થયા હતા.

અગાઉ પણ સેનાના વરિષ્ઠ અધિકારી પર અનેકવાર હુમલા થયા હતા જે માટે રશિયાએ યુક્રેનને જવાબદાર ઠેરવ્યું હતું. અજાણ્યા હુમલાખોરે કરેલા ગોળીબારને પગલે ઘાયલ થયેલા વ્લાદિમિરને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

### આજથી શરૂ થતા ટી-૨૦ વર્લ્ડકપમાં વાનખેડેમાં ભારત-યુએસએ ટકરાશેઃ હર્ષિત રાણા ઈન્જર્ડ થતા આઉટ

૬




## પાકિસ્તાનમાં મસ્જિદમાં સુસાઇડ બૉમ્બ બ્લાસ્ટઃ ૩૧નાં મોત, ૧૬૯ ઘાયલ

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનની રાજધાની ઇસ્લામાબાદમાં શુક્રવારની નમાજ દરમિયાન એક શિયા મસ્જિદમાં આત્મઘાતી હુમલો થયો હતો. આ બૉંબ વિસ્ફોટમાં ૩૧ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે ૧૬૯ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ પ્રચંડ વિસ્ફોટ સંઘીય રાજધાનીના શહજાદ ટાઉન વિસ્તારમાં આવેલા તરલાઇ ઇમામબારગાહમાં થયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આત્મઘાતી હુમલાખોરને ઇમામબારગાહના દરવાજે રોકવામાં આવ્યો હતો, પરંતુ તેણે પોતાની જાતને ઉડાવી દીધી હતી. આ વિસ્ફોટમાં ૩૧ લોકોના મોત થયા હતા. જ્યારે ૧૬૯ લોકો ઘાયલ થયા હતા. જો કે કોઇપણ સંગઠને તાત્કાલિક વિસ્ફોટની જવાબદારી સ્વીકારી નથી. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે હુમલાખોર વિદેશી નાગરિક હતો. હુમલાખોર ફિતના (જુઓ પાનું ૨) ▶▶

### ટ્રેડ ડીલને પગલે આરબીઆઇએ વ્યાજદરમાં કોઇ ફેરફાર ન કર્યો

મુંબઈઃ ભારતીય રિઝર્વ બૅંકે શુક્રવારે અપેક્ષા મુજબ તેના બેન્ચમાર્ક વ્યાજ દરમાં કોઈ ફેરફાર કર્યો નથી, કારણ કે બજેટમાં સરકારી ખર્ચમાં વધારો અને અમેરિકા સાથેના વેપાર કરાર પછી ટૅરિફના દબાણમાં ઘટાડો થવાને કારણે ફુગાવો વ્યવસ્થિત સ્તરે રહ્યો હતો અને વૃદ્ધિની ચિંતા ઓછી થઈ હતી. સેન્ટ્રલ બૅંકની છ સભ્યોની નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)એ સર્વસંમતિથી રેપો રેટ ૫.૨૫ ટકા

(જુઓ પાનું ૨) ▶▶

### પરીક્ષા એક ઉત્સવ છે સેલિબ્રેટ કરોઃ પીએમ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બૉર્ડની પરીક્ષા અગાઉ વિદ્યાર્થીઓમાં તણાવ ઘટાડવા તેમની સાથે વાતચીત કરી હતી અને તેમને મંત્ર આપતા કહ્યું હતું કે પરીક્ષા ઉત્સવ છે તેની ઉજવણી કરો અને શિક્ષણ બોજ ન બનવું જોઈએ એટલે માત્ર માર્ક્સ જ નહીં, પરંતુ જીવન સુધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત

(જુઓ પાનું ૨) ▶▶

### વિપક્ષના દેકારાને લીધે લોકસભામાં કંઈ કામ ન થયું ની કામગીરી ખોરવાઈ

નવી દિલ્હીઃ વિપક્ષના સભ્યો દ્વારા વિવિધ મુદ્દે કરવામાં આવેલા અવિરત પ્રદર્શનને પગલે લોકસભાની કામગીરી શુક્રવારે એક દિવસ માટે મોકૂફ રાખવામાં આવી હતી.

પહેલી ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલા બજેટ અંગે ચર્ચા ન થઈ શકી હોય તેવો આ બીજો દિવસ હતો.

અગાઉ મોકૂફ રાખવામાં આવ્યા બાદ લોકસભાની કામગીરી બપોરે ૧૨ વાગે ફરી શરૂ થઈ ત્યારે પણ વિપક્ષના સભ્યોએ વિરોધ કરવાનું ચાલુ રાખ્યું હતું અને પૉસ્ટરો અને બેનરો સાથે સૂત્રોચ્ચાર કરતા ગૃહની વૅલમાં ધસી ગયા હતા. અધ્યક્ષપદ સંભાળી રહેલા કૃષ્ણપ્રસાદ તેનેતીએ વિપક્ષને બેનરો અને પૉસ્ટરો મૂકી દેવાની અને જગ્યા પર બેસી જવાની વિનંતી કરી હતી.

જોકે વિપક્ષે અધ્યક્ષની વિનંતીને નકારતા લોકસભાની કામગીરી સોમવાર સુધી મોકૂફ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. અગાઉ સ્પીકર ઓમ બિરલાએ એમ કહીને આક્રોશ વ્યક્ત કર્યો હતો કે આ પ્રકારે ગૃહ ન ચલાવી શકાય. (એજન્સી)



**સર્ચ અને રેસ્ક્યુ ઑપરેશનઃ** મેઘાલયના પૂર્વ જૈન્તિયા પર્વતીય જિલ્લાના થાંગસ્કુ વિસ્તારમાં કોલસાની ગેરકાયદે ખાણમાં શુક્રવારે વિસ્ફોટ થયા બાદ ચાલી રહેલું સર્ચ અને રેસ્ક્યુ ઑપરેશન. (એજન્સી)

## ઓમાનની મધ્યસ્થતા સાથે ઈરાન-અમેરિકા મંત્રણા શરૂ

મસ્કતઃ ઓમાને શુક્રવારે જણાવ્યું હતું કે તેણે તેહરાનના અણુ કાર્યક્રમ અંગે ઈરાન અને અમેરિકા વચ્ચે અપ્રત્યક્ષ વાટાઘાટોમાં મધ્યસ્થતા કરી હતી. ઓમાનના વિદેશ મંત્રાલયે 'એક્સ' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે વિદેશ પ્રધાન બદ્ર અલ-બુસૈદીએ ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી અને પશ્ચિમ એશિયા માટે અમેરિકાના ખાસ દૂત સ્ટીવ વિટકોફ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે અલગથી મુલાકાત કરી હતી. પોસ્ટમાં જણાવ્યા અનુસાર, વાટાઘાટો મુખ્યત્વે (જુઓ પાનું ૨) ▶▶

## ફક્ત પૂછપરછ માટે કોઇની અરેસ્ટ ન કરી શકાય : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે વ્યક્તિની ધરપકડ ફક્ત પૂછપરછ માટે ન હોઈ શકે અને પોલીસ અધિકારી દ્વારા ધરપકડ એ ફક્ત કાયદાકીય વિવેકબુદ્ધિ છે જેને ફરજિયાત કહી શકાય નહીં.

જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને એન. કે. સિંહની ખંડપીઠે જણાવ્યું હતું કે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બીએનએસએસ), ૨૦૨૩ની જોગવાઈઓ હેઠળ ધરપકડની શક્તિને કડક ઉદ્દેશ્ય આવશ્યકતા તરીકે અર્થઘટન કરવી જોઈએ, પોલીસ અધિકારી માટે વ્યક્તિલક્ષી સુવિધા તરીકે નહીં.

એનો અર્થ એ નથી કે પોલીસ અધિકારી ફક્ત પ્રશ્નો પૂછવા માટે ધરપકડ કરી શકે છે. જો કે, તેનો અર્થ એ છે કે પોલીસ અધિકારીએ પોતાને સંતોષ આપવો જોઈએ કે તપાસ, જે સાત વર્ષ સુધીની કેદની સજાપાત્ર ગુનો છે, તે સંબંધિત વ્યક્તિને કસ્ટડીમાં લીધા વિના અસરકારક રીતે આગળ વધી શકતી નથી. તેનાથી વિપરીત કોઈપણ અર્થઘટન સ્પષ્ટપણે બીએનએસએસ, ૨૦૨૩ની કલમ ૩૫(૧)(બી) અને કલમ ૩૫(૩) થી ૩૫(૬)ના હેતુ અને કાયદાકીય ઉદ્દેશ્યને નિરાશ કરશે, એવું તેમાં કહેવામાં આવ્યું છે.

અલાહાબાદ હાઈકોર્ટના આદેશ સામેની અપીલની સુનાવણી કરતી વખતે બેન્ચે આ આદેશ આપ્યો છે અને તે પ્રશ્નનો નિર્ણય લઈ રહી હતી કે શું બીએનએસએસ, ૨૦૨૩ની કલમ ૩૫(૩) હેઠળ નોટિસ સાત વર્ષ સુધીની કેદની સજાપાત્ર ગુના સંબંધિત તમામ કેસોમાં ફરજિયાત રીતે જારી કરવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બીએનએસએસ, ૨૦૨૩ની કલમ ૩૫(૩) હેઠળ જારી કરાયેલ નોટિસ અનુસાર જોગવાઈઓ હેઠળ ધરપકડ કરવાની સત્તા નિયમિત બાબત નથી પરંતુ એક અપવાદ છે, અને પોલીસ અધિકારી પાસેથી આ સત્તાનો ઉપયોગ કરવામાં સાવચેત અને ધીમા રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે.

પોલીસ અધિકારી દ્વારા ધરપકડ એ ફક્ત કાનૂની વિવેકબુદ્ધિ છે જે તેને પુરાવા એકત્રિત કરવાના સ્વરૂપમાં યોગ્ય તપાસ કરવાની સુવિધા આપે છે અને તેથી, તેને ફરજિયાત ગણવામાં આવશે નહીં, એમ તેમાં કહેવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે પોલીસ અધિકારીએ ઉપરોક્ત કવાયત હાથ ધરતા પહેલા પોતાને પ્રશ્ન પૂછવો જોઈએ કે ધરપકડ જરૂરી છે કે નહીં.

બેન્ચે જાન્યુઆરીમાં પસાર કરેલા પરંતુ તાજેતરમાં અપલોડ કરેલા તેના આદેશમાં જણાવ્યું હતું કે જો બીએનએસએસ, ૨૦૨૩ની કલમ ૩૫(૩) બી હેઠળ ઉલ્લેખિત શરતોના સંદર્ભમાં વ્યક્તિની ધરપકડ માટે વોરંટ આપતા સંજોગો ઉપલબ્ધ હોય, તો પણ ધરપકડ હાથ ધરવામાં આવશે નહીં સિવાય કે તે સંપૂર્ણપણે જરૂરી હોય.

સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે પોલીસ અધિકારી દ્વારા તપાસ સામાન્ય રીતે ગુના સંબંધિત માહિતીના રેકોર્ડિંગથી શરૂ થાય છે અને તે એક પ્રક્રિયા છે જેનો હેતુ મુખ્યત્વે કથિત ગુનાની આસપાસના તથ્યો અને સંજોગોની ખાતરી કરવાનો હોય છે અને તેમાં પોલીસ અધિકારી પુરાવા એકત્રિત કરવા માટે ઘટના સ્થળે જાય છે અને ચાર્જશીટ દાખલ કરવા માટે અભિપ્રાય રચવા સાથે સમાપ્ત થાય છે. તેમણે કહ્યું કે ધરપકડ એ તપાસને આગળ વધારવા માટે પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવતી ક્રિયા છે અને તે ચોક્કસ કેસના તથ્યો પર લાગુ કરવા માટે વિવેકાધીન અને વૈકલ્પિક છે.

### જલંધરમાં આપ નેતાની ગોળી મારીને હત્યા

ચંદીગઢઃ પંજાબ આમ આદમી પાર્ટીના નેતા લકી ઓબેરોયની શુક્રવારે જલંધરના મૉડેલ ટાઉનમાં ગુરુદ્વારાની બહાર એક અજાણ્યા હુમલાખોરે ગોળી મારીને હત્યા કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

આ ઘટના સવારે ૭.૩૦ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે ૪૩ વર્ષીય ઓબેરોય પોતાની એસયુવીમાં ગુરુદ્વારામાંથી બહાર નીકળી રહ્યા હતા.

સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યું હતું કે જ્યારે ઓબેરોય ગુરુદ્વારામાંથી બહાર આવ્યા અને તેમના વાહનમાં બેઠા, ત્યારે કાળા રંગનો હૂડી પહેરેલો એક હુમલાખોર પગપાળા તેમની પાસે આવ્યો અને અંધાધૂંધ ગોળીબાર કરીને સ્કૂટર પર થોડા અંતરે તેની રાહ જોઈ રહેલા તેના સાથી સાથે ભાગી ગયો.

ઓબેરોયને અનેક ગોળી વાગી હતી, અને તેમને બેભાન અવસ્થામાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ગોળી વાગવાથી તેમનું મૃત્યુ થયું, એમ એસીપી જલંધર પરમિન્દર સિંહે જણાવ્યું હતું.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે હુમલાખોરોએ ઓબેરોયની ગતિવિધિઓની રેકી કરી હશે.

પોલીસે જણાવ્યું હતું કે વધુ તપાસ ચાલી રહી છે. હુમલાખોરોને શોધવા માટે સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવી રહ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે આ ઘટનાના સંદર્ભમાં કેસ નોંધવામાં આવ્યો છે. આ કેસમાં વિવિધ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે, જેમાં અંગત દુશ્મનાવટનો પણ સમાવેશ થાય છે.

આ ઘટના અંગે વિપક્ષી પાર્ટીઓએ ભગવંત માનના નેતૃત્વ હેઠળની સરકારની ભારે ટીકા કરી હતી . વિપક્ષી નેતા પ્રતાપ સિંહ બાજવાએ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, જલંધરમાં ગુરુદ્વારાની બહાર આપ નેતા લકી ઓબેરોયની દિવસના આઘાતજનક હત્યા, ગંભીર વાસ્તવિકતાને ઉજાગર કરે છે. ■

### નીટ-પીજી કટ-ઑફ્ફમાં ઘટાડો શું કામ?ઃ સુપ્રીમે જવાબ માગ્યો

નવી દિલ્હીઃ 'નીટ-પીજી ૨૦૨૫-૨૬'ની પાત્રતા માટેના પર્સન્ટાઈલની મર્યાદામાં ધરખમ ઘટાડો કરવાના નિર્ણય પાછળનું કારણ સમજાવવાનો સુપ્રીમ કોર્ટે શુક્રવારે નેશનલ બૉર્ડ ઑફ એક્ઝામિનેશન ઈન મેડિકલ સાયન્સિસ (એનબીઈએમએસ)ને શુક્રવારે આદેશ આપ્યો હતો. ન્યાયાધીશ પી. એસ. નરસિંહા અને આલોક અરાધેની બનેલી ખંડપીઠે એનબીઈએમએસને સોંગદનામું દાખલ કરવાનો આદેશ આપી (જુઓ પાનું ૨) ▶▶

### અણુશસ્ત્ર સંધિ પર મંત્રણા માટે અમેરિકા રશિયા તૈયાર

મોસ્કો : રશિયન અને અમેરિકાના વાર્તાકારોએ બંને દેશો વચ્ચેના બાકી રહેલી પરમાણુ શસ્ત્ર કરારની સમાપ્તિ અંગે ચર્ચા કરી અને ઝડપથી નવી હથિયારો નિયંત્રણ વાટાઘાટો શરૂ કરવાની જરૂરિયાત પર સહમત થયા હતા. રશિયાએ શુક્રવારે આ જાણકારી આપી હતી. ન્યૂ સ્ટાર્ટ સંધિ ગુરુવારે સમાપ્ત થઈ હતી. જેનાથી અડધી સદી કરતાં વધુ સમયમાં પ્રથમ વખત બે સૌથી મોટા પરમાણુ હથિયારો પર કોઈ રોક નથી અને અનિયંત્રિત પરમાણુ શસ્ત્ર સ્પર્ધાનો ભય વધી ગયો છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે શુક્રવારે પત્રકારોને જણાવ્યું હતું કે રશિયા અને અમેરિકાના વાર્તાકારોએ સંયુક્ત આરબ અમિરાતમાં આ મુદ્દા પર ચર્ચા કરી હતી જ્યાં રશિયા,યુક્રેન અને અમેરિકાના પ્રતિનિધિમંડળોએ યુક્રેનમાં શાંતિ સમાધાન પર બે દિવસની વાટાઘાટો કરી હતી.



ઉપનયન સંસ્કારઃ પ્રયાગરાજમાં હાલ ચાલી રહેલા 'માઘ મેળા' દરમિયાન શુક્રવારે સંગમ ખાતે ધાર્મિક પંડાલમાં 'જનોઈ' તરીકે જાણીતી ઉપનયન સંસ્કારની વિધિ કરી રહેલા વેદ પાઠી વિદ્યાર્થીઓ. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# અમેરિકા વેનેઝુએલાની જેમ ઈરાન પર પણ હલ્લાબોલ કરી શકે

**અમેરિકા** અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ગજગ્રાહ ચાલે છે અને યુદ્ધના ભણકારા પણ વાગી રહ્યા છે પણ ખુલ્લેઆમ યુદ્ધ થતું નથી. અમેરિકાના ઈશારે ઈઝરાયલ ઈરાન પર હુમલા કર્યા કરે છે પણ અમેરિકા સીધા હુમલા કરતું નથી. અમેરિકાએ મિડલ ઈસ્ટમાં પોતાનું લશ્કર ઉતારી દીધું છે. અરબી સાગર અને રેડ સીમાં ફાઈટર જેટ સાથેનું વિમાનવાહક જહાજ ગજ્જ અબ્રાહમ લિંકન, ગજ્જ થિયોડોર રૂઝવેલ્ટ અને અનેક મિસાઈલોને તોડી પાડતાં યુદ્ધ જહાજો તૈનાત કર દીધાં છે.

આ ઉપરાંત પોતાના સાથી એવા કતાર, બહેરીન, સાઉદી અરેબિયા, ઇરાક અને જોર્ડનના લશ્કરી મથકો પર યુએસ એરફોર્સનાં પ્લેન તૈનાત કરી દેવાયાં છે. અમેરિકા અત્યારે તો ઇરાનનાં પરમાણુ મથકો. લશ્કરી મથકો અને કમાન્ડ સેન્ટરો પર સમુદ્ર અને આકાશ બંનેથી હુમલો કરવાની સ્થિતિમાં હોવા છતાં સીધો હુમલો કરતું નથી ને હવે અમેરિકા અચાનક હરકતમાં આવી ગયું છે.

હવે અમેરિકાએ ઈરાનમાં રહેતા તેના નાગરિકોને તાત્કાલિક દેશ છોડવાની ચેતવણી આપતાં અમેરિકાએ પોતે ઈરાન પર હલ્લાબોલ કરવાની તૈયારી કરી દીધી હોવાનું મનાય છે. અમેરિકન દૂતાવાસે ઈરાનમાં અમેરિકનો જરાય સલામત નથી એ કારણ આપ્યું છે પણ વૈશ્વિક બાબતોના નિષ્ણાતોના મતે, ડોનલ્ડ ટ્રમ્પ વેનેઝુએલામાં મળેલી સફળતાના કારણે ઈરાનમાં પણ એ જ મોડસ ઓપરેન્ડી અપનાવીને ક્રૂડ ઓઈલના ભંડાર પર કબજો કરવાની ફિરાકમાં છે. અમેરિકાએ તેની ચેતવણીમાં કહ્યું છે કે, ઇન્ટરનેટ બ્લેકઆઉટ ચાલુ રહેવાની સંભાવના છે તેથી પરિવાર અને મિત્રો સાથે સંપર્ક માટે અન્ય રીતો પણ વિચારી રાખો. ઈન્ટરનેટ બ્લેકઆઉટ મોટા ભાગે યુદ્ધની સ્થિતિમાં જ લાંબો સમય રહે તેથી અમેરિકાએ આડકતરી રીતે ઈરાન પર હુમલાની તૈયારી કરી દીધાનું અર્થઘટન કરાઈ રહ્યું છે.

વેનેઝુએલામાં નિકોલસ માદુરો બહુ બળુકા નહોતા તેથી ટ્રમ્પે તાત્કાલિક હુમલો કરી દીધેલો જ્યારે ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો હોવાની આશંકાના કારણે ટ્રમ્પ ખચકાતા હતા. અમેરિકન ઈન્ટેલિજન્સે ટ્રમ્પને ઈરાનનાં પરમાણુ શસ્ત્રોથી ગભરાવાની જરૂર નથી એવી બાંહેધરી આપી એટલે ટ્રમ્પની હિંમત ખૂલી ગઈ છે અને ટ્રમ્પ આરપારની લડાઈ લડીને ઈરાનના ક્રૂડ ઓઈલના ભંડાર પર કબજો કરવા થનગની રહ્યા છે. તેના ભાગરૂપે અમેરિકનોને ઈરાનથી નીકળવા કહી દેવાયું છે એવું કહેવાય છે.

અમેરિકા સત્તાવાર રીતે આ વાત માનવા તૈયાર નથી તેથી સુરક્ષાનું બહાનું કાઢ્યું છે. અમેરિકી દૂતાવાસે અમેરિકન નાગરિકોને અપીલ કરી છે કે, ઈરાનમાં સુરક્ષાની સ્થિતિ સાવ ખરાબ થઈ ગઈ છે તેથી શક્ય તેટલી વહેલી તકે ઈરાન છોડી દો. અમેરિકાની સરકારે તો જે અમેરિકન નાગરિકો પાસે માન્ય અમેરિકી પાસપોર્ટ નથી તેમને ઈરાન છોડ્યા પછી નજીકના અમેરિકી દૂતાવાસમાંથી પાસપોર્ટ બનાવવાની સલાહ પણ આપી છે. આ સલાહનો મતલબ એ થયો કે, અમેરિકન નાગરિકોએ ઈરાનમાંથી બહાર નીકળવા માટે હવાઈ મુસાફરી પર જ નિર્ભર રહેવાની જરૂર નથી પણ જે રસ્તે નીકળાય એ રસ્તે બહાર નીકળો. અમેરિકા પોતાના નાગરિકોને ભાગ્યે જ આવી સલાહ આપે છે.

સામાન્ય રીતે દુનિયામાં ક્યાંય પણ અમેરિકાના નાગરિકો ફસાય તો અમેરિકાની સરકાર પોતે ફસાયેલા નાગરિકોને બહાર કાઢવા માટે કૂદી પડતી હોય છે પણ ઈરાનના કિસ્સામાં અમેરિકાની સરકારે પણ હાથ અધ્ધર કરી દીધા છે. અમેરિકન એમ્બેસીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, અમેરિકન નાગરિકોએ સરકારના ભરોસે બેસી રહેવાના બદલે પોતાની મેળે જ ઈરાનમાંથી બહાર નીકળવું પડશે કેમ કે ઈરાનમાં એ હદે અંધાધૂંધી અને અશાંતિ છે કે, અમેરિકન સરકારના હાથ પણ બંધાયેલા છે. અમેરિકાએ એવી સલાહ પણ આપી છે કે, તાત્કાલિક નીકળવું શક્ય ન હોય તો સુરક્ષિત જગ્યાએ રહીને ખોરાક, પાણી, દવાઓ અને જરૂરી સામાનનો સ્ટોક રાખો. ઇન્ટરનેટ બ્લેકઆઉટ ચાલુ રહેવાની સંભાવના છે તેથી પરિવાર અને મિત્રો સાથે સંપર્ક માટે અન્ય રીતો પણ વિચારી રાખો.

અમેરિકાની સરકારની એ વાત ખોટી નથી કે ઈરાનમાં ખતરો વધ્યો છે પણ આ ખતરો લાંબા સમયથી છે જ. ઈરાનમાં લાંબા સમયથી સરકાર વિરોધી આંદોલન ચાલે છે. તેના કારણે રસ્તાઓ બંધ છે અને પબ્લિક ટ્રાન્સપોર્ટેશન એટલે કે જાહેર પરિવહન ઠપ્પ છે, ઇન્ટરનેટ અને મોબાઇલ-લેન્ડલાઇન સેવાઓ વારંવાર ખોરવાઈ રહી છે. મોટા ભાગની એરલાઇન્સે ઈરાન આવતી-જતી ફ્લાઇટ્સને મર્યાદિત અથવા રદ કરી દીધી છે તેથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. ઈરાનમાં અત્યારે દેખાવકારો અને સરકાર સામસામે આવી ગયા છે. ખામેનીએ પોતાની સામેનો બળવો સત્તાપલટામાં ના ફેરવાય એટલા માટે આર્મી અને પોલીસને દેખાવોને કચડી નાખવા અને દેખાવકારોને પતાવી દેવા સૂચના આપી છે તેથી ક્યારે ક્યાં ગોળી વાગી જાય એ નક્કી નહીં. આ સંજોગોમાં અમેરિકન એમ્બેસીના અધિકારીઓ ફસાયેલા અમેરિકનોને બચાવવા માટે નીકળે તો તેમની પણ ટિકિટ કપાઈ જાય.

ઈરાનના સત્તાવાળા માને છે કે, ઈરાનમાં અત્યારે સળગેલી હોળી અમેરિકાએ સળગાવી છે. અમેરિકાના ઈશારે દેખાવકારો કૂદી રહ્યા છે તેથી પોલીસ અને આર્મીને અમેરિકા સામે વધારે પ્રેમભાવ છે તેથી અમેરિકન નાગરિકો અમેરિકી પાસપોર્ટ બતાવે કે અમેરિકા સાથે સંબંધ બતાવે તો પણ પોલીસ કે આર્મી તેમને જેલમાં ઉઠાવીને નાખી દે એવો ખતરો છે. ઈરાનમાં અંદરના ભાગમાં કોઈ અમેરિકનને જેલભેગો કરી દેવાય તો પછી તેનો કોઈ અતોપતો જ ના રહે કેમ કે મીડિયા કે સોશ્યલ મીડિયા ત્યાં સુધી પહોંચી શકતું નથી. આ સ્થિતિ તો બહુ મહિનાઓથી છે તેથી અમેરિકાને હવે અચાનક પોતાના નાગરિકોની ચિંતા થઈ એ વાત ગળે ઉતરે એવી નથી.

અમેરિકાનો ઈરાનના ક્રૂડ ભંડારો પર વરસોથી ડોળો છે. ઈરાન વિશ્વમાં સૌથી મોટા ક્રૂડ ભંડારો ધરાવતા દેશોમાંથી એક છે પણ શિયા ધર્મગુરુઓનો કબજો હોવાથી અમેરિકા ઈરાનમાં ઘૂસી શકતું નથી. અમેરિકા સાઉદી અરેબિયા સહિતના કટ્ટરવાદી સુન્ની મુસ્લિમ દેશોનો પંપાળે છે તેના કારણે પણ શિયાઓ અમેરિકાને દુશ્મન માને છે. આ કારણે બંનેની દુશ્મનાવટ સમય વિતે છે તેમ ગાઢ બની છે. સમય વિતતાં અમેરિકાનું વર્ચસ્વ પણ દુનિયા પર ઘટ્યું છે ને ટ્રમ્પ અમેરિકાનું વર્ચસ્વ ફરી સ્થાપિત કરવા દુનિયાભરમાં ક્રૂડના ધંધા પર કબજો કરવા હવાતિયાં મારી રહ્યા છે. તેના ભાગરૂપે પહેલાં વેનેઝુએલાને પાડી દીધું ને હવે ઈરાન પર હુમલો કરી જ શકે છે.

અમેરિકાએ ઈરાનને દબાવવા બહુ મથામણ કરી પણ ફાવ્યું નથી. અમેરિકા અને ઈરાને શુક્રવારે ઓમાનમાં વાતચીત કરવા સંમતિ દર્શાવી તેમાં પણ અમેરિકાની ઈરાનના મિસાઈલ કાર્યક્રમને વાટાઘાટોમાં સામેલ કરવાની વાત ઈરાને સ્વીકારી નથી. ઈરાન એ મુદ્દે સ્પષ્ટ છે કે, વાતચીત ફક્ત પરમાણુ મુદ્દા સુધી મર્યાદિત રહેવી જોઈએ. આ સંજોગોમાં વાટાઘાટો સફળ ના થાય ને અમેરિકા હુમલો કરી નાખે એવું બને. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, શનિવાર,
તા. ૭–૨–૨૦૨૬, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૮, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ–૬
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ–૬
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૭ સુધી, પછી સ્વાતિ
- ચંદ્ર કન્યા બપોરે ક. ૧૩–૨૧ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૮, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫–૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૩–૩૧ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૯–૨૮, રાત્રે ક. ૨૧–૨૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માઘ કૃષ્ણ–ષષ્ઠી. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, વિશેષરૂપે મંગળ ગ્રહદેવતાનું પૂજન, વિશેષરૂપે બિલીનું વૃક્ષ વાવવું, પરગામ પ્રયાણ મધ્યમ, મહેંદી લગાવવી, માંગલિક પ્રસંગ નિમિત્તે નવા વાસણ, વસ્ત્રો, નિત્ય થતાં દુકાન–વેપારના કામકાજ, માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ લોકોમા માનીતા, ચંદ્ર–બુધ ત્રિકોણ તીવ્રબુદ્ધિ પ્રતિભા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–બુધ ત્રિકોણ (તા. ૮)
- ગ્રહગોચરઃ સૂર્ય–મકર, મંગળ–મકર, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

# અગ્નિ-૩ મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ ભારતે શુક્રવારે ઓડિશાના ચાંદીપુરસ્થિત ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ ખાતેથી મધ્યમ રેન્જના બેલિસ્ટિક મિસાઈલ અગ્નિ- ૩નું સફળ પરીક્ષણ કર્યું હતું.

આ સફળ પરીક્ષણે મિસાઈલના ઑપરેશનલ અને ટૅક્નિકલ સહિતના તમામ માપદંડોને માન્યતા આપી હતી.

સ્ટ્રેટેજિક ફૉર્સ કમાન્ડની આગેવાનીમાં કરવામાં આવેલા આ પરીક્ષણે સિસ્ટમની વિશ્વસનીયતા અને તૈયારીને સમર્થન આપ્યું હતું. આ સાથે જ અગ્નિ શ્રેણીના મિસાઈલે દેશની વ્યૂહાત્મક ક્ષમતામાં વધારો કરવાનું ચાલુ રાખ્યું છે. અગ્નિ-વન ૭૦૦ કિ.મી., અગ્નિ-ટૂ ૨,૦૦૦ કિ.મી., અગ્નિ-થ્રી ૩,૦૦૦ કિ.મી., અગ્નિ-ફૉર ૪,૦૦૦ કિ.મી. અને અગ્નિ ફાઈવ ૫,૦૦૦ કિ.મી.ની મારક ક્ષમતા ધરાવે છે. (એજન્સી)

# ઓલા, ઉબર, રેપિડોના ડ્રાઈવરોની આજે હડતાળ

બેંગ્લુરુઃ ઓલા, ઉબર અને રેપિડો જેવી એપ મારફતે રાઈડ બૂક કરીને મુસાફરી કરતા લોકો માટે આવતી કાલ શનિવારે આજનો દિવસ પડકારજનક રહી શકે છે. એપ બેઝ્ડ પ્લેટફોર્મ સાથે જોડાયેલા ડ્રાઇવરો દેશવ્યાપી હડતાળ પર ઉતરવાના છે.

તેલંગાણા ગિગ એન્ડ પ્લેટફોર્મ વર્કર્સ યુનિયન અને અન્ય નેશનલ લેબર યુનિયન્સ દ્વારા આયોજિત ડ્રાઇવરોની આ દેશવ્યાપી હડતાળને 'ઓલ ઇન્ડિયા બ્રેકડાઉન' નામ આપ્યું છે,

એક્સ પર એક પોસ્ટમાં ઝત્રક્ષ્ઠઝ એ જણાવ્યું હતું કે, ભારતભરના એપ-બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઓલ ઇન્ડિયા બ્રેકડાઉનમાં જોડાશે. તેમને કોઈ મિનિમમ ફેર નથી મળતું, કોઈ નિયંત્રણો નથી, તેમનું શોષણ થઇ રહ્યું છે.યુનિયને કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઇવે પ્રધાન નીતિન ગડકરીને લખેલા પત્રમાં જણાવ્યું કે દેશભરના એપ-બેઝ્ડ ટ્રાન્સપોર્ટ વર્કર્સના મુદ્દા લાંબા સમયથી પડતર છે અને કોઈ ઉકેલ આપવામાં આવ્યો નથી.

યુનિયને જણાવ્યું હતું કે ઓલા, ઉબર, રેપિડો, પોર્ટર અને અન્ય એગ્રીગેટર પ્લેટફોર્મ્સ સાથે કામ કરતા રાઇડર્સ માટે સરકાર દ્વારા ભાડા નિર્ધારિત કરવામાં આવ્યા નથી, તેથી કંપનીઓ પોતાની રીતે ભાડા નક્કી કરે છે. લાખો ટ્રાન્સપોર્ટ વર્કર્સ આવકની ગંભીર અસલામતી, શોષણ અને અસુરક્ષિત કાર્યકારી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.

જો કે સમગ્ર ભારતના ડ્રાઈવરો આ હડતાળમાં જોડાય એવી શક્યતા ઓછી છે, અલગ અલગ શહેરોમાં હડતાળની અસર ઓછીવત્તી હોઈ શકે છે.

# બિહાર વિધાનસભા ચૂંટણીને પડકારતી જન સુરાજની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટી દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો, જેમાં ચૂંટણી પહેલા આદર્શ આચાર સંહિતા (એમસીસી)ના ઉલ્લંઘનના આધારે ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી રદ કરવાની માગ કરવામાં આવી હતી. પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે દેવાગ્રસ્ત રાજ્યએ એમસીસીના ઉલ્લંઘનમાં, ચૂંટણી પહેલા મુખ્ય પ્રધાન મહિલા રોજગાર યોજના હેઠળ ૧૫,૬૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા, જેના કારણે અન્ય રાજકીય પક્ષોને સમાન તક મળી ન હતી.

ચૂંટણીમાં હાર્યા પછી લોકપ્રિયતા મેળવવા અને રાહત મેળવવા માટે ન્યાયિક મંચનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવા બદલ પાર્ટીની ટીકા કરતા, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચીની બનેલી ખંડપીઠે આ મુદ્દો ફક્ત એક જ રાજ્યનો હોવાથી તેને પટણા હાઇ કોર્ટનો સંપર્ક કરવા કહ્યું હતું.

સીજેઆઈએ કહ્યું કે તમને કેટલા મત મળ્યા? એકવાર લોકોએ તમને નકારી કાઢ્યા, પછી તમે રાહત મેળવવા માટે ન્યાયિક મંચનો ઉપયોગ કરો છો! ત્યારે કોઈએ આ યોજનાને જ પડકારવી જોઈતી હતી. તમે ફક્ત સમગ્ર રાજ્યની ચૂંટણીને રદબાતલ જાહેર કરવા માટે સર્વગ્રાહી દિશાનિર્દેશ ઇચ્છો છો.

ખંડપીઠે કહ્યું કે આ અરજી સમગ્ર રાજ્ય માટે એક સંયુક્ત ચૂંટણી અરજી સિવાય બીજું કંઈ નથી, કારણ કે તે ફક્ત એક જ રાજ્ય સાથે સંબંધિત છે, કૃપા કરીને તે હાઇકોર્ટમાં જાઓ.

ભાજપની આગેવાની હેઠળના એનડીએએ ૨૪૩ સભ્યની વિધાનસભામાં ૨૦૨ બેઠક જીતીને સત્તા જાળવી રાખી હતી, જ્યારે ઇન્ડી બ્લૉકે ૩૫ બેઠકો મેળવી હતી, પણ જન સુરાજ પાર્ટીએ એક પણ જીતી નહોતી, તેના મોટાભાગના ઉમેદવારોએની ડિપોઝિટ જપ્ત થઈ હતી.

પાર્ટીએ સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીમાં રાજ્ય સરકાર પર ચૂંટણી સમયપત્રક જાહેર થયા પછી મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ મહિલા લાભાર્થીઓને ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરીને એમસીસીનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને બંધારણની કલમ ૩૨૪ અને જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૨૩ હેઠળ કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના રાજ્યમાં સ્વરોજગાર અને નાના વ્યવસાયોને પ્રોત્સાહન આપવા માટે મહિલાઓને ૧૦,૦૦૦ રૂપિયાની પ્રારંભિક નાણાકીય ગ્રાન્ટ પૂરી પાડે છે.

# કર્ણાટકમાં ૩૩ ગામમાં સાંજે બે કલાક ટીવી, મોબાઈલ સાવ બંધ

## બાળકો ભણી શકે એ માટે લેવાયો છે આ નિર્ણય

બેંગ્લુરુઃ આજની પેઢીમાં મોબાઈલ બાળકોમાં એક દૂષણ બની ગયું છે. આ મોબાઈલનું દૂષણ બાળકના અભ્યાસમાં એક મોટો અવરોધ બની ગયું છે. ત્યારે આ દૂષણને અવરોધ બનતો અટકાવવા માટે કર્ણાટકની એક નહીં પણ ૩૩ જેટલી ગ્રામ પંચાયતોએ એક એવો નિર્ણય લીધો છે, જે મુજબ હવે ગામમાં ભણતરનો માહોલ બની રહે તે માટે અમુક સમય મુજબ દિવસમાં બે કલાક દરમિયાન ટેલિવિઝન, મોબાઈલ સહિતનો ઉપયોગ નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, કર્ણાટકના હાવેરી જિલ્લામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને સુધારવા માટે એક અત્યંત પ્રેરણાદાયી અને અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. પરીક્ષાઓના નજીક આવતા સમયને ધ્યાનમાં રાખીને, અહીંની ગ્રામ પંચાયતોએ સામૂહિક રીતે દરરોજ સાંજે સાતથી નવ વાગ્યા સુધી ગામના તમામ ઘરોમાં મોબાઈલ ફોન અને ટેલિવિઝન ફરજિયાતપણે બંધ રાખવાનો આદેશ આપ્યો છે. જેનો મુખ્ય હેતુ બાળકોને ડિજિટલ વિક્ષેપોથી દૂર રાખી અભ્યાસ માટે શાંત અને એકાગ્ર વાતાવરણ પૂરું પાડવાનો છે.

આ આદેશને માત્ર કાગળ પર મર્યાદિત રાખવાને બદલે, તંત્ર દ્વારા તેને અસરકારક રીતે લાગુ કરવા માટે પૌરાણિક પદ્ધતિનો સહારો લેવામાં આવ્યો છે. હાવેરી તાલુકાની તમામ ૩૩ ગ્રામ પંચાયતોના વિકાસ અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે તેઓ ગામડે-ગામડે જઈને 'ઢોલ વગાડીને' જાહેરમાં આ અંગેની જાહેરાત કરે.

# દિલ્હીમાં સુપરટેકની સ્કીમમાં ફસાયેલા ૫૧ હજાર પરિવારોને ઘર મળશેઃ સુપ્રીમ કોર્ટનો આદેશ

નવી દિલ્હીઃ દેશની રાજધાની દિલ્હી-એનસીઆર વિસ્તારમાં પોતાના ઘરનું સપનું જોઈ રહેલા હજારો રિવારો માટે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક અને રાહતજનક ચુકાદો આપ્યો છે. છેલ્લા ૧૫ વર્ષથી આવાસની રાહ જોઈ રહેલા સુપરટેક બિલ્ડરના આશરે ૫૧,૦૦૦ ફ્લેટ ધારકોના હિતમાં કોર્ટે મહત્ત્વનો નિર્ણય સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે સુપરટેકના તમામ લટકતા પ્રોજેક્ટ્સ હવે સરકારી બાંધકામ કંપની એનબીસીસી દ્વારા પૂર્ણ કરવામાં આવશે. આ નિર્ણયથી એવા પરિવારોમાં ખુશીની લહેર જોવા મળી છે જેમણે ૨૦૦૯થી ૨૦૧૧ દરમ્યાન પોતાની જીવનભરની મૂડી ઘર બુક કરાવવામાં લગાવી દીધી હતી.

સુપરટેક ગ્રુપની મુશ્કેલીઓની શરૂઆત નોએડાના એમરલ્ડ કોર્ટ પ્રોજેક્ટથી થઈ હતી, જ્યાં નિયમો વિરુદ્ધ બાંધવામાં આવેલા બે ૪૦ માળના ટાવરને સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ઓગસ્ટ, ૨૦૨૨માં તોડી પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ કંપનીની આર્થિક સ્થિતિ કથળી હતી અને બેંકોનું લેણું વધતા તેની સામે નાદારીની પ્રક્રિયા શરૂ થઈ હતી. ઈડીની તપાસમાં ખુલાસો થયો હતો કે બિલ્ડરે ખરીદદારોના કરોડો રૂપિયા અન્ય શેલ કંપનીઓમાં ટ્રાન્સફર કરી મની લોન્ડરિંગ કર્યું હતું. આ છેતરપિંડીના આરોપસર જૂન ૨૦૨૩માં કંપનીના ચેરમેન આર.કે. અરોરાની ધરપકડ કરવામાં આવી હતી, જેના કારણે પ્રોજેક્ટ્સનું કામ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું હતું. ફ્લેટ ખરીદદારોની વેદનાને ધ્યાને લેતા સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતું કે છેલ્લા દોઢ દાયકામાં લોકોની આખી પેઢી બદલાઈ ગઈ છે, છતાં તેમને ઘરની ચાવી મળી નથી. ઘણા લોકો ભાડું અને હોમ લોનના હપ્તા બંને ભરીને આર્થિક રીતે પાયમાલ થઈ ગયા છે. કોર્ટે એનબીસીસીને આગામી બે વર્ષમાં આ ૫૧,૦૦૦ ફ્લેટ્સનું બાંધકામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક આપ્યો છે.

પહેલા પાનાનું ચાલુ

### ઓમાનની

રાજદ્વારી અને તકનીકી વાટાઘાટો ફરી શરૂ કરવા માટે યોગ્ય પરિસ્થિતિઓ બનાવવા પર કેન્દ્રિત હતી કારણ કે બંને પક્ષો કાયમી સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવા માટે તેમની સફળતા સુનિશ્ચિત કરવા માટે કટિબદ્ધ છે.

ઈરાન કે અમેરિકન પક્ષ તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી. ન્યૂઝ એજન્સી એસોસિએટેડ પ્રેસના પત્રકારોએ ઓમાનની રાજધાની મસ્કતની બહારના એક ઈન્ટરનેશનલ એરપોર્ટની પાસે ઈરાની અધિકારીઓને જોયા હતા. થોડા સમય પછી કાફલો ઈરાની અધિકારીઓને તેમને હોટલમાં લઈ જવા રવાના થયો હતો. ઈરાની રાજ્ય મીડિયાએ સ્વીકાર્યું કે વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી તેમના ઓમાની સમકક્ષ બદ્ર અલ-બુસૈદી સાથે મળ્યા હતા.ઈરાની વાહનો ગયા પછી જ બીજો કાફલો જેમાં અમેરિકન ધ્વજ લહેરાતી હોય તેવો પરિસરમાં દાખલ થયો હતો અને લગભગ દોઢ કલાક રોકાયો હતો.

બાદમાં ઓમાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે અલ-બુસૈદીએ અલગથી અરાઘચી સાથે મુલાકાત કરી હતી અને પછી અમેરિકાના મિડલ ઈસ્ટના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથે પણ અલગથી મુલાકાત કરી હતી. ઓમાને કહ્યું કે સુરક્ષા અને સ્થિરતા પ્રાપ્ત કરવામાં પક્ષકારોની સફળતા સુનિશ્ચિત કરવાના દૃઢ નિશ્ચયને ધ્યાનમાં રાખીને આ વાટાઘાટોના મહત્વને સુનિશ્ચિત કરીને રાજદ્વારી અને તકનીકી વાટાઘાટો ફરી શરૂ કરવા માટે યોગ્ય પરિસ્થિતિઓ તૈયાર કરવા પર પરામર્શ કેન્દ્રિત હતો હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી કે વાતચીત સમાપ્ત થઈ છે કે નહીં. જોકે અમેરિકાના અધિકારીઓ બહાર નીકળ્યા પછી ઓમાનના અધિકારીઓ પણ મહેલમાંથી બહાર નીકળી ગયા હતા.

જૂનમાં ઇઝરાયલ દ્વારા ઇરાન સામે ૧૨ દિવસના યુદ્ધની શરૂઆત બાદ બંન્ને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. તે યુદ્ધ દરમિયાન અમેરિકાએ ઈરાની પરમાણુ સ્થળો પર બોમ્બમારો કર્યો હતો. ઇઝરાયલના હુમલાઓએ ઈરાનના હવાઈ સંરક્ષણને બરબાદ કરી દીધા હતા અને તેના બેલિસ્ટિક મિસાઇલ ભંડારને પણ નિશાન બનાવ્યો હતો. ૨૦૨૫માં ઈરાન અને અમેરિકા વચ્ચેની અગાઉની વાટાઘાટોમાં ઓમાન દ્વારા આ જ મહેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ટ્રેડ ડીલને

પર રાખવા માટે મતદાન કર્યું હતું.

આરબીઆઈએ તેનું તટસ્થ નીતિ વલણ જાળવી રાખ્યું હતું, જે સંકેત આપે છે કે તે હાલ માટે હોલ્ડ પર રહેવાની શક્યતા છે.

એમપીસીના નિર્ણયોની જાહેરાત કરતા, આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે બાહ્ય અવરોધો તીવ્ર બન્યા છે, પરંતુ અમેરિકા સાથેના વેપાર કરાર અર્થતંત્ર માટે સારા છે. ફેબ્રુઆરી ૨૦૨૫થી આરબીઆઈએ કુલ ૧૨૫ બેસિસ પોઈન્ટનો દર ઘટાડ્યો છે, જે ૨૦૧૯ પછીનો તેનું સૌથી આક્રમક સરળતા ચક્ર છે. ડિસેમ્બરમાં તેની પાછલી બેઠકમાં તેણે પચીસ બેસિસ પોઈન્ટનો દર ઘટાડ્યો હતો.વધતા ભૂ-રાજકીય તણાવ અને વધેલી અનિશ્ચિતતા વચ્ચે, ભારતીય અર્થતંત્ર મજબૂત વૃદ્ધિ અને નીચા ફુગાવા સાથે સારી સ્થિતિમાં છે. ફુગાવો સહિષ્ણુતા બેન્ડથી નીચે રહે છે અને તેનો અંદાજ હજુ પણ સૌમ્ય રહે છે, એમ તેમણે કહ્યું હતું. ચાલુ નાણાકીય વર્ષમાં ફુગાવો સરેરાશ બે ટકાની નજીક રહેવાની ધારણા છે, જે કેન્દ્રીય બેંકના ૪ ટકાના લક્ષ્યાંકથી નીચે છે. ૩૧ માર્ચે પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષ માટે જીડીપી વૃદ્ધિ ૭.૪ ટકા રહેવાની આગાહી છે.

### પરીક્ષા

કરો. દરેકની સલાહ સાંભળો, પરંતુ તમને ઈચ્છા થાય ત્યારે જ તમારી જીવનશૈલી બદલો. પરીક્ષા પે ચર્ચા ૨૦૨૬ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે આરામદાયક પરિસ્થિતિ તમારા જીવનને આકાર નથી આપતી, પરંતુ તમારી જીવનશૈલી આપે છે. શિક્ષણ બોજ ન બનવું જોઈએ. તમે તેમાં ઓતપ્રોત થઈ જવા જોઈએ. ટુકડે ટુકડે શિક્ષણ સફળતાની ખાતરી નથી આપતું. વિદ્યાર્થીઓના જૂથને તેમણે કહ્યું હતું કે તમારા માતાપિતા, શિક્ષકો કે બરોબરિયા ગમે તે કહે. પોતાનામાં વિશ્વાસ રાખો અને દરેકના સૂચનોને ધ્યાન પર લઈને જીવનમાં આગળ વધો. આપણું લક્ષ્ય ક્ષમતા બહારનું નહીં, પરંતુ તે સાધી શકાય તેવું હોવું જોઈએ. મનને કેળવો અને જરૂરી વિષયનો અભ્યાસ કરશો તો તમને જરૂર સફળતા મળશે. માર્ક્સનું વળગણ ન રાખવાને મામલે વિદ્યાર્થીઓને સાવધ રહેવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે ગયા વર્ષના ટોપર્સનું નામ કોઈને યાદ છે?.માત્ર થોડા સમય પૂરતી તેમની પ્રશંસા થાય છે ત્યાર બાદ બધા તેમને ભૂલી જાય છે એમ જણાવી મોદીએ માર્ક્સનું મહત્વ કેટલું ઓછું હોય છે તેના પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે શિક્ષણ એ માત્ર આપણા વિકાસનું માધ્યમ છે. મોદીએ વિદ્યાર્થીઓને પોતાના ચાવીરૂપ વિકાસ માટે જરૂરી એવા અભ્યાસ, આરામ, કુશળતા અને હૉબી વચ્ચે સંતુલન જાળવવા જણાવ્યું હતું. (એજન્સી)

### ભારત છક્કીવાર

**કપિલ પછી હવે વૈભવનું નામ લેવાશે**

એ પહેલાં, વૈભવ સૂર્યવંશીની (૧૯૮૩ના કપિલ દેવની ઝિમ્બાબ્વે સામેની અણનમ ૧૭૫ રન જેવી) ૧૭૫ રનની ધમાકેદાર બૅટિંગ પરથી પ્રેરણા લઈને ભારતીય બૅટ્સમેનોએ ઇંગ્લૅન્ડ સામે છેક છેલ્લા બૉલ સુધી ફટકાબાજી કરી હતી અને ૫૦ ઓવરમાં નવ વિકેટે ૪૧૧ રન બનાવીને બ્રિટિશ ટીમને ૪૧૨ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. ભારતના ૪૦૦-પ્લસ રન આ ટૂર્નામેન્ટનો તમામ ટીમોમાં હાઇએસ્ટ સ્કોર છે.

**વૈભવ ૫૦૦નો સ્કોર અપાવી શક્યો હોત**

જો વૈભવ સૂર્યવંશી ક્રીઝ પર વધુ ટક્યો હોત તો ભારતે કદાચ ૫૦૦ રન પણ બનાવી લીધા હોત. કૅપ્ટન આયુષ મ્હાત્રે (૫૩ રન, ૫૧ બૉલ, બે સિક્સર, સાત ફોર), અભિજ્ઞાન કુન્ડુએ (૪૦ રન, ૩૧ બૉલ, એક સિક્સર, છ ફોર), કનિષ્ક ચૌહાણ (અણનમ ૩૭ રન, ૨૦ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર), વેદાંત ત્રિવેદી (૩૨ રન, ૩૬ બૉલ, ત્રણ ફોર) અને વિહાન મલ્હોત્રા (૩૦ રન, ૩૬ બૉલ, બે ફોર)ના પણ ભારતના ૯/૪૧૧ના સ્કોરમાં મહત્ત્વના યોગદાન હતા.

### પાકિસ્તાનમાં

અલ ખ્વારજી સાથે સંકળાયેલો હતો. આ શબ્દ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન(ટીટીપી) માટે વપરાય છે. બચાવ દળો અને પોલીસ હુમલા સ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. હુમલાને પગલે રાજધાનીની હોસ્પિટલોમાં કટોકટી જાહેર કરવામાં આવી હતી.આ હુમલો ઇસ્લામાબાદમાં જિલ્લા અને સત્ર અદાલત ભવનની બહાર થયેલા વિસ્ફોટના ત્રણ મહિનાથી પણ ઓછા સમયમાં થયો છે. જેમાં એક આત્મઘાતી હુમલાખોરે ૩૧ લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા. તાજેતરનો હુમલો એવા સમયે થયો છે જ્યારે ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ શાવકત મિર્ઝિયોયેવ પાકિસ્તાનની મુલાકાતે હતા. તેઓ ગુરુવારના રોજ બે દિવસની રાજકીય યાત્રાએ અહીં પહોંચ્યા હતા.

### નીટ-પીજી

કેસની સુનાવણી બે અઠવાડિયા બાદ હાથ ધરવાનું મુકરર કર્યું હતું. એક તરફ બેઠક નકામી ન જાય તેનું આપણે ધ્યાન રાખવાનું છે અને સાથે સાથે એ પણ દબાણ રહે છે કે ઉમેદવારો નથી આવતા તો મહેરબાની કરીને કટ્ઑફમાં ઘટાડો કરો તો બીજી તરફ એ પ્રકારની દલીલ થાય છે કે કટ્ઑફ ઘટાડવામાં આવ્યો છે અને વળતી દલીલ કરાય છે કે બેઠક નકામી જઈ રહી છે એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે ક્યાંક તો સંતુલન જળવાવું જોઈએ.અરજકર્તા વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ ગોપાલ શંકરનારાયણે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે અસાધારણ કારણ વિના પીજી એડમિશન માટે કટ્ઑફ માર્ક્સમાં ઘટાડો ન કરવો જોઈએ. (એજન્સી)

## મુખ્ય પ્રધાનની સુરેન્દ્રનગરના વિકાસને વેગ આપવા ૫૩૯.૨૬ કરોડનાં વિકાસ કામોની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સુરેન્દ્રનગર જિલ્લાના વિકાસને વેગ આપવા માટે ૫૩૯.૨૬ કરોડના વિકાસ કામોની ભેટ આપી હતી. સુરેન્દ્રનગર શહેરના પંડિત દીનદયાળ ઉપાધ્યાય ટાઉન હોલ ખાતેથી મુખ્ય પ્રધાને ૪૫૭.૨૧ કરોડના ખર્ચે ૨૫ જેટલાં નવાં કામોનું ખાતમુહૂર્ત અને ૮૨.૦૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૮ જેટલા પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્ય પ્રધાનએ શહેરી વિકાસ વિભાગના રૂ. ૬૩.૧૭ કરોડના પાંચ કામો અને પ્રાથમિક, માધ્યમિક તથા પ્રૌઢ શિક્ષણ વિભાગના રૂ. ૧૮.૮૮ કરોડના ત્રણ કામોનું લોકાર્પણ કર્યું હતું. જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રૂ. ૨૩૩.૩૪ કરોડના ૨૩ કામો તેમજ માર્ગ અને મકાન વિભાગના રૂ. ૨૨૩.૮૭ કરોડના બે મહત્ત્વપૂર્ણ કામોનું ખાતમુહૂર્ત કર્યું હતું. તે ઉપરાંત મુખ્ય પ્રધાને મૂળી તાલુકામાં ૨.૪૯ કરોડના ખર્ચે સેકન્ડરી સ્કૂલનું બાંધકામ, સાયલા તાલુકાના શાપર ગામે ૫.૯૮ કરોડના ખર્ચે ૧૫૦ની ક્ષમતા ધરાવતી કેજીબીવી અને ટીટોડા ગામે ૧૦.૪૧ કરોડના ખર્ચે ૩૫૦ની ક્ષમતા ધરાવતી કેજીબીવીનું બાંધકામ, વઢવાણ શહેરમાં અમૃત ૨.૦ યોજના અંતર્ગત ૪૨.૨૬ કરોડના ખર્ચે નલ સે જલ યોજના, ૮.૫૭ કરોડના ખર્ચે બસ સ્ટેન્ડ પાછળ રિવરફ્રન્ટનું કામ તેમજ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૫.૭૦ કરોડના ડામર રસ્તા અને ૪.૬૪ કરોડના ખર્ચે બનેલા સી.સી. રસ્તા ખુલ્લા મૂકવામાં આવ્યા છે. રૂ.૮૩.૬૫ કરોડના ખર્ચે વઢવાણ-ખોલડીયાદ-ફુલગ્રામરોડનું મજબૂતીકરણ તેમજ ૧૪૦.૨૨ કરોડના ખર્ચે સુરેન્દ્રનગરમાં કેટેગરી-સીટાઈપના ૧૬૮ ક્વાર્ટર્સ અને બીટાઈપના ૧૫૬ ક્વાર્ટર્સ સહિત કુલ ૩૨૪ ક્વાર્ટર્સનું નિર્માણ થશે. વઢવાણમાં ૫૫.૭૮ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ એક્સટેન્શન, ૫૫.૨૭ કરોડના ખર્ચે પાણી પુરવઠાનાં કામો, ૧૦.૭૯ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ અને ૧૫.૯૫ કરોડના ખર્ચે વઢવાણ હેરિટેજ સિટીફેઝ-૧નું કામ, મનપા વિસ્તારમાં ૧૧.૯૩ કરોડના ખર્ચે રંભાબેન ટાઉનહોલ અને લાઇબ્રેરીનું નવીનીકરણ, ૩ કરોડના ખર્ચે નોલેજ સેન્ટર અને ઇ-લાઇબ્રેરી, ૯.૭૦ કરોડના ખર્ચે ફાયરનાં સાધનોની ખરીદી, ૧૦.૦૧કરોડના ખર્ચે નોર્થ ઝોનમાં ફૂડપાર્ક અને ૫.૪૬ કરોડના ખર્ચે સાઉથ ઝોનમાં શાક માર્કેટ હોકર્સઝોન બનશે. સુરેન્દ્રનગરના બોડા તળાવના વિકાસ માટે ૭.૭૦ કરોડ, ખેરાળી અને મૂળચંદ ગામે તળાવ ડેવલપમેન્ટ માટે અનુક્રમે ૧.૧૨ કરોડ અને ૧.૧૨ કરોડ, ૧.૫૦ કરોડના ખર્ચે મિયાવાકી થીમ ફોરેસ્ટ તૈયાર કરાશે. રમતગમત માટે માળોદ ગામે ૧.૩૩ કરોડના ખર્ચે પ્લે-ગ્રાઉન્ડ અને ૫૩ લાખના ખર્ચે કડિયા નાકા બનાવવાનું કામપણ કરાશે.

શહેરની આંતરમાળખાકીય સુવિધાઓ માટે ૯ કરોડના ખર્ચે ડેકોરેટિવ પોલ અને લાઇટિંગ, ૬ કરોડના ખર્ચે સ્ટ્રીટલાઇટ મેન્ટેનન્સ, ૩.૭૫ કરોડના ખર્ચે રોડરિ-સર્ફેસિંગ, ૨ કરોડના ખર્ચે ચાર કોમ્યુનિટી હોલનું રિનોવેશન, ૧૨.૪૦ કરોડના ખર્ચે ખમીસાણા ડમ્પિંગ સાઇટ ખાતે વેસ્ટ નિકાલ, ૨ કરોડના ખર્ચે ઓફિસ ફર્નિચર અને ૬ કરોડના ખર્ચે ઝોનલ મેશનરી કામોનું પણ ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

## ડીજે મુદ્દે વિક્રમ ઠાકોરનો સમાજ સામે બળવો: ગેનીબેન પર કટાક્ષ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઠાકોર સમાજ દ્વારા બંધારણ ઘડવામાં આવ્યું તેમાં ડીજે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમ છતાં ઠાકોર સમાજના કેટલાક કલાકારોએ ડીજે વગાડ્યું હોવાનો આક્ષેપ થયો હતો, જેમાં ખાસ કરીને ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરની ચર્ચા થઈ રહી હતી.

ઠાકોર સમાજે ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરને એક વર્ષ માટે સમાજમાંથી બહાર કરી દેવામાં આવ્યાં હોવાનો નિર્ણય લીધો હતો, જેના કારણે ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરે સમાજ સામે બાંયો ચઢાવી હતી. હવે ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરની જેમ વિક્રમ ઠાકોરે પણ સમાજ સામે બાંયો ચઢાવી છે.

વિક્રમ ઠાકોરે કહ્યું કે, જો ડીજે વગાડવાનું બંધ કરાવશો તો અનેક કલાકારો બેરોજગાર થઈ જશે. અમારી બાજુ તો ડીજે બંધ નહીં જ થાય. ડીજે બંધ કરાવવાનો નિર્ણય જ ખોટો છે. જો કોઈ બંધ કરાવવા આવે તો મને ફોન કરજો. ડીજેથી દારૂ પીવાય અને ઝઘડા થાય એ વાત ખોટી છે. એટલે કે વિક્રમ ઠાકોરે સ્પષ્ટ રીતે સમાજ સામે બળવો કર્યો છે. ઠાકોર સમાજમાં ડીજે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો તે તદ્દન ખોટો હોવાનો દાવો વિક્રમ ઠાકોરે કર્યો છે.

એક કાર્યક્રમમાં વિક્રમ ઠાકોરે કહ્યું કે, 'ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરને નાત બહાર મૂકી દીધા છે. તેમણે કંઇક ડીજે કર્યું હતું, જ્યારે ઠાકોર સમાજનું સંમેલન હતું સેક્ટર ૧૧માં ત્યારે મે ગેનીબેનને વિનંતી કરી હતી, ગેનીબેનને! ત્યારે ગેનીબેન એવું કહેતા હતા કે ભાઇ મે બંધારણ નથી ઘડ્યું, પણ બોલ્યા તો હતા તમે ને? પેલા આગળ તો તમે આવ્યા હતા ને? તમે બોલ્યા હતા ને? તો બધા બનાસકાંઠાના ઠાકોર સમાજના જે આગેવાનોએ બધું બંધારણ કર્યું હશે. બરાબર છે, બંધારણ કર્યું. ઠાકોર સમાજમાં ઘણાં બધા એવા કુરિવાજો હતા તે દૂર થશે.'

ઠાકોર સમાજના બધા આગેવાનોએ જે બહુ સારું કામ કર્યું છે, પણ તેમા ડીજેના જે કલાકારો હતા તે બિચાર ઘરે બેસી ગયાં. જે આગેવાનોએ બંધારણ ઘડ્યું તે આગેવાનોને પણ ખબર નથી કે ડીજે એટલે શું? એ લોકો શું કહેતા હતા કે ડીજેમાં, ડીજે વગાડશો એટલે બધા ભેગા થશે અને નાચસે કૂદશે, દારૂ પીશે અને ઝઘડા થશે. એવું જરૂરી નથી. કોઈ ઢોલ વગાડે તોય દારૂ પીનારો પીવાનો જ છે. ઝઘડા કરનારો ઝઘડા કરવાનો જ છે.

## દેવાયત ખવડ પ્રખ્યાત નહીં, પરંતુ કુખ્યાત છે: ગુજરાત હાઈ કોર્ટ

અમદાવાદ: લોકસાહિત્યકાર અને જાણીતા ડાયરા કલાકાર દેવાયત ખવડ અમદાવાદના ચાંગોદરમાં તેની સામે નોંધાયેલો કલમ ૩૦૭નો કેસ રદ કરવા ગુજરાત હાઇ કોર્ટમાં ક્વોશિંગ પિટિશન કરી હતી. દેવાયત ખવડની ફરિયાદ રદ કરવા કરાયેલા ક્વોશિંગ પિટિશન પર સુનાવણી થઈ હતી. જેમાં ફરિયાદી ધ્રુવરાજ ચૌહાણ અને આરોપી દેવાયત ખવડ વચ્ચે સમાધાન થયું હોવાથી બંને પક્ષના વકીલે હાઇ કોર્ટમાં ફરિયાદ રદ કરવાની માગ કરી હતી.

આ ક્વોશિંગ પિટિશન વાંચતા જ હાઈ કોર્ટે ખવડનો ઉધડો લેતા એવો વેધક સવાલ કર્યો હતો કે, ૩૦૭ની કલમમાં કઈ રીતે સમાધાન થઈ શકે, હાઇ કોર્ટ પ્રથમ દૃષ્ટિએ જ માન્યું હતું કે, દેવાયત ખવડ પ્રખ્યાત નહીં પરંતુ કુખ્યાત છે. લોકસાહિત્યકાર દેવાયત ખવડ પર કુલ ૬ જેટલા નાના મોટા ગુના નોંધવામાં આવ્યા છે. હાઈ કોર્ટે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં દેવાયત ખવડ સામે નોંધાયેલી ફરિયાદ મામલે બંને પક્ષકારોને હાજર રહેવા હુકમ કર્યો હતો. આ સાથે જ હાઈ કોર્ટે તપાસ અધિકારીને તપાસ રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટમાં આ ક્વોશિંગ પિટિશન અંગેની વધુ સુનાવણી આગામી ૧૯ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

## પોલીસ સ્ટેશનમાં અરજી બાદ કાર્યવાહીમાં વિલંબ: ૩૫ સિનિયર આઇપીએસને જવાબદારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરિયાદીઓની અરજી અંગે પોલીસ કાર્યવાહી ન કરતી હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. આ સમસ્યાના નિરાકરણ માટે રાજ્ય સરકાર હરકતમાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા ૩૪ જિલ્લાઓની એસપી કચેરીની કામગીરી પર દેખરેખ રાખવા માટે ૩૫ સિનિયર આઇપીએસને જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉચ્ચ પોલીસ અધિકારીઓ મહિનામાં બે વાર પોતાને સોંપાયેલા જિલ્લાની મુલાકાત લેશે અને અરજીઓની માહિતી મેળવશે. જરૂર પડશે તો અરજદારની પણ મુલાકાત કરશે. જે અરજીઓ દફતરે કરવામાં આવે છે તેની પણ ચકાસણી કરશે.

મહિનાના પ્રથમ અઠવાડિયામાં ટૂર પ્રોગ્રામ બનાવી તેની નકલ અગાઉથી જે તે સંબંધિત એકમને મોકલવાની રહેશે. બીજા અને ત્રીજા અઠવાડિયામાં ટૂર પ્રોગ્રામ પૂર્ણ કરી, કરેલ કાર્યવાહીનો અહેવાલ માસના ચોથા અઠવાડિયામાં ગૃહ વિભાગ અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીએ મોકલી આપવાનો રહેશે. નાયબ મુખ્ય પ્રધાનના કાર્યાલયના સંદર્ભ, ગૃહ વિભાગ તરફથી મળતા પત્રો, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીના રેફરન્સ, પોલીસ અધિક્ષકની કચેરીઓ તરફથી મળતી અરજીઓ તથા સ્થાનિક કક્ષાએ આવેલ અરજદારની અરજીઓનું યોગ્ય અને સમયમર્યાદામાં નિરાકરણ થયેલ છે કે કેમ? તે જોવાનું રહેશે તેમજ દફતરે થયેલી અરજીઓ પૈકી ૧૦ થી ૧૫ અરજદારનો રૂબરૂ સંપર્ક કરીને ખરેખર તેઓની અરજીઓ દફતરે કરવા લાયક હતી કે કેમ? તેની ચકાસણી કરવાની રહેશે.

## રાજકોટના જંગલેશ્વરમાં ડિમોલિશનની તૈયારી

### મનપાએ દબાણો દૂર કરવા કેવિએટ દાખલ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ શહેરના જંગલેશ્વર વિસ્તારમાં અને ટી.પી. સ્કીમ નંબર ૬ હેઠળના વિવિધ પ્લોટ પર વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની ઝુંબેશમાં હાલ નવો વળાંક આવ્યો છે. જંગલેશ્વરના જે પ્લોટ પર અતિક્રમણ દૂર કરવાનું આયોજન હતું, તે પૈકીના બે પ્લોટ જે કલેક્ટર હસ્તક આવે છે, તેના પરની કામગીરી ગુજરાત હાઇ કોર્ટના આદેશને પગલે સ્થગિત રાખવામાં આવી છે. જંગલેશ્વરના ડિમોલિશનના અસરગ્રસ્તોની અરજીનો જ્યાં સુધી ગુજરાત રેવન્યૂ ટ્રિબ્યૂનલ તરફથી નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી તંત્રને સ્ટેનો આદેશ અપાયો છે. જો કે હવે કોર્પોરેશને બુલડોઝર ફેરવવાનું મન બનાવ્યું હોય તેમ જંગલેશ્વર વિસ્તારમાં ૧૫.૦૦ મીટરના ટી.પી. રોડના દબાણ દૂર કરવા બાબતે રાજકોટ કોર્ટમાં કેવિએટ દાખલ કરી છે. વોર્ડ નં. ૧૬ ના જંગલેશ્વર વિસ્તારમાં ૧૫.૦૦ મીટરના ટી.પી. રોડ જે રાજકોટ મનપાની માલિકીના છે, તેના પર કોર્પોરેશન દ્વારા કાયદાકીય ક્વચ મેળવવાની પ્રક્રિયા તેજ કરવામાં આવી છે. મનપાએ તકેદારીના ભાગરૂપે પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજની કોર્ટમાં 'કેવીએટ' દાખલ કરી હતી. આ કેવીએટનો મુખ્ય હેતુ એ છે કે જો આ પ્લોટ પરના દબાણદારો અથવા કોઈ અન્ય પક્ષકાર દ્વારા મનપાની કામગીરી વિરુદ્ધ કોર્ટમાંથી મનાઈ હુકમ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે, તો કોર્ટે મનપાનો પક્ષ સાંભળ્યા વગર કોઈ પણ એકપક્ષીય આદેશ આપવો નહીં.

## વડોદરામાં ભ્રષ્ટાચારે માઝા મૂકી, 30 વર્ષ બાદ બનેલો રોડ માત્ર ૪૮ કલાકમાં જ તૂટી ગયો

અમદાવાદ: વડોદરામાં ભ્રષ્ટાચારે તમામ હદો વટાવી દીધી છે. અહીં નવાયાર્ડના સરસ્વતીનગર વિસ્તારમાં ૩૦ વર્ષ બાદ રોડ બને છે, અને તે માત્ર ૪૮ કલાકમાં જ તૂટી જાય છે. ચૂંટણી ટાણે તંત્ર દ્વારા ૩૦ વર્ષ બાદ રોડ બનાવવામાં આવે છે અને તેમાં એવો ભ્રષ્ટાચાર થયો કે, રોડ ૨ દિવસ પણ ચાલ્યો નથી. રોડની કામગીરી આવી ગેરરીતિ સામે આવવા લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ૪૮ કલાક પહેલા બનેલો રોડ તૂટી જતાં અનેક સવાલો ઊભા થયાં છે. વડોદરા શહેરના નવાયાર્ડના સરસ્વતીનગરમાં બનાવેલા રોડ પર હાથથી જ રોડ ઉખડી રહ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો મુખ્ય પ્રધાનના આદેશને ઘોળીને પી ગયાં છે. ભ્રષ્ટાચાર આચરવામાં આ લોકો સૌથી મોખરે છે. તંત્રની આવી કામગીરીના કારણે લોકો પરેશાન થઈ રહ્યાં છે. તંત્ર દ્વારા કોન્ટ્રાક્ટરો પર કોઈ જ કાર્યવાહી નથી કરવામાં આવી તેવો પણ સ્થાનિકોએ આક્ષેપ લગાવ્યો હતો. લાખો રૂપિયાના ખર્ચે રોડ બનાવવામાં આવ્યો પરંતુ રોડની કામગીરીમાં માત્ર ભ્રષ્ટાચારનું કામ થયું છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, બ્રિજ શાખાના કાર્યપાલક ઈજનેરે કહ્યું હતું કે, બાજવાનો બ્રિજ અમે નથી બનાવ્યો તેને રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ દ્વારા બનાવવામાં આવ્યો છે. આ વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ નથી. રોડની ગુણવત્તા તપાસ્યા બાદ કોન્ટ્રાક્ટર ડી.બી.પટેલ સામે કાર્યવાહી કરાશે. પરંતુ સ્થાનિકોનું કહેવું છે તંત્ર દ્વારા માત્ર આશ્વાસન આપવામાં આવે છે, કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. વડોદરામાં રોડ તૂટવા મામલે અધિકારીએ છટકબારી શોધી રહ્યાં છે.

## અમદાવાદ-શારજાહ વચ્ચે ડાયરેક્ટ ફ્લાઇટ શરૂ: સપ્તાહમાં પાંચ દિવસ સંચાલિત થશે

અમદાવાદ: શહેરથી સંયુક્ત આરબ અમિરાત (યુએઇ) ના શારજાહ વચ્ચે નવી સીધી ફ્લાઇટ સેવા શરૂ કરવામાં આવી છે. સ્પાઈસ જેટની ફ્લાઇટ સેવા શરૂ થતાં ગુજરાત અને યુએઇ વચ્ચે મુસાફરી કરવી વધુ ઝડપી અને સરળ બનશે. પ્રત્યેક અઠવાડિયામાં પાંચ દિવસ આ ડાયરેક્ટ ફ્લાઇટનો લાભ મુસાફરો લઈ શકશે. અમદાવાદ-શારજાહ ફ્લાઇટ દર સોમવાર, મંગળવાર, શુક્રવાર, શનિવાર અને રવિવાર એમ સપ્તાહમાં ૫ દિવસ સંચાલિત થશે. ફ્લાઈટ એસજી ૦૯૫ અમદાવાદથી સવારે ૮:૫૦ કલાકે ઉડાન ભરશે અને ૧૧:૦૦ કલાકે શારજાહ પહોંચશે. પરત ફરતી ફ્લાઈટ એસજી ૦૯૬ બપોરે ૧૨:૦૦ કલાકે શારજાહથી રવાના થઈ સાંજે ૪:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર પહોંચશે.

અમદાવાદ-શારજાહ ફ્લાઇટની ટિકિટનું શરૂઆતનું એકતરફી ભાડું લગભગ રૂ. ૯,૦૦૦થી ૧૫ હજાર વચ્ચે રાખવામાં આવ્યું છે. જે માંગ, સીઝન અને બુકિંગ સમય પ્રમાણે બદલાઈ શકે છે. સંયુક્ત આરબ અમીરાતની અવારનવાર મુલાકાત લેતા વેપારીઓ, પર્યટકો માટે અવરજવર સરળ બનશે. આ સાથે જ વેપાર, પર્યટન અને પરિવારિક મુલાકાત માટે આ રૂટ મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

## ઉમરગામની સરીગામ જીઆઈડીસી સ્થિત કંપનીમાં વિસ્ફોટ: બે કર્મચારીઓનાં મોત

અમદાવાદ: વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા હેઠળ આવતી સરીગામ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલોપમેન્ટ કોર્પોરેશન જીઆઇડીસીમાં સ્થિત સિનેક્સ મેટકેમ કેમિકલ કંપનીમાં ગેસ લીકેજની ગંભીર ઘટના બની છે. જેમાં ગેસ લીકેજ બાદ પ્રચંડ વિસ્ફોટ થયો હતો અને આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં કંપનીના સંચાલક સહિત ૫ કર્મચારીઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જ્યારે બે કર્મચારીઓનાં મોત નીપજયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે વલસાડની નજીકની સિવિલ હોસ્પિટલ અને વાપીની પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ જીપીસીબી, ફાયરબ્રિગેડ અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને તપાસ શરૂ કરી હતી. આ ઘટનામાં મૃત્યુ પામનારા કર્મચારીઓના પરિવારજનોને કંપની તરફથી રૂ. ૧૦ લાખનું વળતર આપવાની જાહેરાત કરવામાં આવી હતી, જ્યારે ઈજાગ્રસ્તોને તબીબી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. વહીવટી તંત્રે સુરક્ષા ધારાધોરણોના ભંગ અને ગેસ લીકેજના કારણો અંગે તપાસ શરૂ કરી છે. ફેક્ટરી ઇન્સ્પેક્ટર અને જીઆઇડીસીની ટીમો કંપનીના રેકોર્ડ્સ અને સેફ્ટી પ્રોટોકોલ્સની તપાસ કરી રહી છે.

## બગોદરામાં માતાજીના મંદિરમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં પ્રેમીપંખીડાની લાશ મળતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ જિલ્લાના બગોદરા વિસ્તારમાં એક મંદિરમાં પ્રેમીપંખીડાએ આત્મહત્યા કરી લીધી હતી. એકલ માતાના મંદિર પરિસરમાંથી એક યુવક અને એક યુવતીની લટકતી લાશ મળી આવી હતી.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે જીઆઈડીસીમાં આવેલી એક કંપનીમાં કામ કરતા એક વ્યક્તિને તેની કરતા ૧૧ વર્ષ નાની યુવતી સાથે પ્રેમ થયો હતો. જેથી બંને પ્રેમીપંખીડા ૧૫ દિવસ પહેલા ભાગી ગયાં હતા. આ પ્રેમીપંખીડાની ગળાફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી આવી હતી. આ સમગ્ર કેસમાં પોલીસ તપાસ હાથ ધરી દીધી હતી. પ્રેમીપંખીડાની લાશ મંદિર પરિસરમાંથી મળી આવતા પંથકમાં ચર્ચાનો દોર શરૂ થયો હતો. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી દીધી હતી. આ પ્રેમીપંખીડાએ આત્મહત્યા કરી છે કે પછી તેમની હત્યા થઈ છે?

તે મામલે હજી કોઈ ચોક્કસ વિગતો પ્રકાશમાં આવી નથી. પોલીસની તપાસ પ્રમાણે યુવકનું નામ ગૌતમ યાદવ છે, જે ચીયાડા ગામનો રહેવાસી છે. તેને કેશરડી ગામની કિંજલ રાઠોડ સાથે પ્રેમ થયો હતો. આ બંને કેરાલા જીઆઈડીસામાં આવેલી એક કંપનીમાં સાથે કામ કરતાં હતાં.

## અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ ફરી વિવાદમાં: ધોરણ-૭ના વિદ્યાર્થી પર હુમલાની ઘટના

અમદાવાદ: શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં ૧૯મી ઓગસ્ટના રોજ, સામાન્ય ધક્કામુક્કીની બાબતે ધોરણ-૧૦ના બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો. આ ઝઘડામાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને છરી મારી દીધી હતી અને વિદ્યાર્થીનું મોત થયું હતું. આ મુદ્દે ખુબ જ ઉગ્ર વિરોધ થયો હતો. ત્યારે સેવન્થ ડે સ્કૂલ ફરી એક વખત વિવાદના ઘેરામાં આવી છે. ધોરણ ૭ના વિદ્યાર્થીને ૩ વિદ્યાર્થીઓએ માર મારીને તેમજ શર્ટના બટન તોડી નાખ્યા હોવાની ઘટના ઘટી હોવાના અહેવાલ મળ્યા હતા.

વિદ્યાર્થીએ મોનિટર હોવાથી અન્ય વિદ્યાર્થીઓને લાઇનમાં આવવા કહ્યું હતું, જેની અદાવત રાખીને ત્રણ વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હતો. મહત્ત્વનું છે કે સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે છતાં આ પ્રકારની ઘટના બની છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ ત્રણ વિદ્યાર્થી સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવની જાણ થતાં ડીઈઓ કચેરીની એક ટીમ સ્કૂલમાં પહોંચી હતી. આ ટીમ દ્વારા આક્ષેપિત બાળકોને બોલાવીને નિવેદન લેવાયા હતા. સુરક્ષાના કારણોથી સ્કૂલમાં ખાનગી કપડાંમાં પોલીસકર્મચારીઓને બંદોબસ્તમાં રાખવામાં આવ્યા છે.

આ મામલે અમદાવાદ ડીઈઓએ સ્કૂલના આચાર્યને કારણદર્શક નોટિસ આપી છે. શાળામાં આવી ઘટના બની તેમ છતાં શાળા વહીવટ તરફથી કોઈ તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.નોટિસમાં જણાવાયું છે કે આ ઘટના અંગે શાળા વહીવટ દ્વારા કોઈ પગલાં લેવાયા નથી. આવી ઘટનાઓ શાળાની શિસ્ત અને સુરક્ષા પર પ્રશ્નાર્થ ઊભા કરે છે. આ મામલે તાત્કાલિક સમજૂતી આપવા અને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે અને જો સમયમર્યાદામાં જવાબ ન આવે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

## ૨૦ રૂપિયાના લાંચ કેસમાં ૨૭ વર્ષે ન્યાય મળ્યો, નિર્દોષ છૂટેલા પોલીસકર્મીનું ચુકાદા બાદ નિધન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં એક પોલીસ કર્મચારી પર આજથી ૨૭ વર્ષ પહેલા ૨૦ રૂપિયાની લાંચ લેવા બાબતે કેસ થયો હતો. આ કેસમાં ૨૭ વર્ષે ચુકાદો આવ્યો અને તે નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ બાબુ પ્રજાપતિને કોર્ટે નિર્દોષ જાહેર કર્યાં. પરંતુ બન્યું એવું કે, નિર્દોષ જાહેર થતાની સાથે જ નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ બાબુ પ્રજાપતિનું મોત થઈ ગયું હતું.

નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ બાબુ પ્રજાપતિ સતત ૨૭ વર્ષથી ન્યાય માટે લડી રહ્યાં હતા. તેમને ન્યાય પણ મોતની અંતિમ ક્ષણે મળે છે. ૨૭ વર્ષ બાદ લાંચના કેસમાં નિર્દોષ જાહેર થતાના ખુશીના સમાચાર સાંભળી નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલનું ચુકાદા પછીની થોડી જ ક્ષણોમાં મોત થઈ ગયું હતું. નિવૃત્ત પોલીસ કોન્સ્ટેબલ બાબુ પ્રજાપતિ પર આજથી ૨૭ વર્ષ પહેલા ૧૯૯૭માં વેજલપુર વિસ્તારમાં વિશાલા જંક્શન પાસે ફરજ દરમિયાન ૨૦ રૂપિયાની લાંચ લેવાનો આરોપ લાગ્યો હતો. ૧૯૯૭માં એસીબી દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ૨૦૦૪માં ડિસ્ટ્રિક્ટ કોર્ટે તેમને દોષિત ઠેરવી ત્રણ વર્ષની સજા ફટકારી હતી. પરંતુ અહીં ન્યાય ના મળતા તેમણે ગુજરાત હાઈ કોર્ટના દ્વારા ખખડાવ્યાં હતા. પરંતુ તેમનો આ સંઘર્ષ કોર્ટમાં ૨૭ વર્ષ સુધી ચલાતો રહ્યો.

## સાબરકાંઠાના સલાલ ગામે નકલી દૂધ બનાવતી ફેક્ટરી ઝડપાઈ, ચાર આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠાના પ્રાંતિજના સલાલ ગામમાં માનવ સ્વાસ્થ્યને હાનિકારક બનાવટી દૂધ તૈયાર કરીને પેકિંગ કરીને બજારમાં વેચવામાં આવતું હતું. એલસીબી પોલીસે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને પણ સાથે રાખી દરોડો પાડ્યો હતો. આરોગ્ય માટે અતિ જોખમી એવું ડિટર્જન્ટ પાવડર અને યુરિયા ખાતરથી બનાવવામાં આવતા કૃત્રિમ દૂધ, બનાવટી દૂધ બનાવવાનો કાચો માલસામાન અને મશીનરી સાથે ચાર આરોપીઓને ઝડપી પાડ્યા હતા. એલસીબીએ દરોડો પાડી ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. એક સગીર પણ નકલી દૂધના ખેલમાં સામેલ હોવાથી તેની સામે જુવેનાઈલ એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે સત્યા ડેરી પ્રોડક્ટ ફેક્ટરીના સંચાલકો સામે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. જો કે મુખ્ય આરોપી ધમો ઉર્ફે રાકેશ પટેલ દરોડો પડતા ભૂગર્ભમાં ઉતરી ગયો છે. સાબરકાંઠાના પ્રાંતિજની એલસીબી પોલીસે, બાતમીના આધારે સલાલ ગામે દરોડા પાડ્યા હતા.

## અમદાવાદના નરોડામાં અગરબત્તીની ફેક્ટરીમાં લાગી આગ: સાત કલાકે આગ પર કાબૂ મેળવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના નરોડા વિસ્તારમાં આવેલા અમરનાથ એસ્ટેટમાં વિકરાળ આગ લાગી હતી. સંવિધાન સર્કલ પાસે અમરનાથ એસ્ટેટમાં આવેલા અગરબત્તીની ફેક્ટરી - જેસલ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં ભયાનક આગ લાગી હતી. આગ એટલી ભયાનક હતી કે, ફાયર વિભાગની સાત ગાડીએ છથી સાત કલાકે આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, સદ્નસીબે આ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગ્યાનું કારણે અકબંધ રહ્યું છે.

અગરબત્તીની ફેક્ટરી જેસલ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં આગ લાગી હતી. આગ લાગી ત્યારે કંપનીના માલિક હાજર ન હતા, જેથી કેટલું નુકસાન થયું તેનો અંદાજ આવી શક્યો નહોતો.

જો કે, પ્રાથમિક માહિતી પ્રમાણે લાખો રૂપિયાના નુકસાનની આશંકા છે. મોડી રાતે લાગેલી આગને કારણે આખા વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા પ્રસરી ગયા હતા. આ ફેક્ટરીમાં આગ લાગતા આસપાસની ફેક્ટરીવાળા પણ સતર્ક થઈ ગયાં હતાં.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે ફેક્ટરી પાસે એક બાઈકમાં આગ લાગી હતી, જેના કારણે ફેક્ટરીમાં આગ લાગી હોઈ શકે તેવી આશંકા છે. ફાયરબ્રિગેડના અધિકારીએ આપેલી વિગતો પ્રમાણે ફાયર ટીમને ગુરુવારે રાતે ૧૧.૩૦ કલાકની આસપાસ આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. સાતેક ગાડીઓથી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી અને શુક્રવારે સવારે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

## ગુજરાત યુનિ.ના ગેસ્ટ હાઉસમાં ૨૧ વર્ષીય વિદ્યાર્થિનીની આત્મહત્યા, મોતનું કારણ અકબંધ

અમદાવાદ: ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં એક વિદ્યાર્થિનીએ આપઘાત કર્યો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે એનએસએસ કેમ્પ માટે બોટાદથી અમદાવાદ આવેલી વિદ્યાર્થિનીએ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી છે. યુનિવર્સિટીની હોસ્ટેલમાં જ ૨૧ વર્ષીય વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે તપાસ હાથ ધરી દીધી છે. ઘટનાની વધારે વિગતે વાત કરવામાં આવે તો, આ વિદ્યાર્થિની યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં રહેતી હતી. ૨૧ વર્ષીય મહેશ્વરી ખાચર નામની વિદ્યાર્થિનીએ એનઆરઆઈ હોસ્ટેલની સામે આવેલા ગેસ્ટ હાઉસમાં આત્મહત્યા કરી લીધી છે. જો કે, વિદ્યાર્થિનીએ શા કારણે આત્મહત્યા કરી તે મામલે પોલીસ તપાસ કરી રહી છે. હજી કોઈ કારણ જાણવા મળ્યું નથી. આખરે એવું તો શું થયું હતું કે મહેશ્વરીએ આત્મહત્યાનો રસ્તો અપનાવવો પડ્યો? પોલીસ દ્વારા હજી સત્તાવાર રીતે કોઈ જાણકારી આપવામાં આવી નથી.

# મુંબઈનું ખુદનું ચેરી બ્લોસમઃ ઘાટકોપર-વિક્રોલી વચ્ચે હાઈવે બન્યો પિંક પેરેડાઈઝ

મુંબઈઃ જાપાનના ચેરી બ્લોસમ વિશે તો આપણે ઘણું સાંભળ્યું છે, પરંતુ શું તમે જાણો છો કે મુંબઈમાં પણ એક એવો રસ્તો છે જે વસંતની ઋતુમાં ગુલાબી ચાદરથી ઢંકાઈ જાય છે? જી હા, અમે અહીં વાત કરીએ રહ્યા છીએ મુંબઈના વિક્રોલી વિસ્તારમાં આવેલો ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની. આ હાઈવે અત્યારે સોશિયલ મીડિયા પર 'મુંબઈના ચેરી બ્લોસમ' તરીકે ધૂમ મચાવી રહ્યો છે. મુંબઈની ભાગદોડ ભરેલી જિંદગીમાં વિક્રોલી-ઘાટકોપર વચ્ચે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરનો કેટલોક વિસ્તાર આંખોને ઠંડક પહોંચાડે છે. આ રસ્તો અત્યારે પ્રવાસીઓ અને ફોટોગ્રાફર્સ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ભલે મુંબઈનું વાતાવરણ અસલી ચેરી બ્લોસમ માટે અનુકૂળ ન હોય, પણ અહીં પિંક ટ્રમ્પેટ ટ્રી પર ખીલેલા સુંદર ગુલાબી ફ્લાવર્સ તમને પળવાર માટે તો વિદેશના કોઈ રસ્તા પર હોવ એવી અનુભૂતિ કરાવી જ દે છે.

### આ કયા ફૂલો છે?

ઘાટકોપરથી વિક્રોલી વચ્ચે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર જે ગુલાબી ફૂલો જોવા મળે છે, તે અસલી ચેરી બ્લોસમ નથી. આ વૃક્ષોનું વૈજ્ઞાનિક નામ ટેબેબુઆ હેટરોફિલા છે, જેને સામાન્ય ભાષામાં 'પિંક ટ્રમ્પેટ ટ્રી' તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે આ વૃક્ષો પર ફૂલો બેસે છે, ત્યારે પાંદડા ખરી જાય છે અને આખું ઝાડ ગુલાબી રંગના ગુચ્છાથી ભરાઈ જાય છે. આ અદભૂત નજારો ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર વિક્રોલીથી ઘાટકોપર વચ્ચેના પટ્ટામાં જોવા મળે છે. રોડની બંને તરફ હરોળમાં લાગેલા આ વૃક્ષો અને જમીન પર બિછાયેલી ગુલાબી ફૂલોની ચાદર જોઈને એવું લાગે છે કે જાણે તમે કોઈ બીજા જ શહેરમાં આવી ગયા હોવ.

# પુણેમાં પત્નીની શોધમાં નિષ્ફળતા મળતા પતિએ ફેસબુક લાઈવ કરી આત્મહત્યા કરી

મુંબઈ/પુણેઃ મહારાષ્ટ્રના પુણેમાં મૂળ મધ્ય પ્રદેશના યુવકે પત્ની ગુમ થયાની ફરિયાદ પછી પોલીસ પ્રશાસન દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરતા ફેસબુક લાઈવ કરીને આત્મહત્યા કરી હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. મૃતક મૂળ મધ્ય પ્રદેશના જબલપુરનો રહેવાસી છે, જ્યારે રોજ રોટી અર્થે પુણેમાં વસવાટ કર્યો હતો. જોકે, મૃતકની પત્ની ગુમ હતી, પરંતુ એની ફરિયાદ પછી પણ પોલીસે કોઈ પ્રયાસ કર્યો નહોતો. આ જ કારણથી કંટાળીને ફેસબુક લાઈવ કરીને આપઘાત કરી લીધો છે. ફેસબુક લાઈવ વખતે સ્થાનિક લોકો અને પોલીસ પ્રશાસન દ્વારા તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એના પહેલા જ તેને બિલ્ડિંગ પરથી છલાંગ લગાવી દીધી હતી. વાઈરલ વીડિયો ગુરુવાર સાંજનો છે. મૃતકની ઓળખ કેશરી પ્રસાદ સાહુ તરીકે કરવામાં આવી છે, જે ભોસરીનો રહેવાસી હતો, જ્યારે મૂળ મધ્ય પ્રદેશના જબલપુરનો છે. પોલીસના જણાવ્યાનુસાર સાહુ ગુરુવારે બપોરે ઈમારત પર ચઢી ગયો હતો અને ઈમારત પરથી કૂદકો મારીને જીવ ગુમાવ્યો હતો. આ બનાવની પોલીસને જાણ થયા પછી ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરતા ચોંકાવનારી માહિતી મળી હતી. માહિતી મળ્યા પછી ઘટનાસ્થળે પહોંચેલી પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમે યુવકને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. રેસ્ક્યૂ ઓપરેશન વખતે સાહુએ પોતાની પત્ની સાથે વાત કરાવવાની માગણી કરી હતી અને તેની વ્યવસ્થા પણ કરી હતી. જોકે, એ વ્યવસ્થા વખતે જ યુવકે અચાનક બિલ્ડિંગ પરથી ઝંપલાવી દીધું હતું. વાયરલ વીડિયો અને તસવીરોમાં જોવા મળ્યું હતું કે પોલીસ કર્મચારી બારીના આશરે ઈમારત પર ચઢતો જોવા મળ્યો હતો, પરંતુ એને જોઈને એ યુવક કિનારી પર જઈને કૂદકો મારી દીધો હતો. પોલીસને ઘટનાસ્થળેથી ચાર પાનાની સ્યુસાઈડ નોટ મળી છે. નોટમાં સાહુએ લખ્યું છે કે પત્ની ગુમ થયા પછી પોલીસે પર્યાપ્ત મદદ કરી નહોતી. પતિએ એવી પણ શંકા વ્યક્ત કરી છે કે તેને કોઈ ફોસલાવીને લઈ ગઈ છે. એની સાથે એવો પણ દાવો કર્યો છે કે પત્નીને શોધવા માટે પોલીસની મદદ માગી હતી, પરંતુ સંતોષજનક સહકાર મળ્યો નહોતો. નોટમાં પત્ની અને દીકરી માટે ભાવુક વાતો લખી છે. અંતિમસંસ્કાર માટે અંગે પણ અમુક સલાહ આપી હતી. પોલીસ તમામ બાબતને વણી લઈને તપાસ હાથ ધરી છે. આ કેસમાં એડીઆર નોંધીને તપાસ શરૂ કરી છે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

# સ્ટેન્ડઅપ કમેડિયન કુણાલ કામરાની કેન્દ્ર સરકાર વિરુદ્ધ હાઈ કોર્ટમાં અરજી

મુંબઈઃ કોમેડિયન કુણાલ કામરાએ ફરી એકવાર હાઈ કોર્ટના દરવાજા ખટખટાવ્યા છે. 'સહયોગ પોર્ટલ'ના નિયમ ૩(૧)(ડી) અને માહિતી ટેકનોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા આચારસંહિતા) નિયમો, ૨૦૨૧માં ૨૦૨૫ના સુધારાની બંધારણીય માન્યતાને પડકારતી અરજી હાઇ કોર્ટમાં કરી છે.

આ સુધારો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કરાયેલી સામગ્રીને દૂર કરવા સંબંધિત જોગવાઈ અંગે છે. અગાઉ, 'એક્સ કોર્પ' એ કર્ણાટક હાઈ કોર્ટમાં આ જોગવાઈઓને પડકારી હતી. કર્ણાટક હાઈ કોર્ટે તેના પર ચુકાદો આપતા કહ્યું હતું કે સહયોગ પોર્ટલ સેન્સરશીપ માટેનું સાધન નથી, પરંતુ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને સરકારી એજન્સીઓ વચ્ચે સહયોગ સુનિશ્ચિત કરવાનું સાધન છે. કામરાએ પોતાની અરજીમાં કહ્યું હતું કે આ એક વાંધાજનક પદ્ધતિ છે અને સમાંતર સામગ્રી-અવરોધિત માળખું બનાવે છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે તે માહિતી ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૦ ની કલમ ૬૯એ હેઠળ ફરજિયાત પ્રક્રિયાગત સુરક્ષાને અવરોધે છે. સહયોગ પોર્ટલ યુઝરને પૂર્વ સૂચના આપ્યા વિના ઓનલાઈન સામગ્રી કાઢી નાખવાની મંજૂરી આપે છે. પરિણામે, કુદરતી ન્યાયના સિદ્ધાંત અને અભિવ્યક્તિની સ્વતંત્રતાની ગેરંટીનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. વધુમાં, નિયમ ૩(૧)(ડી) અને સહયોગ પોર્ટલ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે અને માહિતી ટેકનોલોજી કાયદાના દાયરાની બહાર છે. સિવાય શ્રેયા સિંઘલ વિરુદ્ધ ભારત સરકારના ૨૦૧૫ના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણયની વિરુદ્ધ પણ છે એવો દાવો પણ કામરાએ અરજીમાં કર્યો છે.

નિયમ ૩(૧)(ડી) અને સહયોગ પોર્ટલ બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(એ) અને ૧૯(૧)(જી)નું ઉલ્લંઘન કરે છે અને બંધારણના અનુચ્છેદ ૧૯(૨) અને ૧૯(૬) માં ઉલ્લેખિત અપવાદોમાં આવતા નથી. કામરાએ અરજીમાં એવો પણ દાવો કર્યો છે કે માહિતીને અવરોધિત કરવાના આદેશો જારી કરવાની સત્તા બંધારણની સાતમી અનુસૂચિ હેઠળ રાજ્ય સરકારો અથવા તેમના વિભાગોને સોંપી શકાતી નથી. કામરા ઉપરાંત, વરિષ્ઠ વકીલ હરેશ જગતાણીએ પણ 'સહયોગ પોર્ટલ' અને સુધારેલા નિયમ ૩(૧)(ડી) ને પડકારતી હાઇકોર્ટમાં એક અલગ અરજી દાખલ કરી છે. તેમાં, તેમણે સમાન બંધારણીય મુદ્દાઓ પણ ઉઠાવ્યા છે. શુક્રવારે ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ અભય મંત્રીની ખંડપીઠ સમક્ષ અરજીઓ મૂકવામાં આવી હતી. અદાલતે આ મામલાની સુનાવણી ૧૬ માર્ચ પર મુલતવી રાખી હતી.

# સોલાપુરમાં વેપારીની આત્મહત્યા

મુંબઈ/સોલાપુરઃ સોલાપુરમાં વેપારીએ સ્યુસાઈડ કરી છે. કહેવાય છે કે એક આધેડવયના વેપારીએ ૧૭મા માળેથી કૂદતા પહેલા બે હાથ જોડીને પ્રાર્થના કરીને જીવનનો અંત આણ્યો હતો. મૃતકની ઓળખ સુનીલ મોતીલાલ સદારંગાની તરીકે કરવામાં આવી છે. આ બનાવ ગુરુવારે બપોરના ચાર વાગ્યાના સુમારે બન્યો હતો. સદારંગાની શહેરના જાણીતા મુલતાની બેકરીના માલિક પણ છે. જેઓ ૬૦ વર્ષના હતા. આપઘાતના ખબરથી સમગ્ર વિસ્તારના લોકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

તેઓ ગુરુવારે બપોરે વિજાપુર રોડ સ્થિત પનાશ એપાર્ટમેન્ટ ખાતે આવ્યા હતા. લિફ્ટનો ઉપયોગ કર્યા વિના તેઓ છેક ઉપર પહોંચ્યા હતા. જોકે, ઈમારતના ૧૭મા માળ પર સંદીગ્ધ રીતે ફરતા જોવા મળ્યા હતા. અમુક લોકોએ વીડિયો પણ બનાવ્યો હતો અને વોચમેનને પણ તેની જાણકારી આપી હતી. ઓફિસમાં હાજર કર્મચારીએ ૧૭મા માળે પહોંચીને એમને નીચે પણ લઈ આવવાનો પ્રયાસ કર્યો હતો. દસમા માળ સુધી લાવ્યા આવ્યા પછી સદારંગાનીએ કહ્યું કે તેમની ગાડીની ચાવી ખોવાઈ ગઈ છે એમ કહીને ફરી ઉપર ગયા હતા. થોડી મિનિટ પછી તેઓ પણ ઉપર ગયા હતા, પરંતુ ત્યાં સુધી મોડું થઈ ગયું હતું. સાક્ષીઓએ કહ્યું હતું કે ઉપર ગયા ત્યારે તેમને પહેલા હાથ જોડ્યા અને પછી કૂદકો મારી દીધો હતો. બનાવની જાણ થયા પછી વિજાપુર નાકા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી પણ બહુ મોડું થયું હતું.

પોલીસે હોસ્પિટલમાં પહોંચાડ્યા હતા, પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસે ઘટનાસ્થળેથી કારની નંબર પ્લેટ અને દસ્તાવેજોના આધારે તેમની ઓળખ કરીને પરિવારના સભ્યોને જાણ કરી હતી.

# લોકસભામાં સ્પીકર બિરલાએ કરેલો દાવો હાસ્યાસ્પદઃ રાઉત

મુંબઈઃ કોંગ્રેસના સંસદ સભ્યો ગૃહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સીટ તરફ ધસી જઈ 'કશુંક અણધાર્યું કરશે' એવી જાણકારી પોતાને મળી હોવાનો લોકસભા સ્પીકર ઓમ બિરલાએ કરેલા દાવાને શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે ફગાવી એ રજૂઆતને હાસ્યાસ્પદ ગણાવી હતી. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે કેન્દ્ર પર પણ પ્રહાર કરી જણાવ્યું હતું કે વર્તમાન વ્યવસ્થાને કારણે દેશ જોખમમાં છે. ભારત-અમેરિકા વેપાર કરારને કારણે દેશ 'ગુલામ' બની ગયો છે.

ભારત અને અમેરિકા એક વેપાર કરાર પર સંમત થયા છે જેના હેઠળ વોશિંગ્ટન ભારતીય માલ પર પારસ્પરિક ટેરિફ વર્તમાન ૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરશે, એમ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાતચીત બાદ જણાવ્યું હતું. વડા પ્રધાને કહ્યું હતું કે તેમને ખુશી છે કે મેડ ઇન ઇન્ડિયા પ્રોડક્ટ્સ પર હવે ટેરિફ ઘટીને ૧૮ ટકા જ લાગશે. બુધવારે બિરલાએ કહ્યું હતું કે તેમની પાસે નક્કર માહિતી છે કે ઘણા કોંગ્રેસના સભ્યો પીએમ મોદીની બેઠક તરફ આગળ વધી કશુંક અણધાર્યું કરી શકે છે. આ કારણસર તેમણે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવા ગૃહમાં ન આવવા તેમને વિનંતી કરી હતી. ત્રણ વખત મુલતવી રાખ્યા પછી બપોરે ત્રણ વાગ્યે નીચલું ગૃહ ફરી મળ્યુ ત્યારે બિરલાએ કહ્યું કે જો આ ઘટના બની હોત તો દેશની લોકશાહી પરંપરાના ટુકડે ટુકડા થઈ ગયા હોત.

રાઉતે વધુમાં જણાવ્યું હતું કે અમે મોદી પહેલા સંસદમાં છીએ અને નિયમોથી વાકેફ છીએ. કોંગ્રેસે સ્વતંત્રતા સંગ્રામમાં સૌથી મોટા બલિદાન આપ્યા અને સંસદને જન્મ આપ્યો. જો કોઈ કહે કે સંસદમાં મોદી માટે ખતરો છે તો એ નર્યો બકવાસ છે. કોંગ્રેસ પક્ષએ આતંકવાદી હુમલામાં ભૂતપૂર્વ વડા પ્રધાન ઇન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીને ગુમાવ્યા હતા. ભયથી વાકેફ હોવા છતાં, તેઓ લોકોની વચ્ચે ગયા અને તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો.' એવું કહેવું હાસ્યાસ્પદ છે કે સંસદ સભ્યો ગૃહના વેલમાં પ્રવેશવાથી વડાપ્રધાન માટે ખતરો ઉભો થયો હોત' એમ જણાવી રાઉતે ઉમેર્યું હતું કે આ એક કાયર સરકાર છે.

# હાર્બર લાઈનમાં ગોરેગામથી સીએસએમટી લોકલ ત્રણ મહિના બંધ રહેશે

મુંબઈઃ પશ્ચિમ રેલવે પર પાંચમી અને છઠ્ઠી લાઇનના કામને ઝડપી બનાવવા માટે ગોરેગામથી સીએસએમટી હાર્બર લાઇન પરની ટ્રેનો આગામી ત્રણ મહિના માટે બંધ રહેશે. આના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે. બાન્દ્રા અને ખાર વચ્ચેના જૂના રેલ્વે પુલ તોડીને ત્યાં નવી લાઇન બનાવવા માટે આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ગોરેગાંવ અને બાંદ્રા વચ્ચેની લોકલ સેવા સતત ૩ મહિના સુધી બંધ રહેશે. આ સમય દરમિયાન, બાન્દ્રા અને સીએસએમટી વચ્ચે કેટલીક મર્યાદિત લોકલ ટ્રેનો દોડાવવામાં આવશે, પરંતુ ગોરેગામના મુસાફરોએ બાન્દ્રા પહોંચવા માટે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવો પડશે. રેલવે વહીવટીતંત્ર આ મોટા પ્રોજેક્ટ માટે લગભગ ૯૬૫ કરોડ રૂપિયા ખર્ચ કરી રહ્યું છે. વાસ્તવમાં રેલવે મુંબઈ સેન્ટ્રલ અને બોરીવલી વચ્ચે બે નવા ટ્રેક (પાંચમો અને છઠ્ઠો ટ્રેક) નાખવા માગે છે. આ માટે બાન્દ્રા અને ખાર સ્ટેશન વચ્ચેના જૂના રેલવે બ્રિજને તોડવો પડશે. અગાઉ આ કામમાં છ મહિનાનો સમય લાગવાનો હતો, પરંતુ મુસાફરોને થતી અસુવિધા ઘટાડવા માટે, રેલવેએ હવે તેને ૩ મહિનામાં પૂર્ણ કરવાનો પડકાર ઉપાડ્યો છે.

# લોકલ ટ્રેનો પીક અવર્સમાં મોડી નહીં દોડેઃ મધ્ય રેલવેએ લીધો મોટો નિર્ણય

મુંબઈઃ મધ્ય રેલવેના કલ્યાણ-થાણે-સીએસએમટી રૂટ પર પીક અવર્સ દરમિયાન મુસાફરોનો ભારે ધસારો રહે છે. આ સમસ્યાને ધ્યાનમાં રાખી મધ્ય રેલવે વહીવટીતંત્રે એક મહત્વપૂર્ણ અને ગેમ ચેન્જિંગ નિર્ણય લીધો છે, જેના કારણે સવારે લોકલ સેવાઓ વધુ શિસ્તબદ્ધ અને સમયસર થવાની સંભાવના છે.

ઉત્તર ભારતથી આવતી લાંબા અંતરની મેલ અને એક્સપ્રેસ ટ્રેનોને કારણે ઘણીવાર મધ્ય રેલવેની ઉપનગરીય લોકલ ટ્રેનો મોડી દોડે છે. જ્યારે કોઈ એક્સપ્રેસ ટ્રેન ઉપનગરીય સ્ટેશન નજીકથી પસાર થાય છે, ત્યારે સલામતીના કારણોસર લોકલ ટ્રેનોને સિગ્નલ પર રોકવી પડે છે. આ કારણે લોકલ ટ્રેનો ઘણીવાર મોડી દોડે છે અને સવારે કામ પર જનારા પ્રવાસીઓને સૌથી વધુ તકલીફ પડે છે.

આ બાબતોને ધ્યાનમાં રાખીને, મધ્ય રેલવેએ આ સમસ્યાના ઉકેલ માટે એક મોટો નિર્ણય લીધો છે. લાંબા અંતરની મેલ/એક્સપ્રેસ ટ્રેનોને પીક અવર્સ દરમિયાન મુંબઈ ઉપનગરોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ટ્રેનોને ટિટવાલા અને આસનગાંવ જેવા સ્ટેશનો પર પહેલાં રોકવામાં આવશે. ટિટવાલા અને આસનગાંવથી દરરોજ ઘણી લોકલ ટ્રેનો સીએસએમટી, દાદર, કલ્યાણ તરફ ઉપડે છે. જોકે, આ રૂટ પર ઉત્તર તરફથી એક્સપ્રેસ ટ્રેનોના આગમનથી લોકલ ટ્રેનોને વિક્ષેપ પડે છે.

હવે, નવા નિયમો હેઠળ સવારે પાંચ વાગ્યા પછી ઉપનગરોમાં પહોંચતી એક્સપ્રેસ ટ્રેનોને પીક અવર્સના અંત સુધી મુંબઈની હદ શરૂ થાય ત્યાં રોકવામાં આવશે. જોકે આ નિર્ણયથી લાંબા અંતરના મુસાફરોને થોડો વિલંબ થશે, પરંતુ લાખો સ્થાનિક મુસાફરોને મોટી રાહત મળશે.

# આજે મહારાષ્ટ્રની ૧૨ જિલ્લા પરિષદો, ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણી

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણી શનિવારે યોજાશે. રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ મતદાન માટે પોલીસ બંદોબસ્ત સહિત પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં મોટાભાગની સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ૨૦૨૨થી બાકી હતી. ૭૩૧ જિલ્લા પરિષદ (ઝેડપી) અને ૧,૪૬૨ પંચાયત સમિતિની બેઠકો માટે કુલ ૭,૪૩૮ ઉમેદવારો મેદાનમાં છે.

રાયગઢ, રત્નાગિરિ, સિંધુદુર્ગ, પુણે, સાતારા, સાંગલી, સોલાપુર, કોલ્હાપુર, છત્રપતિ સંભાજીનગર, પરભણી, ધારાશિવ અને લાતુર જિલ્લામાં ચૂંટણીઓ યોજાશે.

મતદાન મૂળ પાંચ ફેબ્રુઆરીએ થવાનું હતું, પરંતુ ૨૮ જાન્યુઆરીએ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના વિમાન દુર્ઘટનામાં મૃત્યુ અને ત્યારબાદ ત્રણ દિવસના રાજ્ય શોકની જાહેરાત બાદ તેને મુલતવી રાખવામાં આવ્યું હતું.

શનિવારે સવારે ૭.૩૦ વાગ્યે મતદાન શરૂ થશે અને સાંજે ૫.૩૦ વાગ્યે પૂર્ણ થશે. ૯ ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગ્યે મતગણતરી શરૂ થશે, ત્યારબાદ આદર્શ આચારસંહિતા ખતમ થશે.

૭૩૧ જિલ્લા પરિષદ બેઠકોમાંથી ૩૬૯ મહિલાઓ માટે અનામત છે. આ ઉપરાંત, ૮૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે, ૨૫ બેઠકો અનુસૂચિત જનજાતિ માટે અને ૧૯૧ બેઠકો અન્ય પછાત વર્ગો માટે અનામત છે. અનામત બેઠકો માટે કુલ ૨,૬૨૪ ઉમેદવારો મેદાનમાં છે.

૧,૪૬૨ પંચાયત સમિતિ બેઠકોમાંથી ૭૩૧ બેઠકો મહિલાઓ માટે અનામત છે. અનુસૂચિત જાતિ (૧૬૬), અનુસૂચિત જનજાતિ (૩૮) અને અન્ય પછાત વર્ગો (૩૪૨) માટે પણ બેઠકો અનામત રાખવામાં આવી છે. પંચાયત સમિતિની ચૂંટણીમાં ૪,૮૧૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

મતદારોમાં ૧,૦૬,૩૩,૨૬૯ પુરુષ મતદારો, ૧,૦૧,૮૬,૯૬૫ મહિલા મતદારો અને ૪૬૮ અન્ય શ્રેણીઓના મતદારોનો સમાવેશ થાય છે. રાજ્યભરમાં ૨૫,૪૭૧ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે.

ચૂંટણી ફરજ માટે લગભગ ૧.૨૮ લાખ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે, જેમાં ૧૨૫ રિટર્નિંગ અધિકારીઓ અને ૧૨૫ સહાયક રિટર્નિંગ અધિકારીઓનો સમાવેશ થાય છે. કમિશને ૫૧,૫૩૭ કંટ્રોલ યુનિટ અને ૧,૧૦,૩૨૯ બેલેટ યુનિટ સહિત પૂરતી સંખ્યામાં ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનોની વ્યવસ્થા કરી છે અને અધિકારીઓને મતદાન પ્રક્રિયા સંભાળવા માટે તાલીમ આપવામાં આવી છે, એમ એસઈસીએ જણાવ્યું હતું.

દરેક મતદાર બે મતદાન કરશે - એક જિલ્લા પરિષદ મતવિસ્તાર માટે અને બીજો પંચાયત સમિતિ ચૂંટણી વિભાગ માટે. જિલ્લા પરિષદ મતપત્ર સફેદ મતપત્ર એકમ પર પ્રદર્શિત કરવામાં આવશે.

## હિન્દુ મરણ

વરતેજ નિવાસી હાલ મુંબઈ પ્રથમ તપનભાઈ દિક્ષિત (ઉં.વ.૧૯) તા. ૪-૨-૨૬ બુધવારના રોજ ભાયંદર નિધન પામેલ છે. તે તપન અને પ્રિતીના પુત્ર. સ્વ. ભુપતભાઈ (ભરતભાઈ) રમણિકલાલ દિક્ષિત, સ્વ. મંજુલાબેનના પૌત્ર. સ્વ. ભાસ્કરભાઈ, ગિરીશભાઈ, મમતાબેન કંદર્પ ત્રિવેદી, માયાબેન, કોકીલાબેનના ભત્રીજાના દીકરા. સ્વ. દર્શનભાઈ, સ્વ. મિતલ ગૌરાંગ, રુચિ, દીપ, મેઘના, ગૌરવના ભત્રીજા, મોસાળપક્ષ અશ્વિનભાઈ ગજાનનભાઈ ત્રિવેદી અને સ્વ. કોકિલા અશ્વિનભાઈ ત્રિવેદી (ભાવનગર) ના પૌત્ર. ચિંતનભાઈ અને પૂનમબેનના ભાણેજ. સરનામુંઃ બી-૬૦૬, ગિરનાર એપાર્ટમેન્ટ, પદ્માવતી નગર, ૧૫૦ ફૂટ રોડ, મેક્સસ મોલ પાસે, ભાયંદર પશ્ચિમ. લૌકીક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ માળિયાહાટીના હાલ મુંબઇ ચીરાબજાર સ્વ. ઉષાબેન રમણિકલાલ તન્નાના પુત્રવધૂ સ્વ. હંસાબેન (ઉં.વ.૬૭) પ્રદીપભાઇ તન્નાના પત્ની. તે દિશા તથા કૃપા એન્થોની (મહેશ) દેવરાજ નાદારના માતા. તે સ્વ. ઇન્દુબેન ચંદ્રકાંત રુદાણી સ્વ. વિનોદભાઇ, કુમુદબેન તથા નીલાબેન મનોજભાઇ આડતિયાના ભાભી. સ્વ. લાભુબેન પ્રભુદાસભાઇ સાંગાણીના પુત્રી. તે ફાલ્ગુની મનીષ દત્તાણી તથા રૂપેશના કાકી. તે ગં. સ્વ. ભારતી ભૂપેન્દ્ર રાડીયા, અલકા મુકેશ ગાંધી, નીલા રાજેશ રાયઠઠ્ઠા, જયોતી રાજેન્દ્ર સેલાણી, હીના ભુવનેષ મગદાણી, જયશ્રી સંજય પોપટના બેન તા. ૫-૨-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૨-૨૬ના શનિવાર ૫થી ૭. ઠે. ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર્સ (આઇ.એમ.સી.) બિલ્ડિંગ, વાલચંદ હીરાચંદ હોલ, ૪થે માળે, ચર્ચગેટ સ્ટેશનની સામે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ભાદરાવાળા હાલ મુલુંડ સ્વ. કાશીબેન દામોદર સુરજી કતીરાના પુત્ર નવીનચંદ્ર કતીરા (ઉં. વ. ૭૬) તે સ્વ. હંસાબેનના પતિ. તે ચેતન અને કેતનના પિતાશ્રી. અ. સૌ. ખ્યાતિના સસરા. સ્વ. લક્ષ્મીબેન ઓધવજી માવજી કક્કડ હાલ ઘાટકોપરવાળાના જમાઇ. સ્વ. વિરામતીબેન ગોરધનદાસ પલણ, સ્વ. ભવાનજીભાઇ, હરીશભાઇ, સ્વ. શારદાબેન, નીનાબેન, ગીતાબેન, સ્વ. શાંતાબેન, રજનીબેન, સ્વ. ઝવેરબેન, સ્વ. અરુણાબેન (જયશ્રીબેન)ના ભાઇ ગુરુવાર, તા. ૫-૨-૨૬ના શ્રીરામ શરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૭-૨-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

અજીતભાઇ દામોદર સંપટ (ઉં. વ. ૮૧) તે સ્વ. શાંતાબેન દામોદર સંપટના પુત્ર. આશાબેનના પતિ. સ્વ. તારાબેન ચત્રભુજ કક્કા, સ્વ. હરિદાસભાઇ, સ્વ. મીનાબેન માધવસિંહ ગાજરિયા, સ્વ. મુળરાજભાઇના ભાઇ. સ્વ. નિખીલ અને અ. સૌ. દિવ્યા હર્ષ ઉદેશીના પિતા. સ્વ. કસ્તુરબેન દ્વારકાદાસ પમાણી (અંજાર) ના જમાઇ. અ. સૌ. દિપ્તી નરેશ પારેખ, દિપક, અ. સૌ. નીતા સુનીલ મુલાણી તથા રવિના કાકા તા. ૪-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**આયરા વાણંદ**

જીરાગઢ ગામ હાલ ઘાટકોપર જિતેન્દ્ર (જીતુ) મોહનભાઇ બાબર (ઉં. વ. ૪૨) તા. ૫-૨-૨૬ના ગુરુવારે રામચરણ પામ્યા છે. તે સ્વ. સવિતાબેન મોહનભાઇ બાબરના પુત્ર. મનોજ મોનષાના ભાઇ. કિશ, નિશિલના કાકા. ધ્વીતીના મામા. પ્રાર્થનાસભા તા. ૭-૨-૨૬ શનિવારના ૧૫૦૯, ૧૫મે માળે, નાલંદા-એસઆરએ-૨, પટેલ ચોક, ઘાટકોપર (ઇસ્ટ), સાંજે ૪.૩૦થી ૬.૩૦.

**કચ્છી લોહાણા**

માવજી દેવજી જોબનપુત્રા (ઉં. વ. ૯૦) કચ્છ ગામ અટડા હાલ ગોરેગાંવ સ્વ. રાધાબેન દેવજી જોબનપુત્રાના પુત્ર તા. ૪-૨-૨૬ બુધવારે રામશરણ પામેલ છે. તે મંજુલાબેનના પતિ. ભરત જયાબેન, જિતેન્દ્ર બીનાબેન, જયોતિ જગદીશકુમાર, સ્વ. રીટાના પિતાશ્રી. સ્વ. પ્રધાનજી, સ્વ. ચંદુભાઇ, સ્વ. વસંતભાઇ, ધરમશીભાઇ, સ્વ. ગોદાવરીબેન, સ્વ. ડાઇબેન, સ્વ. રક્ષાબેન, માલતીબેનના ભાઇ. મેહુલ નીધી, યશ, ચાંદની, સંધ્યા મિરાજના દાદાશ્રી. બબાબાઇ વિરજી તન્ના કચ્છ ગામ મુરુના જમાઇ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૭-૨-૨૬ના કચ્છી લોહાણા મહાજન વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, રામ રતન ત્રિવેદી રોડ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હિરાબેન રણછોડદાસ મુળજી જોબનપુત્રા કચ્છ ગામ નાની ખેડોઇ હાલ મુલુંડના સુપુત્ર વસંતલાલ (ઉં. વ. ૭૬) તે પુષ્પાબેનના પતિ. તે મોહનલાલ, સ્વ. કમળાબેન દામજી કોટક, સ્વ. ધનગૌરીબેન રામજીભાઇ ઠક્કર, ગં. સ્વ. ગુણવંતીબેન જમનાદાસ ઠક્કર તથા સ્વ. સુરેશભાઇના ભાઇ. મનિષ, ઉમેશના પિતાશ્રી. સ્વ. સાકરબેન રૂપશીભાઇ રાયગંધર કચ્છ ગામ લખપત હાલ મુલુંડના જમાઇ. જયોત્સ્નાબેન, બીનાબેનના સસરાજી. કૃતિકા, જય, હરી અને પૂર્વીના દાદાજી તા. ૫-૨-૨૬ ગુરુવારના રામશરણ પામેલ છે. તા. ૮-૨-૨૬ રવિવારના સાંજે ૫થી ૭ કલાકે. ઠે. પ્રાર્થનાસભા રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ગોપુરમ હોલ. ડો. આર. પી. રોડ, મુલુંડ (પશ્ચિમ).

**સાંડેસરા વૈષ્ણવ વાણીયા**

પાટણ નિવાસી હાલ મુંબઈ, સ્વ. મણીબેન તથા સ્વ. જયંતીલાલ ભાઇચંદદાસ સાંડેસરાના સુપુત્ર ધનંજયભાઈ (બાબાભાઈ) (ઉં.વ.૭૧) ૪/૨/૨૬, બુધવારના રોજ અક્ષરધામ પધાર્યા છે. તે ભારતીબેનના પતિ. ધવલભાઈ અને પ્રતિકભાઈના પિતાશ્રી. દિવ્યાબેનના સસરા. મીનાક્ષીબેન, જાનવિકાબેન, મૃદુલાબેન, પ્રમોદાબેન, સ્વ. શશીકાંતભાઈ, સ્વ. જગદીશભાઈના ભાઈ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

કાંદિવલી નિવાસી, સ્વ. રસીલાબેન તથા સ્વ. વિનતીલાલ બાવાભાઈ લોટીયા (મહેતા)ના પુત્ર હરેશભાઈ (ઉં.વ.૭૨) સોમવાર તા. ૨/૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દક્ષાબેનના પતિ. દીપના પિતાશ્રી. સ્વ. ભારતીબેન લલિતકુમાર શાહ તથા પ્રમોદભાઈના નાનાભાઈ. સ્વ. ચંપકલાલ લક્ષ્મીચંદ ધોળકિયાના જમાઈ. નિલેશ, મીનાબેન મુકુંદભાઈ માંડવીયા, કિરણબેન અરૂણકુમાર લોટીયા તથા જુલીબેન કેતનભાઈ સાંગાણીના બનેવી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

જામસલાયાવાળા હાલ બોરીવલી, સ્વ. તીલોતમાબેન તથા સ્વ. દયાળજી માધવજી ગણાત્રાના પુત્રવધુ દેવયાનીબેન (ઉં.વ.૫૮) તે જીતેનના ધર્મપત્ની. રીયાના માતુશ્રી. બીજલ તથા જાગૃતિ વિપુલ કાનાણીના ભાઈના પત્ની. સ્વ. રસીલાબેન જશવંતલાલ મહેતાના દીકરી. ૫/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૭/૨/૨૬ના રોજ ૫ થી ૬.૩૦. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ. વી. રોડ કાંદિવલી વેસ્ટ.

**વિશા મોઢ વાણીયા**

સુધીર ઈશ્વરલાલ ચોક્સી (ઉં.વ.૮૩) તે પ્રજ્ઞાના પતિ. રાધિકા તથા પ્રિતીના પિતા. મિહિર શાહના સસરા. રીયા તથા નીખિલના નાના. ૪/૨/૨૬ના રોજ દેવલોક પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

વિલે પાર્લે નિવાસી સ્વ. કનકભાઈ જમનાદાસ સુંધાની (ઉં.વ.૮૮) તા. ૫-૨-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પત્ની ગં. સ્વ. દક્ષાબેન. પુત્ર મીહીર. પુત્રવધુ અમી. પૌત્રીઓ હિમાની અને પ્રીત. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

કરાચીવાલા હાલ મુંબઈ, રાજેનભાઈ ભગવાનદાસ સચદે (ઉં.વ.૭૬) તા. ૩/૨/૨૬ મંગળવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે શ્રીમતી કલ્પનાના પતિ. સ્વ. પુષ્પાબેન તથા સ્વ. ભગવાનદાસ સચદેના પુત્ર. દ્રુતિકા અને અંગિકાના પિતા. રોહન ભોંસલેના સસરા. સ્વ. પ્રવિણાબેન તથા સ્વ. ભગવાનદાસ લાખાણીના જમાઈ. સ્વ. દીપકભાઈ તથા નયનાબેન બીજોન દાસગુપ્તાના ભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિંછીયા નિવાસી (હાલ કાંદિવલી) સ્વ. લીલાવતી હરગોવિંદદાસ પારેખનાં સુપુત્ર અરુણભાઇના ધર્મપત્ની ભારતીબેન પારેખ (ઉં. વ. ૭૨) મંગળવાર તા. ૩-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હેમલ તથા ઉષ્મા વેદપ્રકાશ તિવારીનાં માતુશ્રી. સ્વ. કુંદનબેન ગોવિંદદાસ ગાંધીની સુપુત્રી. કલ્પનાબેન જયંતીભાઇ મહેતા, સ્વ. નિતીન તથા હેમંતના બહેન. જીજ્ઞાનાં માસી. તે દુધરેજ નિવાસી (હાલ મુંબઇ) સ્વ. ઇંદુલાલ રતિલાલ શાહના ભાભી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા.૮-૨-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ સિનેમાની સામે, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ અંધેરી અરુણાબેન અનંતરાયભાઇ દોશી (ઉં. વ. ૮૨) તે તા. ૪-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અનંતરાયભાઇ રૂગનાથભાઇ દોશીના ધર્મપત્ની. વિસનગર નિવાસી સ્વ. દેવકુંવરબેન કેશવલાલ પાનાચંદ ગોહિલના દીકરી. સ્વ. રમેશભાઇ, સ્વ. મનુભાઇ, સરલાબેન, સ્વ. સાધ્વી શરદપૂર્ણાશ્રીજીસાધ્વીજી ગુણસેનાશ્રીજી, સાધ્વીજી ભવ્યકલાશ્રીજીના બહેન. ગીતા ધનેન્દ્ર કામદાર, મુકેશ, ચેતના આશીષ અવલાણી અને વિશાલ (વિપુલ)ના માતુશ્રી. વિદેહી (પારૂલ) અને દિવ્યાના સાસુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ક. દ. ઓ. જૈન**

જખૌના મીઠીબાઇ ચત્રભોજ લોડાયા (માટુંગા) (ઉં.વ.૯૫) તા. ૫-૨-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. વાલબાઇ જેઠાભાઇ લોડાયાના દેરાણી. સામે પક્ષે મુલજી દેવજી દંડના દીકરી. ગામ આંધવ તે સ્વ. દિનેશ, કુલીન, ઉત્તમ, પંકજ, વીપીન તથા ભારતી મણીલાલ લાલકા, દર્શના ભરત ડાગા, મીતા ખુશાલ લાલકા, ધારીકા હીતેન ગડાના કાકી. કાશ્મીરા, ગીતા, આશા, દીપાલી, નીતાના કાકીસાસુ. સ્વ. આસબાઇ, સ્વ. ધનબાઇ, સ્વ. વાલબાઇ, સ્વ. લક્ષ્મીબેન અને લક્ષ્મીચંદ, સ્વ. સોમચંદ, સ્વ. રાયચંદના બહેન. બન્ને પક્ષ તરફથી શ્રદ્ધાસુમન અર્પવા તા. ૭-૨-૨૬ શનિવારના સાંજે ૪થી ૫.૩૦. ઠે. એસ.એન.ડી.ટી. વુમન્સ યુનિવર્સિટી, દિવ્ય રીસી એપાર્ટમેન્ટ, ૩૩૮ આર.એ. કીડવાઇ માર્ગ, અમુલખ અમીચંદ સ્કૂલની બાજુમાં, માટુંગા (ઇસ્ટ).

**હાલાર સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધ્રાફા નિવાસી હાલ મુલુંડ સ્વ. સવિતાબેન લક્ષ્મીચંદ નાગજી દોશીના સુપુત્ર નીતિનભાઇ (ઉં. વ. ૬૭) તે કલ્પનાબેનના પતિ. જય-ચાર્મી, પૂજા-ધીરજકુમારના પિતા. દિનેશભાઇ, હસમતભાઇ, સુધીરભાઇ, અનસુયાબેન જયંતકુમાર શાહ તથા અરુણાબેન અરવિંદભાઇ દોશીના ભાઇ. સ્વ. છગનલાલ હીરાચંદ ભણસાલીના જમાઇ ગુરુવાર, તા. ૫-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પિતૃવંદના રવિવાર, તા. ૮-૨-૨૬ના સવારના ૧૦થી ૧૨. ઠે. સમૃદ્ધિ બેન્કવેટ હોલ, મદન માલવિયા રોડ, મુલુંડ (વે).

**દશા. શ્રી. ઝાલા.સ્થાન જૈન**

લિબડી નિવાસી હાલ ચેમ્બુર, દેવાંગભાઈ બિપિનચંદ્ર તલસાણિયા (ઉં.વ.૪૮) તા. ૫/૨/૨૬ના આરિહંતશરણ પામેલ છે. તે બિપિનચંદ્ર તથા જ્યોતિબેન તલસાણિયાના પુત્ર. ચી.રૂપલબેનના પતિ. પાર્થના પિતા. સ્વ. કલ્પેશભાઈના ભાઈ. ડો. ઉર્મિલાબેન કિર્તિભાઈ તલસાણિયા, નયનાબેન અશોકભાઈ શાહ તથા લતાબેન કિશોરભાઈ ઠોસાણીના ભત્રીજા. સ્વ. વિનોદભાઈ તથા મીનાબેન અજમેરાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના લીલાવતી (લાડબાઈ) શાંતિલાલ વેલજી છેડા (ઉં.વ.૯૩) તા.૫-૨-૨૬ ના અવસાન પામેલ છે. મકાંબેન વેલજી તેજપારના પુત્રવધૂ. શાંતિલાલના પત્ની. શરદ, અનિલ, ભુપેન્દ્ર, હર્ષાના માતા. પ્રાગપુર મમીબેન વેલજી રણશી ભેદાના પુત્રી. નાનજી, તલકશી, મણીલાલ, શાંતિલાલ લક્ષ્મી રમણીક, સાકર કેશવજી/રતીલાલ, મણી વસનજીના બેન. પ્રા. : શ્રી હાલારી વિશા ઓસવાળ વાડી (હાલાઈ વાડી), દાદર (ઈ). ટા. ૪ થી ૫.૩૦. નિ. છેડા હાઉસ, ૩૨, બજાર રોડ, બાંદ્રા. (વે). મું.૫૦.

ગુંદાલાના શાંતીલાલ શીવજી સંગોઇ (ઉં.વ.૭૮) તા. ૪-૨-૨૬ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સોનબાઇ શીવજીના પુત્ર. ભારતીબેનના પતિ. ચિરાગ, સ્વાતિના પિતા. મણીબેન, હરખચંદ, વસંત, હેમલતા (ભારતી)ના ભાઇ. બેરાજાના માતુશ્રી. પાનબાઇ રતનશી દેવજીના જમાઇ. પ્રા. શ્રી વર્ધમાન સ્થા.જૈન સંઘ, એલ.ટી.રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વે.), ટા. ૩ થી ૫. ચક્ષુદાન કરેલ છે. નિ. ચિરાગ સંગોઇ, ૬૦૧, ગગનગીરી એન્કલેવ, એક્સર રોડ, બોરીવલી (વે.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રાજકીય સમીકરણો ફરી બદલાશે?

## મુંબઈની મેયર ચૂંટણી પહેલા શરદ પવારની રાષ્ટ્રવાદીના એક માત્ર ચૂંટાયેલા નગરસેવકનું શિંદે સેનાને સમર્થન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના મેયર પદની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રક દાખલ કરવામાં આવવાના છે ત્યારે શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસના મુંબઈમાંથી ચૂંટાયેલા એકમાત્ર નગરસેવક અજિત રાવરાણેએ રાજ્યના ડેપ્યુટી મુખ્ય પ્રધાનની શિવસેનાને સમર્થન આપ્યું છે. પાલિકાની ચૂંટણીમાં શરદ પવારની રાષ્ટ્રવાદી મહાયુતિની વિરુદ્ધ લડી હતી, જેમાં શિંદે સેના એક ભાગ છે.

મલાડ પૂર્વની બેઠકમાંથી ચૂંટાયેલા અજિત રાવરાણે ૨૦૦૭માં મુંબઈ મહાનગરપાલિકામાં નગરસેવક હતા. તો તેમના પત્ની ૨૦૧૧ની સાલમાં પાલિકામાં નગરસેવિકા તરીકે ચૂંટાયા હતા અને ૨૦૧૭ની ચૂંટણીમાં લગભગ ૪૦૦ મતના માર્જિનથી તેઓ હારી ગયા હતા. આ વખતે અજિત રાવરાણે બહુ ઓછા માર્જિનથી જીત મેળવી છે.

મેયરની ચૂંટણી નજીક છે ત્યારે શિંદેસેનાના સંખ્યાબળમાં વધારો થયો છે અને આગામી દિવસોમાં રાજકીય સમીકરણો બદલાવાની શક્યતા જણાઈ રહી છે. પાલિકાની ચૂંટણીમાં શરદ પવારની રાષ્ટ્રવાદી કૉંગ્રેસ ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને મનસે સાથે યુતિ કરીને લડી હતી અને હવે શરદ પવારની રાષ્ટ્રવાદીના નગરસેવકે શિંદે સેનાને સમર્થન જાહેર કર્યું છે, તેથી પાલિકામાં ઉદ્ધવની સેનાની ચિંતામાં વધારો થયો છે. ચૂંટણીમાં ઉદ્ધવની સેનાના ૬૫ નગરસેવકો અને મનસેના સાત નગરસેવકો સહિત શરદ પવારની રાષ્ટ્રવાદીના એક એમ કુલ ૭૩ સંખ્યાબળ થતું હતું પણ હવે તેમાં એક ઘટી ગયું છે.

શિંદે સેનાને સમર્થન આપવા બાબતે અજિત રાવરાણેએ જણાવ્યું હતું કે હું હજી પણ શરદ પવાર સાથે જ જોડાયેલો છું પણ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મારા વૉર્ડ માટે વિકાસ ભંડોળ આપવાનું આશ્વાસન આપ્યું છે, જે મારા મતદાર વિસ્તારના વિકાસ માટે અને મતદારો માટે મહત્ત્વનું છે. તેથી જ પાલિકામાં શિવસેનાને સમર્થન આપવાનો મે નિર્ણય લીધો છે.

અજિત રાવરાણેના સમર્થન સાથે જ હવે મુંબઈ મહાનગરપાલિકામાં શિંદેસેનાનું સંખ્યાબળ વધી ગયું છે. ચૂંટણીમાં તેમના ૨૯ નગરસેવકો ચૂંટાયા છે અને તેમાં અજિત રાવરાણે અને અજિત પવારની રાષ્ટ્રવાદીના ત્રણ નગરસેવકોનું પણ તેમને સમર્થન મળશે. એટલે પાલિકામાં શિંદેસેનાનું સંખ્યાબળ ૩૩ થઈ જશે. ■



**ફૂલોત્સવ:** રાણીબાગમાં હાલમાં ફૂલોત્સવ ચાલી રહ્યો છે ત્યારે પર્યટકોની ભીડ પણ જોવા મળી રહી છે. ફૂલોમાંથી વિવિધ પ્રતિકૃતિઓ તૈયાર કરવામાં આવી છે. (અમય ખરાડે)

# અજિત પવારના વિમાનમાં બૉમ્બ?

## શરદ પવાર જૂથના નેતાએ શંકા વ્યક્ત કરી

મુંબઈ: રાજ્યના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અજિતદાદા પવારનું ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬એ સવારે વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. કેવળ એનસીપી કાર્યકરો, પદાધિકારીઓ, નેતાઓ જ નહીં, પરંતુ અન્ય પક્ષના તેમના સાથીદારો પણ આ આઘાતમાંથી બહાર નથી આવી શક્યા. સિવાય અજિત પવારનું વિમાન ક્રેશ થયું હતું કે એ પછી કોઈ ષડયંત્ર થયું હતું તે અંગે મોટો વિવાદ ચાલી રહ્યો છે. આ સંદર્ભે રાષ્ટ્રવાદી શરદચંદ્ર પવાર પાર્ટીના સાંસદ સભ્ય બજરંગ સોનાવણેએ શંકા વ્યક્ત કરી છે.

બીડના સંસદ સભ્ય બજરંગ સોનાવણેએ શુક્રવારે પત્રકાર પરિષદનું આયોજન કરી અનેક મુદ્દા રજૂ કર્યા હતા. અજિતદાદાના વિમાનમાં બોમ્બ હતો કે નહીં તેની તપાસ થવી જોઈએ એવી ચોંકાવનારી માગણી તેમણે કરી હતી. અકસ્માતના દિવસે સવારથી દાદાની દિનચર્યા અને પ્રક્રિયા જાહેર થવી જોઈએ. વિમાનના ઘટનાક્રમને જોતા કેટલાક લોકો કહે છે કે વિસ્ફોટ થયો હતો. સવારે ૮:૪૬ વાગ્યાનું ફૂટેજ મેં પણ જોયું જેમાં વિમાન રનવે પર ઉતરતા પહેલા જ વિસ્ફોટ થયો હોવાનું દેખાય છે. વિમાન નમી ગયું, વાંકુ વળ્યું, પરંતુ જમીનને સ્પર્શે તે પહેલાં જ વિસ્ફોટ થયો. વિસ્ફોટ થયા પછી જ વિમાનના એન્જિનના આગળના ભાગમાં રહેલા લોકો બહાર ફેંકાઈ ગયા હતા. ત્યારબાદ વિમાન જમીન પર અથડાયું અને વિસ્ફોટ થયો. બીજો વિસ્ફોટ થયો. આ સમગ્ર ઘટના શંકા ઊભી કરે છે એવું તેમનું કહેવું છે.

કદાચ દાદાના વિમાનમાં બોમ્બ હતો? કે પછી એન્જિન ફાટ્યું, એવો સવાલ બજરંગ સોનાવણેએ પૂછ્યો છે. તેમણે કહ્યું છે કે 'હું નકારાત્મક વ્યક્તિ નથી, પણ મારી સામે જે દેખાય છે, પહેલી નજરે જે દેખાય છે એના આધારે બોલી રહ્યો છું. દાદાના વિમાનમાં બોમ્બ હતો કે નહીં તેની તપાસ થવી જોઈએ. આ સમગ્ર ઘટનાની તપાસ જાહેર થવી જોઈએ.' ■

# સુનેત્રા પવારની પસંદગીમાં કોઈ ઉતાવળ નથી કરી: તટકરે

મુંબઈ: અજીત પવારના મૃત્યુ પછી ત્રણ દિવસનો શોક પૂર્ણ થયા પછી સુનેત્રા પવારને વિધાનસભા પક્ષના નેતા તરીકે ઉતાવળ કરી ચૂંટી કાઢવામાં આવ્યાં એવું કેમ કહેવામાં આવે છે એવો સવાલ મહારાષ્ટ્ર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના પ્રમુખ સુનીલ તટકરેએ કર્યો છે. એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા તટકરેએ કહ્યું હતું કે નવા વિધાનસભા પક્ષના નેતાની પસંદગી કરવી એ પક્ષનો અધિકાર છે. આમાં ઉતાવળની વાત ક્યાંથી આવી?

૨૮ જાન્યુઆરીએ વિમાન દુર્ઘટનામાં અજિત પવાર અને અન્ય ચાર જણ મૃત્યુ પામ્યા હતા. બીજા દિવસે બારામતીમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. એનસીપીએ ૩૧ જાન્યુઆરીએ અજિત પવારનાં પત્ની સુનેત્રા પવારને વિધાનસભા પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હતા. તે જ દિવસે સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાનના તરીકે પણ શપથ લીધા હતા.

તટકરેને એ વાતનું આશ્ચર્ય થયું કે જ્યારે અજિત પવારના પાર્થિવ દેહના અગ્નિસંસ્કાર થયા નહોતા ત્યારે એનસીપી અને શરદ પવારના નેતૃત્વ હેઠળના એનસીપી (એસપી)ના સંભવિત વિલીનીકરણ અંગે ઇન્ટરવ્યુ શું કામ આપવામાં આવી રહ્યા હતા.

અજિત પવારના મૃત્યુ પછી શરદ પવાર અને તેમના પક્ષના અન્ય નેતાઓએ દાવો કર્યો હતો કે વિલીનીકરણની વાટાઘાટો ચાલી રહી હતી અને અજિત પવારે એનસીપીના બંને જૂથના વિલીનીકરણની જાહેરાત માટે ૧૨ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી હતી.

તટકરેએ કહ્યું કે જે લોકો અજિત પવારની વિલીનીકરણની ઇચ્છા વિશે વાત કરે છે તેમણે ૨૦૧૯, ૨૦૨૧ અને ૨૦૨૨ માં ભાજપના નેતૃત્વ હેઠળના જોડાણમાં જોડાવાની દિવંગત નેતાની ઇચ્છા વિશે પણ વાત કરવી જોઈએ. પરંતુ તેમની ઇચ્છા પૂર્ણ ન થઈ. હવે અમે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએમાં છીએ અને તેનો હિસ્સો રહીશું. (પીટીઆઈ)■

# લાડકી બહિણ યોજના ઈ-કેવાયસી સુધારા ૩૧ માર્ચ સુધી ખુલ્લા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારની 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ યોજના'ના લાભાર્થીઓને ૩૧ માર્ચ સુધી તેમની ઈ-કેવાયસી વિગતો સુધારવાની મંજૂરી આપવામાં આવશે, એમ રાજ્યના મહિલા અને બાળ વિકાસ ખાતાના પ્રધાન અદિતિ તટકરેએ શુક્રવારે જણાવ્યું હતું.

તટકરેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સરકારને એવા લાભાર્થીઓ અંગે ફરિયાદો મળી છે જેમણે ઈ-કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરતી વખતે ભૂલથી ખોટા વિકલ્પો પસંદ કર્યા હતા. તેમણે કહ્યું કે જે પાત્ર મહિલાઓએ ઈ-કેવાયસી પૂર્ણ કરી છે પરંતુ હજુ સુધી લાભ મેળવ્યો નથી તેમને ઓનલાઈન પોર્ટલ દ્વારા તેમની વિગતો સુધારવા માટે બીજી તક આપવામાં આવી રહી છે.

આ યોજના જૂન ૨૦૨૪માં શરૂ કરવામાં આવી હતી. આ મુખ્ય યોજના હેઠળ ૨૧ થી ૬૫ વર્ષની વયની પાત્ર મહિલાઓને ડીબીટી દ્વારા માસિક રૂ. ૧,૫૦૦ ભથ્થું મળે છે.

તટકરેએ જણાવ્યું હતું કે તેમના વિભાગનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે બધી પાત્ર મહિલાઓને યોજના હેઠળ લાભ મળે અને જેમણે ઈ-કેવાયસી પ્રક્રિયામાં ભૂલો કરી છે તેમને ૩૧ માર્ચ સુધીમાં તેમની વિગતો સુધારવા અપીલ કરી હતી. ■

# શિવસેના (યુબીટી) ક્વોટામાંથી એક નોમિનેટ નગરસેવક પદ મેળવવા મનસે સક્રિય

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) સાથી પક્ષ શિવસેના (યુબીટી)ના ક્વોટામાંથી મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)માં નામાંકિત નગરસેવકનું પદ મેળવવા માટે સક્રિય થઈ રહ્યો છે. મનસેના નગરસેવક યશવંત કિલ્લેદારે જણાવ્યું હતું કે બીએમસીમાં નોમિનેટ કોર્પોરેટરોની સંખ્યા હવે ૧૦ થઈ ગઈ છે.

કિલ્લેદારએ વધુમાં જણાવ્યું હતું કે પક્ષના સંખ્યાબળ અનુસાર ભાજપને છ અને શિવસેનાને બે બેઠક મળવાની ધારણા છે. શિવસેના (યુબીટી) અને કોંગ્રેસને અનુક્રમે ત્રણ અને એક બેઠક મળવાની ધારણા છે. અમારી તાકાતને કારણે મનસે અને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીનને કોઈ નોમિનેટેડ કોર્પોરેટરનું પદ મળવાનો કોઈ પ્રશ્ન જ નથી. ૨૨૭ સભ્યોની મહાનગરપાલિકામાં મનસેએ છ બેઠકો જીતી હતી.

અમારા પક્ષના પદાધિકારીઓ અને કાર્યકરોએ માંગ કરી છે કે અમને શિવસેના (યુબીટી) ક્વોટામાંથી એક નામાંકિત કોર્પોરેટરનું પદ મળવું જોઈએ. અમે આ વાત અમારા અધ્યક્ષ રાજ ઠાકરેને જણાવી દીધી છે. તેઓ અને ઉદ્ધવ ઠાકરે તે મુજબ નિર્ણય લેશે, એમ તેમણે જણાવ્યું હતું.

૧૫ જાન્યુઆરીએ થયેલી બીએમસી ચૂંટણીમાં બંને ઠાકરે ભાઈઓના નેતૃત્વ હેઠળના પક્ષોએ સાથે મળીને ચૂંટણી લડી હતી. (પીટીઆઈ)■



**હાફૂસનું આગમન:** ઉનાળો બેસવાને હવે બહુ ઓછો સમય બાકી છે અને લોકો આ સીઝનમાં કેરીની રાહ જોતા હોય છે, પરંતુ મુંબઈના ક્રોફર્ડ માર્કેટમાં પ્રખ્યાત હાફૂસ આંબા વેચાણ માટે આવી ગયા છે. (અમય ખરાડે)

### રેલવે ક્રોસિંગ પર પ્રતિબંધ

# પશ્ચિમ રેલવેએ સલામતી જાળીઓ પર ગ્રીસ લગાવવાનું શરૂ કર્યું

મુંબઈ: પશ્ચિમ રેલવેએ રેલવે ટ્રેક પાર કરતા મુસાફરોની સંખ્યા ઘટાડવા માટે એક અનોખી પહેલ કરી છે. પશ્ચિમ રેલવે ચર્ચગેટ અને વિરાર વચ્ચે સલામતી જાળીઓ લગાવી રહી છે. રેલવે વહીવટીતંત્રે કહ્યું છે કે આનાથી મુસાફરો માટે રેલવે ટ્રેક પાર કરવાનું મુશ્કેલ બનશે અને પરિણામે, ટ્રેન અકસ્માતોમાં ઘટાડો થશે.

મુંબઈ અને પાલઘર વચ્ચેના વિસ્તૃત રેલવે રૂટ પર દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે. જોકે, મુંબઈ અને ઉપનગરોના સ્ટેશનોમાં મુસાફરોની વધતી ભીડને કારણે લોકલ સેવાઓ પર દબાણ વધ્યું છે. દરમિયાન, ઘણા મુસાફરો સવારે અને સાંજે ફૂટબ્રિજનો ઉપયોગ કર્યા વિના સમય બચાવવા અથવા ઉતાવળમાં હોય ત્યારે સીધા બીજા પ્લેટફોર્મ પર પહોંચવા માટે ટ્રેક પાર કરવાનો પ્રયાસ કરે છે.

તેથી, પશ્ચિમ રેલવે લાઇન પર ભીડ ધરાવતા સ્ટેશનો પર ચાલતી લોકલ ટ્રેનોમાંથી પડી જવાથી થતા અકસ્માતોને રોકવા અને મુસાફરોને રેલવે ટ્રેક પાર કરતા રોકવા માટે, એક અનોખો ઉપાય અમલમાં મૂકવાનું શરૂ કર્યું છે. ચર્ચગેટ અને વિરાર વચ્ચે ૬૦ કિમી ઉપનગરીય લાઇન પર રેલવે ટ્રેક વચ્ચે સલામતી જાળ પર ગ્રીસ લગાવવામાં આવી રહ્યું છે. આમાં ૨૯ સ્ટેશનોનો સમાવેશ થાય છે અને આ કામ શનિવાર (૭ ફેબ્રુઆરી) સુધીમાં પૂર્ણ થઈ જશે.

તેમણે એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પગલાને કારણે, રેલવે નેટ પર લગાવવામાં આવેલ ગ્રીસ રેલ્વે ટ્રેક પાર કરતા મુસાફરોના હાથ અને કપડાંને લાગશે આવી જ રીતે રેલ્વે ટ્રેક પર ચઢવાથી, જાળી પાર કરતી વખતે મુસાફરોને લપસી જવાથી અને મુસાફરોને પાટા પાર કરવાથી રોકવામાં મદદ મળશે. નવેમ્બર ૨૦૨૩માં, મધ્ય રેલવેના મુંબઈ વિભાગે મુસાફરોને ટ્રેક પાર કરતા અટકાવવા માટે પ્લેટફોર્મના છેડા પર ગ્રીસ લગાવ્યું હતું. આ પાછળનો મૂળ હેતુ મુસાફરોને પ્લેટફોર્મના છેડા પર ચઢવા અને ઉતરવામાં મુશ્કેલી પડે તેવો અને તેમને ફૂટબ્રિજ અને સીડીનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ પછી, પશ્ચિમ રેલવે રૂટ પર પણ આ પહેલ અમલમાં મૂકવામાં આવી રહી છે.

મુસાફરોને ગેરકાયદે રેલવે ટ્રેક ઓળંગતા રોકવા માટે, પશ્ચિમ રેલવે વહીવટીતંત્રે વિવિધ પગલાં અમલમાં મૂક્યા છે જેમ કે ગેપ બંધ કરવા, એટલે કે રેલવે સ્ટેશનોમાં ખુલ્લી જગ્યાઓ બંધ કરવી, રેલવે સ્ટેશનોમાં ટ્રેક પર રક્ષણાત્મક જાળી બાંધવી, રેલવે સ્ટેશનોમાં દિવાલો ઉભી કરવી, ખતરનાક બ્લેક સ્પોટ બંધ કરવા. ઉપરાંત, મુસાફરોની સુવિધા માટે રેલવે સ્ટેશનો પર ૧૪૭ પદયાત્રી પુલ, ૧૧૦ એસ્કેલેટર અને ૫૪ લિફ્ટ શરૂ કરવામાં આવી છે.

સ્થાનિક અકસ્માતો અટકાવવા માટે, પશ્ચિમ રેલવેએ પ્લેટફોર્મની ઊંચાઈ વધારવી, એસી લોકલ ટ્રેનોની ફ્રીક્વન્સી વધારવી, હાઇ-ડેફિનેશન સીસીટીવી કેમેરા દ્વારા પ્લેટફોર્મ પર દેખરેખ રાખવી, લોકોને ચાલતી ટ્રેનોમાં ચઢતા અટકાવવા માટે કેટલીક ટ્રેનોના દરવાજા પર 'બ્લુ લાઇટ' લગાવવી અને મિશન ઝીરો ડેથ દ્વારા જાગૃતિ ફેલાવવી વગેરેનો સમાવેશ થાય છે. ■

# ગઢચિરોલીમાં ચાલી રહેલા સ્પેશિયલ ઑપરેશનમાં વધુ બે નક્સલવાદી ઠાર

## રાજ્ય પોલીસના સ્પેશિયલ ફોર્સનો ઘાયલ જવાન શહીદ

ગઢચિરોલી: ગઢચિરોલી જિલ્લામાં ચાલી રહેલા સ્પેશિયલ ઑપરેશનમાં વધુ બે નક્સલવાદીને ઠાર કરવામાં આવ્યા હતા, જ્યારે એન્કાઉન્ટર દરમિયાન ઘાયલ થયેલા રાજ્ય પોલીસના સ્પેશિયલ ફોર્સનો જવાન શહીદ થયો હતો. ત્રણ દિવસ પહેલા શરૂ કરાયેલા ઑપરેશનમાં અત્યાર સુધી ત્રણ નક્સલવાદીને ઠાર કરાયા છે.

માઓવાદીઓની ૧૦ નંબરની કંપનીના કેડરોની હાજરી વિશે માહિતી મળ્યા બાદ ગઢચિરોલી-નારાયણપુર (છત્તીસગઢ) સરહદ પરના ફોદેવાડા ગામની નજીક ભામ્રાગઢના એસડીપીઓ (સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસર) હેઠળ મંગળવારે ૧૪ સી-૬૦ યુનિટ્સ દ્વારા ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે બુધવારે નક્સલવાદીઓના બે કેમ્પનો નાશ કર્યો હતો. ઑપરેશન વધુ આક્રમક બનાવવા ગુરુવારે સવારે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ક્યુએટી (ક્વિક એક્શન ટીમ)ના એક યુનિટ તેમ જ સી-૬૦ના વધુ ચાર યુનિટ્સને કામે લગાવવામાં આવ્યાં હતાં.

પોલીસના જણાવ્યા મુજબ ગુરુવારે એકે-૪૭ રાઇફલ અને સેલ્ફ-લોડિંગ રાઇફલ (એસએલઆર) સાથે એક નક્સલવાદીનો મૃતદેહ મળી આવ્યો હતો. બાદમાં મહિલા સહિત વધુ બે નક્સલવાદીના મૃતદેહ મળી આવ્યા હતા. આથી હાલમાં ચાલી રહેલા ઑપરેશનમાં કુલ ત્રણ નક્સલવાદીઓ ઠાર થયા છે. જોકે તેમની ઓળખ હજી સ્થાપિત થઇ નથી. આ ઑપરેશનમાં ઇજાગ્રસ્ત સી-૬૦ના જવાન દીપક ચિન્ના મડવી (૩૮)ને ભામ્રાગઢથી એરલિફ્ટ કરવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. અન્ય એક ઘાયલ જવાન જોગા મડવીને પણ એરલિફ્ટ કરાયો હતો અને તે હવે જોખમથી બહાર છે. આ ઑપરેશન હજી પણ ચાલુ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# થાણેની કોર્ટે ૨૦૨૨ના ઍસિડ ઍટેક કેસમાં આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી

## ભયંકર-હિંસક ગુનાએ પીડિતાના જીવનને જીવતું દોજખ બનાવી દીધું: કોર્ટ

થાણે: થાણે જિલ્લાની કોર્ટે ૨૦૨૨માં મહિલા પર ઍસિડ હુમલો કરીને તેને ગંભીર ઇજા પહોંચાડવા બદલ આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી. કોર્ટે નોંધ્યું હતું કે 'ભયંકર અને હિંસક' ગુનાએ પીડિતાને જીવનને 'જીવતું દોજખ' બનાવી દીધું છે.

એડિશનલ સેશન્સ જજ જી.જી. ભણસાલીએ મુંબઈના રહેવાસી આરોપી કોલીમુદ્દીન આમિર શેખ (૪૯)ને ૨૦૨૨માં થયેલા ઍસિડ હુમલા માટે ભારતીય દંડસંહિતાની કલમ ૩૨૬-એ (સ્વેચ્છાએ ઍસિડ વિગેરેના ઉપયોગથી ગંભીર ઇજા પહોંચાડવી) હેઠળ દોષી ઠેરવ્યો હતો. કોર્ટે ૩ ફેબ્રુઆરીએ આ ચુકાદો આપ્યો હતો. એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર આર.ડબ્લ્યુ. પાંડેએ પશ્ચિમ બંગાળના મજૂર એવા આરોપી માટે કડક સજાની માગણી કરી હતી અને આરોપ સાબિત કરવા માટે કોર્ટમાં નવ સાક્ષીદારને રજૂ કર્યા હતા.

કેસની માહિતી અનુસાર થાણેમાં રહેતી વિધવા તસ્લિમા શેખ ટિફિન સર્વિસ પૂરી પાડતી હતી અને આરોપી સાથે રિલેશનશિપમાં હતી. ૨૨ એપ્રિલ, ૨૦૨૨ના રોજ પીડિતાના થાણેના નિવાસસ્થાને આરોપી પ્રવેશ્યો હતો અને તેણે પીડિતાના ચહેરા પર નાઇટ્રિક ઍસિડ ફેંક્યું હતું. જેમાં પીડિતા ગંભીર રીતે દાઝી ગઇ હતી. જજ ભણસાલીએ નોંધ્યું હતું કે શારીરિક ઇજાઓ ઉપરાંત પીડિતાને 'ઊંડો માનસિક આઘાત' લાગ્યો હતો અને તેનું જીવન 'જીવતું દોજખ' બની ગયું હતું. આ એક મહિલા સામનો ભયંકર અને હિંસક ગુનો છે, એવું આદેશમાં જણાવાયું હતું. કોર્ટે આરોપીને આ કેસમાં આજીવન કારાવાસની સજા ઉપરાંત પચાસ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો, જ્યારે ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (ડીએલએસએ)ને પીડિતાને વળતર યોજના હેઠળ સહાય મળે તેની ખાતરી કરવાના નિર્દેશ આપ્યા હતા. (પીટીઆઇ)■

# મુંબઈ-પુણે એક્સપ્રેસ વે ફરી 'જામ': ભીડ ઘટાડવા માટે બ્લોક

પુણે: મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ગેસ ટેન્કર પલટી જવાથી મોટો ટ્રાફિક જામ થયો છે. આને કારણે વાહન માલિકો અને મુસાફરોને ૩૨ કલાક સુધી હાલાકી સહન કરવી પડી હતી. આ રૂટ પર ટ્રાફિક જામ એક નિયમિત ઘટના બની ગઈ છે. દરમિયાન, વીકેન્ડ અને શનિવારે યોજાનારી જિલ્લા પરિષદની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પુણે જતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખવામાં આવી રહી છે. આને કારણે, મુસાફરોને ટ્રાફિક જામનો સામનો કરવો પડી શકે છે, અને વહીવટીતંત્રે ટ્રાફિકને સુવ્યવસ્થિત રાખવા માટે થોડા સમય માટે મુંબઈ તરફ જતા માર્ગને બ્લોક કરીને ટ્રાફિક ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો છે.

શનિવારથી એક્સપ્રેસ-વે પર પુણે જતા માર્ગ પર ખાનગી વાહનો, બસો, લક્ઝરી કોચ અને માલવાહક વાહનોની સંખ્યામાં વધારો થયો છે. સપ્તાહના અંતે ઘણા નાગરિકો પુણે, લોનાવાલા, ખંડાલા અને નજીકના પ્રવાસી સ્થળોએ જતા જોવા મળે છે. તે જ સમયે શનિવારે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પોતાના ગામોમાં જતા મતદારોની મોટી ભીડ પણ જોવા મળી રહી છે. આના કારણે બોરઘાટ, ખંડાલા ઘાટ, તેમજ આડોશી અને ખોપોલી વિસ્તારોમાં વાહનોની કતારો લાગી ગઈ છે.

### ટ્રાફિક ભીડ કેવી રીતે ઓછી થશે?

હાઇવે પોલીસ અને ટ્રાફિક વિભાગે સંયુક્ત રીતે ટ્રાફિક ભીડ ઘટાડવા માટે એક ખાસ યોજના બનાવી છે. તે મુજબ, પુણે જતા વાહનોને થોડા સમય માટે મુંબઈ તરફ જતા રસ્તાને બ્લોક કરીને પ્રાથમિકતા આપવામાં આવશે. જરૂર મુજબ ટ્રાફિકને અન્ય વૈકલ્પિક માર્ગો તરફ વાળવામાં આવશે અને મુસાફરોને ટ્રાફિક પોલીસની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.■

# ક્લિનિકમાં સગીરાનો વિનયભંગ: ડેન્ટિસ્ટ વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈ: કાંદિવલી વિસ્તારમાં ક્લિનિકમાં ૧૪ વર્ષની સગીરાનો વિનયભંગ કરવા પ્રકરણે ડેન્ટિસ્ટ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

કાંદિવલીના પટેલનગર વિસ્તારમાં આવેલી ક્લિનિકમાં ગુરુવારે આ ઘટના બની હતી. ઘટના બાદ ફરાર ડૉ. રવિ સિંહની પોલીસ દ્વારા શોધ ચલાવવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર સગીરા તેની માતા સાથે ટ્રિટમેન્ટ માટે ક્લિનિકમાં ગઇ હતી ત્યારે ડૉ. રવિ સિંહે તેની સાથે ગેરવર્તન કર્યું હતું.

સગીરાએ બૂમાબૂમ કરી મૂકતાં બહાર બેઠેલી તેની માતા અંદરથી રૂમમાં દોડી આવી હતી. બાદમાં સગીરાના પરિવારે તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે પોલીસે આરોપી વિરુદ્ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

# મોહમ્મદઅલી રોડ, ડોંગરીમાં પાલિકાનું બુલડોઝર ફર્યું

## ગેરકાયદે બાંધકામ અને ફેરિયાઓ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈનો સંવેદનશીલ વિસ્તાર ગણાતા ડોંગરી, મોહમ્મદ અલી રોડ, પાયધુની પર મોટી સંખ્યામાં ગેરકાયદે રીતે અંડિગો જમાવી બેસી ગયેલા ફેરિયાઓ અને ફૂટપાથ પર ગેરકાયદે બાંધકામ કરનારા સામે પાલિકાના 'બી' વોર્ડ દ્વારા જોરદાર કાર્યવાહી કરવામાં આવી છે. પાલિકાના બી' વોર્ડનો થોડા સમય પહેલા જ ચાર્જ લેનારા નવા આસિસ્ટન્ટ કમિશનર યોગેશ દેસાઈએ આ કાર્યવાહી હાથ ધરી હતી, જે સામાન્ય રીતે મોટી માત્રામાં લોકો ખરીદી માટે ઉમટતા હોય છે અને આ વિસ્તાર પણ સંવેદનશીલ ગણાય છે. સતત ચાર દિવસ સુધી ચાલેલી આ કાર્યવાહી દરમ્યાન ગેરકાયદે રીતે વધારવામાં આવેલા બાંધકામને તોડી પાડવાની સાથે જ અતિક્રમણ કરનારા ફેરિયાઓને પણ હટાવવામાં આવ્યા હતા.

'બી' વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર યોગેશ દેસાઈએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે ૨૯ જાન્યુઆરીથી વોર્ડની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જે ગુરુવાર પાંચ ફેબ્રુઆરી, ૨૦૨૬સુધી ચાલી હતી. આ દરમ્યાન સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ઈબ્રાહિમ મોહમ્મદ અલી રોડ, યુસુફ મેહરઅલી રોડ, લોકમાન્ય ટિળક રોડ જેવા વિસ્તારોમાં કાર્યવાહી કરીને ૨૫ ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા સ્ટોલ, ૪૦ વધારાના બાંધકામ, ૧૦ બોલાર્ડ ગ્રીલ તેમ જ ફેરિયાઓ સામે કાર્યવાહી કરીને રસ્તો તથા ફૂટપાથને અતિક્રમણ મુક્ત કરવામાં આવી હતી.■

# સૂર્યવંશીની કમાલ જોઈ, હવે આજથી સૂર્યકુમારના શૂરવીરોની ધમાલ જોઈશું

## આજે ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની પ્રથમ મૅચ વાનખેડેમાં સાંજે ૭.૦૦થી યુએસએ સામેઃ પહેલો મુકાબલો પાકિસ્તાન-



મુંબઈઃ ભારત અને શ્રીલંકામાં આજે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ રહ્યો છે જેમાં ભારતની પહેલી મૅચ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુએસએ) વિરુદ્ધ રમાશે. સૂર્યકુમાર યાદવ ભારતનો અને મોનાંક પટેલ યુએસએનો કૅપ્ટન છે. ક્રિકેટ જગતે ગઈ કાલે અન્ડર-૧૯ વર્લ્ડ કપની ફાઇનલમાં ભારતના ૧૪ વર્ષીય બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશી (૧૭૫ રન, ૮૦ બૉલ, ૧૫ સિક્સર, ૧૫ ફોર)ની ધમાકેદાર ઇનિંગ્સ જોઈ અને હવે આજથી આખું જગત અનેક હાર્ડ-હિટર્સ ધરાવતી ભારતીય ટીમની ધમાલ જોશે.

ભારતીય ટીમમાં વર્લ્ડ નંબર-વન અભિષેક શર્મા, ઇશાન કિશન, તિલક વર્મા, સૂર્યકુમાર, રિન્કુ સિંહ, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, શિવમ દુબે સહિતના આક્રમક બૅટ્સમેનો છે અને તેઓ આ ટુર્નામેન્ટની બાકીની ૧૯માંથી કોઈ પણ ટીમને ભારે પડી શકે.

ભારત ૨૦૨૪ના ચૅમ્પિયનપદ બાદ આ વખતે પણ ટ્રોફી જીતવા માટે ફેવરિટ છે. નવાઈની વાત એ છે કે ભારત છેલ્લે ટી-૨૦ વર્લ્ડ કપમાં હાર્યું હોય એવું છેક ૨૦૨૨માં બન્યું હતું. ત્યારે એ ઍડિલેઇડમાં ઇંગ્લૅન્ડ સામેની સેમિ ફાઇનલ હતી. ત્યાર બાદ નવી ટૂર્નામેન્ટથી અત્યાર સુધીમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં જીત્યું જ છે.

આજે ટી-૨૦ વિશ્વ કપની પ્રથમ મૅચ કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલૅન્ડ્સ વચ્ચે રમાશે. આઠમી માર્ચે આ ટૂર્નામેન્ટની ફાઇનલ રમાવાની છે.

### આજે કયા મુકાબલા

સવારે ૧૧.૦૦થીઃ કોલંબોમાં પાકિસ્તાન વિરુદ્ધ નેધરલૅન્ડ્સ

બપોરે ૩.૦૦થીઃ કોલકાતામાં વેસ્ટ ઇન્ડિઝ વિરુદ્ધ સ્કૉટલૅન્ડ

સાંજે ૭.૦૦થીઃ વાનખેડેમાં ભારત વિરુદ્ધ યુએસએ ■



# કુલ ૧૧૦ છગ્ગા, ૧૪૦૦-પ્લસ રનઃ આ છે રેકૉર્ડ-બ્રેકર સૂર્યવંશીની કારકિર્દીનો વૈભવ

હરારેઃ અન્ડર-૧૯ ક્રિકેટમાં અને ખાસ કરીને અહીંના વર્લ્ડ કપમાં બિહારના ટીનેજર વૈભવ સૂર્યવંશીનો દબદબો વધતો જ જાય છે જેની નવી ઝલક તેણે શુક્રવારે ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલમાં આપી હતી અને હવે તો તેના નવા જાદુઈ આંકડા બહાર આવ્યા છે. સૂર્યવંશીએ જુનિયર ક્રિકેટમાં પચીસ ઇનિંગ્સમાં કુલ ૧૧૦ સિક્સર ફટકારી છે તેમ જ ૧૪૦૦-પ્લસ રન કર્યા છે અને આ બન્ને નવા રેકૉર્ડ છે.

### વૈભવ આઉટ થતાં બ્રિટિશ ખેલાડીઓએ રાહતનો શ્વાસ લીધો

વૈભવ શુક્રવારે ૮૦ બૉલમાં ૧૫ સિક્સર અને ૧૫ ફોરની મદદથી ૧૭૫ રન કર્યા બાદ મૅની લમ્સડેનના બૉલમાં સ્કૂપ મારવા ગયો ત્યારે બૉલ તેના ગ્લવને સ્પર્શીને વિકેટકીપર-કૅપ્ટન થૉમસ રેવ તરફ ગયો હતો અને તેણે કૅચ ઝીલ્યો ત્યારે બ્રિટિશ ખેલાડીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

જુનિયર વર્લ્ડ કપમાં પહેલી જ વખત જોવા મળેલી આ ઇનિંગ્સ બાદ વૈભવ પાછો આવી રહ્યો હતો ત્યારે હરીફ ટીમના પ્લેયર્સે પણ તેને અભિનંદન આપ્યા હતા.

### વૈભવે કપિલ દેવના અણનમ ૧૭૫ રનની યાદ અપાવી

સૂર્યવંશીએ શુક્રવારે ઇંગ્લૅન્ડ સામેની વર્લ્ડ કપ ફાઇનલમાં ૮૦ બૉલમાં ૧૫ સિક્સર અને ૧૫ ફોરની મદદથી ૧૭૫ રન કર્યા હતા. તેણે ૧૭૫ રન કરીને ૧૯૮૩ના કપિલ દેવના અણનમ ૧૭૫ રનના ઐતિહાસિક અને યાદગાર સ્કોરની યાદ અપાવી હતી.

ત્યારે ઝિમ્બાબ્વે સામેની મૅચમાં ભારતે ૧૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી ત્યાર બાદ સૌએ કપિલ દેવની કમાલ જોઈ હતી. કપિલે ૧૩૮ બૉલમાં છ છગ્ગા અને ૧૬ ચોગ્ગાની મદદથી અણનમ ૧૭૫ રન કરીને ભારતને અવિસ્મરણીય વિજય અપાવ્યો હતો.

### વૈભવના વિક્રમની બોલબાલા

વૈભવે શુક્રવારે જે કુલ ૧૧૦ સિક્સર ફટકારી છે એ વિક્રમને બીજો કોઈ ખેલાડી જલદી તોડી શકે એવી કોઈ સંભાવના નથી, કારણકે તેના પછીના બીજા ક્રમે જે ખેલાડી છે એણે ૩૩ ઇનિંગ્સમાં પંચાવન છગ્ગા માર્યા હતા. સૂર્યવંશી પછીના આ બીજા સ્થાને બાંગ્લાદેશનો જવાદ અબરાર છે.

એક વર્લ્ડ કપમાં સૌથી વધુ બાવીસ સિક્સર ફટકારીને વૈભવે સાઉથ આફ્રિકાના ડેવાલ્ડ બ્રેવિસનો (એક ટૂર્નામેન્ટમાં) ૧૮ સિક્સર મારવાનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો. વૈભવ આ વર્લ્ડ કપના ઇતિહાસમાં સૌથી નાની (૧૪ વર્ષની) ઉંમરે સદી ફટકારનાર ખેલાડી પણ બન્યો છે.

### ૧૪ છગ્ગાનો પોતાનો રેકૉર્ડ તોડ્યો

સૂર્યવંશીએ શુક્રવારની એક ઇનિંગ્સમાં જ ૧૫ છગ્ગા માર્યા હતા. એ સાથે તેણે યુથ ક્રિકેટમાં ૧૦૦ છગ્ગાનો આંકડો પાર કર્યો હતો. યુથ વન-ડે ક્રિકેટની એક ઇનિંગ્સમાં સૌથી વધુ ૧૪ છગ્ગા ફટકારવાનો પોતાનો જ વિશ્વ વિક્રમ સૂર્યવંશીએ તોડ્યો છે અને હવે ૧૫ છગ્ગાનો નવો રેકૉર્ડ પોતાના નામે કર્યો છે.

### વિજય ઝોલનો વિક્રમ તોડ્યો

વૈભવે અન્ડર-૧૯ ક્રિકેટમાં સૌથી વધુ ૧,૪૦૪ રન બનાવનાર ભારતીયોમાં વિજય ઝોલનો વિક્રમ પણ તોડી નાખ્યો છે. વૈભવના નામે હવે ૧,૪૧૨ રન છે. વૈભવને લીધે જ શુક્રવારે ભારતીય ટીમ વર્લ્ડ કપની નૉકઆઉટ મૅચમાં ૩૫૦-પ્લસ રન બનાવનાર પ્રથમ ટીમ બની હતી. ■

# ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો, હર્ષિત રાણા વર્લ્ડ કપમાંથી આઉટઃ સિરાજ ઈન



મુંબઈઃ શનિવાર, સાતમી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા ટી-૨૦ વર્લ્ડ કપના ગણતરીના કલાકો પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો છે જેમાં એનો ફાસ્ટ બોલર હર્ષિત રાણા ઘૂંટણની ઈજાને કારણે આ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયો છે. તેના સ્થાને મોહમ્મદ સિરાજને ટીમમાં લેવામાં આવ્યો છે.

બુધવારે સાઉથ આફ્રિકા સામેની વૉર્મ-અપ મૅચ દરમ્યાન હર્ષિતને ઘૂંટણમાં ઈજા પહોંચી હતી. ફિઝિયોથેરપિસ્ટ તેને સમયસર ફિટનેસ પાછી અપાવવા પૂરો પ્રયત્ન કરી રહ્યા છે. કૅપ્ટન સૂર્યકુમાર યાદવે શુક્રવારે બપોર સુધીમાં હર્ષિતને ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો એવો કોઈ સંકેત નહોતો આપ્યો, પરંતુ ટીમની નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે હર્ષિત આ ટૂર્નામેન્ટ દરમ્યાન ફરી ફિટ થઈ જશે એવી કોઈ સંભાવના નથી. તેને ઘૂંટણ ઉપરાંત સાથળમાં પણ દુખાવો હતો.

હર્ષિતને આ ઈજા નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામેની મૅચમાં બોલિંગ કરતી વખતે થઈ હતી. તે એ એકમાત્ર ઓવરમાં બે વખત રન-અપ પર અટકી ગયો હતો અને ઘૂંટણ પકડી લીધો હતો. પછીથી તેના એ પગમાં પાટા પણ જોવા મળ્યા હતા.

હર્ષિતે એ મૅચમાં એક જ ઓવર બોલિંગ કરી હતી જેમાં ૧૬ રન બન્યા હતા. જોકે ઇશાન કિશનના ધમાકેદાર ૫૩ રન તેમ જ અભિષેક શર્મા, હાર્દિક પંડ્યા, તિલક વર્મા, અક્ષર પટેલ, સૂર્યકુમાર યાદવ અને રિન્કુ સિંહના યોગદાનોની મદદથી ભારતે પાંચ વિકેટે જે ૨૪૦ રન કર્યા હતા એ સાઉથ આફ્રિકાને વધુ હતા અને તેઓ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૧૦ રન બનાવી શકતા ભારતનો ૩૦ રનથી વિજય થયો હતો.

હર્ષિત રાણાની ગેરહાજરીમાં ભારત પાસે મુખ્ય ત્રણ ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહ, સિરાજ તેમ જ બીજા બે સપોર્ટિંગ પેસ બોલર હાર્દિક પંડ્યા અને શિવમ દુબે છે. ભારતના સ્પિનર્સમાં કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર અને અભિષેક શર્માનો સમાવેશ છે.

### હર્ષિત તાજેતરમાં બૅટિંગમાં પણ ઝળકેલો

હર્ષિત રાણાની હાજરીથી ભારતની બૅટિંગ લાઇન-અપ છેક નવમા નંબર સુધી ગણાતી હતી. તેણે તાજેતરમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની ત્રીજી વન-ડેમાં ૫૦ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૪૩ બૉલમાં ચાર છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી બાવન રન કર્યા હતા. ■

# મોહમ્મદ કૈફથી આયુષ મ્હાત્રે સુધીની સુવર્ણ સફરઃ ભારત છ વખત અન્ડર-૧૯માં વર્લ્ડ ચૅમ્પિયન



હરારેઃ ભારતે મેન્સ અન્ડર-૧૯ વન-ડે ક્રિકેટમાં શુક્રવારે છઠ્ઠી વખત વર્લ્ડ કપનો તાજ જીત્યો જે વિશ્વવિક્રમ છે અને આ રેકૉર્ડ-બ્રેક સફરમાં મોહમ્મદ કૈફથી માંડીને આયુષ મ્હાત્રે સુધીના છ સફળ સુકાનીનો સમાવેશ છે.

ભારતે છઠ્ઠું ટાઇટલ શુક્રવારે ઝિમ્બાબ્વેના હરારેમાં ઇંગ્લૅન્ડને ૧૦૦ રનથી હરાવીને જીતી લીધું હતું. ભારતે ટૉસ જીત્યા બાદ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૪૧૧ રન કર્યા હતા જેના જવાબમાં ઇંગ્લૅન્ડની ટીમ ૪૦.૨ ઓવરમાં ૩૧૧ રનના ટોટલ પર ઑલઆઉટ થઈ હતી.

### બન્ને અવૉર્ડ વૈભવ સૂર્યવંશીનેઃ પાકિસ્તાનીનો વિક્રમ તોડ્યો

શુક્રવારે ૮૦ બૉલમાં ૧૫ છગ્ગા અને ૧૫ ચોગ્ગાની મદદથી ૧૭૫ રન કરનાર વૈભવ સૂર્યવંશીને મૅન ઑફ ધ ફાઇનલનો તેમ જ આ વર્લ્ડ કપમાં સેકન્ડ-હાઇએસ્ટ ૪૩૯ રન કરવા બદલ તેમ જ ઘણી મૅચ-વિનિંગ ઇનિંગ્સ રમવા બદલ મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો.

તેણે ૧૭૫ રન કરીને ટી-૨૦ના નૉકઆઉટ રાઉન્ડમાં હાઇએસ્ટ રનનો પાકિસ્તાની પ્લેયર સમીર મિન્હાસનો ૧૭૨ રનનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો.

### વૈભવના વર્લ્ડ રેકૉર્ડ

૧૪ વર્ષની સૌથી નાની વયે અન્ડર-૧૯ની મૅચમાં સેન્ચુરી ફટકારનાર વૈભવે આઇસીસી ઇવેન્ટની ફાઇનલમાં (જુનિયર કે સિનિયર લેવલમાં) ૧૭૫ રનનો વર્લ્ડ રેકૉર્ડ સ્થાપિત કર્યો છે.

યુથ ઓડીઆઇની એક ઇનિંગ્સમાં સૌથી વધુ ૧૫ સિક્સરનો વર્લ્ડ રેકૉર્ડ પણ તેણે રચ્યો છે.

એક વન-ડેમાં ૧૫ સિક્સર + ૧૫ ફોર = ૧૫૦ રન બનાવવાનો વર્લ્ડ રેકૉર્ડ પણ હવે વૈભવના નામે છે.

### ભારતના છ જુનિયર વર્લ્ડ ટાઇટલ

(૧) ૨૦૦૦માં પ્રથમ ટાઇટલઃ કૅપ્ટન મોહમ્મદ કૈફ (૨) ૨૦૦૮માં બીજું ટાઇટલઃ કૅપ્ટન વિરાટ કોહલી (૩) ૨૦૧૨માં ત્રીજું ટાઇટલઃ કૅપ્ટન ઉન્મુક્ત ચંદ (૪) ૨૦૧૮માં ચોથું ટાઇટલઃ કૅપ્ટન પૃથ્વી શૉ (૫) ૨૦૨૨માં પાંચમું ટાઇટલઃ કૅપ્ટન યશ ધુલ અને (૬) ૨૦૨૬માં છઠ્ઠું ટાઇટલઃ કૅપ્ટન આયુષ મ્હાત્રે.

### ઋષિકેશ કાનિટકરના કોચિંગમાં જીત્યા

ભારતની અન્ડર-૧૯ ટીમે આ વખતે ભૂતપૂર્વ સ્પિન-ઑલરાઉન્ડર અને ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર હેમંત કાનિટકરના પુત્ર ઋષિકેશ કાનિટકરના કોચિંગમાં વિશ્વ કપના ટાઇટલની સિદ્ધિ મેળવી છે. તેના પ્રશિક્ષણમાં ભારતીય ટીમે ૯/૪૧૧ રનનો હાઇએસ્ટ સ્કોર નોંધાવ્યો હતો. ■







**વડોદરામાં સ્મૃતિની ટીમે યાદગાર વિજય મેળવીને વટ રાખ્યો**

વડોદરામાં ગુરુવારે વિમેન્સ પ્રીમિયર લીગ (ડબ્લ્યૂપીએલ)ની રોમાંચક ફાઇનલમાં દિલ્હી (૨૦ ઓવરમાં ૪/૨૦૩)ને હરાવીને બીજી વખત ટાઇટલ જીતનાર સ્મૃતિ મંધાનાની કૅપ્ટન્સીમાં જશન મનાવતી બેંગ્લૂર (૧૯.૪ ઓવરમાં ૪/૨૦૪)ની ટીમ (વચ્ચે). મુંબઈની જેમ બેંગ્લૂરુએ પણ બે ટાઇટલ જીતી લીધા છે, જ્યારે દિલ્હીની ટીમ સતત ચોથી વાર પણ ફાઇનલમાં પહોંચ્યા બાદ રનર-અપ રહી છે. સ્મૃતિ મંધાના હાઇએસ્ટ ૩૭૭ રન બદલ ઑરેન્જ કૅપ જીતી હતી જે તેણે તેની ખાસ ફ્રેન્ડ અને દિલ્હીની સુકાની જેમિમા રૉડ્રિગ્સને પહેરાવી હતી (ડાબે). એ અગાઉ, ફાઇનલ દરમ્યાન એક તબક્કે દિલ્હીની ખેલાડીઓ ખૂબ જોશમાં કૂદી હતી, પણ પછી પરાજિત થઈ હતી.

# વીક એન્ડ


સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com


# ટી-૨૦નો તાજ જીતવા ૨૦ દેશની દોડ: કયો દેશ પહેલી વખત ૩૦૦ રન ફટકારશે?

## આજથી ભારત અને શ્રીલંકામાં ટી-૨૦નો વર્લ્ડ કપ, સતત બે ટાઇટલ જીતનાર પ્રથમ દેશ બનવાનો ટીમ ઈન્ડિયાને મોકો

૨૦૧૧માં ભારતે મેન્સ વન-ડે વર્લ્ડ કપનું આયોજન કર્યું હતું અને આપણે એમએસ ધોનીની કૅપ્ટન્સીમાં ચૅમ્પિયન બન્યા ત્યાર બાદ ઘરઆંગણે વિશ્વકપની ટ્રોફી જીતવાનો અવસર ૨૦૨૫માં મહિલા ક્રિકેટરોએ અપાવ્યો હતો જેમાં હરમનપ્રીત કૌરની કૅપ્ટન્સીમાં અને સ્મૃતિ મંધાનાની વાઇસ-કૅપ્ટન્સીમાં આપણે પહેલી વખત વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ જીત્યા હતા, પરંતુ ટી-૨૦ના ફૉર્મેટમાં આપણે ક્યારેય હોમ-ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપનું ટાઇટલ નથી જીતી શક્યા જેનો સુવર્ણ અવસર આ વખતે મળી રહ્યો છે.

આજે ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે જેમાં ભારતનો પ્રથમ મુકાબલો (સાંજે ૭.૦૦ વાગ્યાથી) વાનખેડે સ્ટેડિયમમાં અમેરિકા સામે થશે. રવિવાર, આઠમી માર્ચે ફાઇનલ રમાશે. ૨૦ દેશ ટી-૨૦ના આ મહાસંગ્રામમાં ભાગ લેશે અને ટી-૨૦ વર્લ્ડ કપમાં પહેલી જ વખત ૩૦૦ રનનો ટીમ-સ્કોર જોવા મળશે તો નવાઈ નહીં લાગે. શ્રીલંકાનો સ્કોર (૨૦૦૭માં કેન્યા સામે ૬/૨૬૦) ટી-૨૦ વર્લ્ડ કપનો અત્યાર સુધીનો હાઇએસ્ટ ટીમ-સ્કોર છે. જોકે આ વખતે મૅચો ભારત અને શ્રીલંકાની બૅટિંગ-પિચો પર રમાવાની હોવાથી તેમ જ આઉટફીલ્ડ ફાસ્ટ રહેવાના હોવાને કારણે ભારત, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ જેવી સારી ટીમો માટે ૩૦૦ રન સુધી પહોંચવું બહુ મુશ્કેલ કામ નથી.

ભારત બબ્બે ટી-૨૦ વર્લ્ડ કપ ટાઇટલ જીત્યું છે, પણ અગાઉ આ મેગા ટૂર્નામેન્ટનું યજમાન બનવાનો લાભ આપણને એક જ વખત મળ્યો હતો. ૨૦૧૬માં વેસ્ટ ઇન્ડિઝની ટીમ આપણે ત્યાંથી ટ્રોફી જીતીને પાછા ગયા હતા.

૨૦૨૪માં આપણે અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં સંયુક્ત રીતે આયોજિત ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી રોહિત શર્માના સુકાનમાં જીત્યા હતા અને હવે સતત બીજી ટૂર્નામેન્ટ જીતવાનો સમય આવી ગયો છે અને એ પણ એવરગ્રીન અને સ્ટાર બૅટ્સમૅન સૂર્યકુમાર યાદવની સફળ કૅપ્ટન્સીમાં. ભારત સતત બીજી ટૂર્નામેન્ટમાં ટ્રોફી જીતવા માટે હૉટ-ફેવરિટ છે. જો ભારત આ વખતે પણ ચૅમ્પિયન બનશે તો આ વર્લ્ડ કપની લાગલગાટ બે ટ્રોફી તથા કુલ ત્રણ ટાઇટલ મેળવનાર જીતનાર પ્રથમ દેશ બનશે.

ટી-૨૦ના વિશ્વકપનો ૨૦૦૭માં ઉદય થયો ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ક્યારેય એક વર્લ્ડ કપમાં એકસાથે ૨૦ ટીમે ભાગ નહોતો લીધો, પણ આ વખતે એ હકીકત છે. યજમાન ભારત અને શ્રીલંકા સહિત કુલ ૨૦ દેશ આ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. પાંચ-પાંચ દેશને ચાર ગ્રૂપમાં વહેંચવામાં આવ્યા છે. પહેલી વખત ૨૦ દેશ રમવાના છે ત્યારે પહેલી વાર આ સૌથી ટૂંકા ફૉર્મેટનો વિશ્વકપ આરંભ પહેલાં જ મોટા વિવાદમાં ફસાયો છે. આવું અગાઉ ક્યારેય કોઈ ટી-૨૦ વર્લ્ડ કપમાં નહોતું બન્યું. બાંગ્લાદેશે ભારતમાં પોતાની મૅચો રમવાનો ઇનકાર કર્યો એટલે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ બાંગ્લાદેશને ટૂર્નામેન્ટની બહાર કર્યું જેના પ્રત્યાઘાતમાં પાકિસ્તાને ભારત સામેની કોલંબોની ૧૫મી ફેબ્રુઆરીની મૅચનો બહિષ્કાર કરવાનું નાટક શરૂ કરી દીધું હતું.


છેલ્લે ૨૦૨૪માં રોહિત શર્મા (ડાબેથી ત્રીજો)ની કૅપ્ટન્સીમાં ભારત ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યું હતું.



સૂર્યકુમાર યાદવને ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન રોહિત શર્મા અને ૨૦૨૫ની વન-ડે વર્લ્ડ ચૅમ્પિયન સુકાની હરમનપ્રીત કૌરે તાજેતરમાં મુંબઈની ઇવેન્ટમાં વિજેતાપદ મેળવવા વિશે શુભેચ્છા આપી હતી.

### આ ૨૦ દેશ વર્લ્ડ કપમાં રમશે

ભારત, શ્રીલંકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ, અફઘાનિસ્તાન, પાકિસ્તાન, અમેરિકા, કૅનેડા, નામિબિયા, સ્કૉટલૅન્ડ, નેધરલૅન્ડ્સ, આયરલૅન્ડ, નેપાળ, યુએઇ, ઇટલી, ઓમાન અને ઝિમ્બાબ્વે.

### આજે પહેલી મૅચ પાકિસ્તાનની

ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની કોલંબોની મૅચ રમવા વિશે પોતાનો જ ધજાગરો કરી રહેલું પાકિસ્તાન શનિવાર, સાતમી ફેબ્રુઆરીએ કોલંબોમાં નેધરલૅન્ડ્સ સામે રમશે. સવારે ૧૦.૩૦ વાગ્યે આ પ્રારંભિક મૅચનો ટૉસ થશે અને ૧૧.૦૦ વાગ્યે પ્રથમ બૉલ ફેંકવામાં આવશે. પાકિસ્તાનની તમામ મૅચો શ્રીલંકામાં રમાવાની છે. ફાઇનલ માટે બે સ્થળ નક્કી કરવામાં આવ્યા છે. જો પાકિસ્તાન ફાઇનલમાં નહીં હોય તો એ મુકાબલો અમદાવાદમાં યોજાશે અને પાકિસ્તાન ફાઇનલમાં પહોંચ્યું હશે તો એ મૅચ કોલંબોમાં રમાશે.

### ભારતમાં છઠ્ઠી વખત મેન્સ વર્લ્ડ કપ

ભારતમાં અગાઉ પાંચ વખત પુરુષોના વિશ્વકપના આયોજન થયા હતા. ૧૯૮૭, ૧૯૯૬, ૨૦૦૭ અને ૨૦૧૧માં વન-ડેનો તથા ૨૦૧૬માં ટી-૨૦નો વર્લ્ડ કપ ભારતમાં રમાયો હતો. જોકે એમાંથી માત્ર ૨૦૧૧માં યજમાન ભારત તાજ જીત્યું હતું.

### ભારતની લીગ મૅચો ક્યાં, ક્યારે

(૧) શનિવાર, ૭મી ફેબ્રુઆરીએ અમેરિકા સામે વાનખેડેમાં
(૨) ગુરુવાર, ૧૨મી ફેબ્રુઆરીએ નામિબિયા સામે દિલ્હીમાં
(૩) રવિવાર, ૧૫મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે કોલંબોમાં (વિવાદ હેઠળ)
(૪) બુધવાર, ૧૮મી ફેબ્રુઆરીએ, નેધરલૅન્ડ્સ સામે અમદાવાદમાં

નોંધ: શનિવાર, ૨૧મી ફેબ્રુઆરીએ સુપર-એઇટ રાઉન્ડ શરૂ થશે.

### કયા ગ્રૂપમાં કઈ ટીમ

ગ્રૂપ-એ: ભારત, અમેરિકા, પાકિસ્તાન, નામિબિયા, નેધરલૅન્ડ્સ
ગ્રૂપ-બી: ઑસ્ટ્રેલિયા, આયરલૅન્ડ, ઓમાન, શ્રીલંકા, ઝિમ્બાબ્વે
ગ્રૂપ-સી: ઇંગ્લૅન્ડ, ઇટલી, નેપાળ, સ્કૉટલૅન્ડ, વેસ્ટ ઇન્ડિઝ
ગ્રૂપ-ડી: અફઘાનિસ્તાન, કૅનેડા, ન્યૂ ઝીલૅન્ડ, સાઉથ આફ્રિકા, યુએઇ

### વર્લ્ડ કપનું ફૉર્મેટ શું છે

૨૦ ટીમને પાંચ-પાંચના ચાર ગ્રૂપમાં વહેંચવામાં આવી છે. દરેક ટીમ પોતાના ગ્રૂપમાં દરેક સામે એક મૅચ રમશે. ચારેય ગ્રૂપની ટોચની બે-બે ટીમ સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચશે. એ રાઉન્ડમાં ચાર-ચાર ટીમના બે ગ્રૂપ પડશે. એમાં ટોચના બે-બે સ્થાને રહેનારી ટીમ સેમિ ફાઇનલમાં જશે.

### મૅચ ટાઇ થશે તો શું

જો કોઈ મૅચ ટાઇ થશે તો સુપર ઓવરથી પરિણામ લાવવામાં આવશે. જો સુપર ઓવરમાં પણ બન્ને ટીમ એકસરખી હશે તો વધુ સુપર ઓવર રમાશે અને એ મૅચનું પરિણામ ન આવે ત્યાં સુધી એ ઘટનાક્રમ ચાલુ રહેશે.

### વરસાદ કે બીજી અણધારી સ્થિતિ હશે તો?

ભારતમાં થોડાં વર્ષોથી કમોસમી વરસાદની સંભાવના રહેતી હોય છે. શ્રીલંકામાં પણ આવું બની શકે. જો લીગમાં કે સુપર-એઇટ રાઉન્ડમાં કોઈ મૅચ વરસાદ કે નબળા પ્રકાશને કારણે ખોરવાઈ જશે તો પરિણામ માટે બન્ને ટીમની પાંચ-પાંચ ઓવર રમાઈ હોવી જોઈશે. સેમિ ફાઇનલ અને ફાઇનલમાં રિઝલ્ટ માટે ઓછામાં ઓછી ૧૦ ઓવરનો નિયમ લાગુ પડશે.

### ભૂતકાળમાં કયો દેશ ક્યારે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો

૨૦૦૭: ભારત
૨૦૦૯: પાકિસ્તાન
૨૦૧૦: ઇંગ્લૅન્ડ
૨૦૧૨: વેસ્ટ ઇન્ડિઝ
૨૦૧૪: શ્રીલંકા
૨૦૧૬: વેસ્ટ ઇન્ડિઝ
૨૦૨૧: ઑસ્ટ્રેલિયા
૨૦૨૨: ઇંગ્લૅન્ડ
૨૦૨૪: ભારત ■


અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com


# ઓસાકા કાસલમાં કરી ફૂલો માણવાની ‘હાનામી’...









ઓસાકાનો માત્ર એક જ ફોટો ક્યાંક આપવાનો હોય તો કદાચ રનિંગ મેનનું બિલબોર્ડ આજકાલ વધુ લોકપ્રિય થઈ ગયું છે, પણ ઓસાકાની ઓળખ સાથે સદીઓથી જોડાયેલો તો ત્યાંનો કિલ્લો જ છે. ખાસ તો તેને દરેક સેલિબ્રેશનની સિઝનમાં લાઇટોથી સજાવવામાં આવે છે. ટોક્યોના કાસલની જેમ આ કિલ્લો પણ દરેક દિશાઓમાં પાર્કથી ઘેરાયેલો છે અને અંદર કલાના સ્વરૂપે ઓસાકાનો ઇતિહાસ છુપાવીને બેઠો છે. હવે તો ઓફિશિયલી આખો કાસલ મ્યુઝિયમમાં જ ફેરવી દેવામાં આવ્યો છે. અમે કાસલ જોવા એવી રીતે પહોંચેલાં કે ડે લાઇટમાં અને રાત્રે પણ જોઈ શકીએ. આમ તો એકવાર હિમેજી કાસલ જોયા પછી પહેલાં તો લાગ્યું કે ઓસાકાના કિલ્લામાં હવે કશું જોવાનું બાકી રહ્યું નહિ હોય. જાપાનીઝ પેલેસ સ્ટાઇલ તો હવે સમજાવા લાગી જ હતી, સાથે ત્યાં કિલ્લાના ભપકા કરતાં ગાર્ડન અને આસપાસનાં ચેરી અને પ્લમનાં વૃક્ષોને વધુ મહત્ત્વ મળતું હોય તેવું લાગતું હતું.

અમે ત્યાં પહોંચ્યાં પછી ઘણો લાંબો સમય સુધી તો કિલ્લો આવ્યો પણ નહીં. અમને પાર્કમાં જ કુદરત જલસો કરાવી રહી હતી. તે સમયે હજી ચેરી બ્લોસમને તો વાર હતી, પણ પ્લમ બ્લોસમની મોસમ આવી ચૂકી હતી. અને ચેરી બ્લોસમ ભલે વધુ લોકપ્રિય હોય, તે વખતે સમજાઈ ગયું હતું કે પ્લમના મોલ ઘેરા ગુલાબી અને જાંબલી વચ્ચેના કોઈ રંગના હતા અને ચેરી બ્લોસમ કરતાં નક્કી વધુ આકર્ષક લાગતા હતા. વળી બરાબર તે પાર્કની બીજી તરફ હતો કિલ્લો. આ પ્લમ પાર્ક સુધી પહોંચવામાં અને ત્યાં લટાર મારવા માટે તો ટિકિટની જરૂર પણ નથી. ત્યાં ટિકિટ માત્ર કિલ્લાની અંદરનું મ્યુઝિયમ જોવા માટેની છે. આ પ્લમ પાર્કની મજા ત્યાં અનંત વૃક્ષો વચ્ચે રંગોમાં ક્યાંક ઘેરો અને ક્યાંક આછો ગુલાબી પણ દેખાતો હતો, પણ તે ચેરી તો ન હતાં. પછી કિલ્લાની અંદરના ગાઈડ પાસેથી જાણવા મળ્યું કે ૧૨૦૦થી વધુ વૃક્ષો વચ્ચે પ્લમના જ ૧૦૦થી વધુ પ્રકારો છે.

પ્લમનાં ફૂલો વચ્ચે એક અનોખી ફ્રૂટી સુગંધ પણ હતી. જાપાનમાં બીજી કોઈ પણ સિઝનમાં મેળ પડે કે નહીં, વસંતમાં તો એક વાર જરૂર ખાસ ફૂલોની એ અનોખી સુવાસ લેવા પણ જવું જ રહ્યું. હજી ૧૯૭૪માં જ પ્લાન્ટ કરવામાં આવેલા આ પ્લમ પાર્કને પચાસેક માંડ થયાં છે અને ઓસાકા કાસલમાં સ્પ્રિંગમાં ભાગ્યે જ બીજા કોઈ હિસ્સા પર નજર પડતી હતી. અને એટલે જ કદાચ આ કિલ્લો ‘હાનામી’ માટેનું સૌથી લોકપ્રિય સ્થળ છે. જાપાનીઝમાં ફૂલોને માણવાની પ્રવૃત્તિને હાનામી કહેવાય છે. હાનામી આમ તો યુરોપમાં પણ કરવા મળી જ જતી હતી, પણ અહીં તો હાનામી સેન્ટ્રલ જેવો માહોલ હતો. બહાર ધાર્યા કરતાં વધુ સમય વિતાવીને આખરે અમે કાસલમાં અંદર ઘૂસ્યાં. માહોલ હિમેજી કરતાં સાવ અલગ જ હતો. ટોક્યો કાસલ તો સંપૂર્ણ ટૂરિસ્ટ વાઈબથી ભરેલો હતો. હિમેજી અંદરથી કોઈ ઐતિહાસિક ફીલથી ભરપૂર હતો. અહીં તો ઇતિહાસ અને મ્યુઝિયમનું એકદમ માપસરનું મિશ્રણ હતું. તેમાંય પાંચમા માળ પર સ્થાનિક હિસ્ટ્રીનાં છેલ્લાં હજાર વર્ષોના આ કિલ્લા, શહેર અને આખાય રિજન સંબંધિત વીડિયો જોવાની મજા પડી. જાપાનીઝ એનિમેશન અને જાપાનીઝ એક્સેન્ટવાળી અંગ્રેજીમાં કોમેન્ટ્રી સાંભળીને વધુ એક લેયરનો સ્થાનિક લેવર મળી રહ્યો હતો. ત્યાં ધાર્યા કરતાં વધુ સ્થાનિક મુલાકાતીઓ પણ નજરે પડી રહ્યાં હતાં. ગાઇડ પાસેથી જાણવા મળ્યું કે આ સિઝનમાં ખાસ સ્પ્રિંગ બ્લૂમ સાથે કિલ્લો જોવા માટે આખા જાપાનથી પણ લોકો આવી પહોંચે છે, પણ છેલ્લાં પાંચેક વર્ષથી ફોરેન ટૂરિસ્ટનો તો જાણે રાફડો જ ફાટ્યો છે.

છઠ્ઠા માળેથી ઓસાકા શહેરનો વ્યૂ પણ દેખાયો. જોકે ઓસાકામાં મોજ ભલે ઘણી હોય, ત્યાંનું પેનોરમા દૃશ્ય ટોક્યોની સામે ઘણું ફિક્કુ લાગતું હતું. કિલ્લાના ઇતિહાસ વિષે બીજી વાતો કરવા સાથે ગાઇડે અત્યંત ગંભીરતાથી કહ્યું કે આ ઓરિજનલ કિલ્લો નથી. પહેલાં તો લાગ્યું કે કદાચ વિશ્વયુદ્ધ સંબંધિત કોઈ નુકસાન થયું હશે, કે પછી વધુ પૌરાણિક નાનકડો કિલ્લો નજીકમાં જ ક્યાંક હશે. એવું કશું ન હતું. આ જ જગ્યાએ પહેલો કિલ્લો ૧૫૮૦ના દશકમાં બનેલો અને પછી અવારનવાર આગ લાગવાથી તે ઘણી વાર સાવ ભસ્મીભૂત થયો હતો અને તેના સ્થાને સમયાંતરે સમારકામ થતું આવ્યું હતું. તેનું છેલ્લું રિનોવેશન તો છેક ૧૯૨૬માં થયું હતું. ત્યાંના આઠેઆઠ માળ પર મ્યુઝિયમનો કોઈ ને કોઈ હિસ્સો ગોઠવાયેલો હતો. અને તેની ઘેરા લીલા રંગની છત જોઈને આભા થઈ જવાય તેવું હતું. ઓસાકાનો કિલ્લો દરેક દિશાથી જોવાલાયક લાગતો હતો. કિલ્લાના પાર્કમાં થાક્યા પછી ખબર પડી કે અંદર ફરવા માટે ગોલ્ફ કાર્ટ પણ લેવાનું શક્ય હતું. ત્યાં ઘણી ઊતરચઢ કર્યા પછી ત્યાંનું જાપાનીઝ ટીહાઉસ અને માર્શલ આર્ટ્સ ટ્રેનિંગ સ્કૂલ પણ જોવા મળ્યાં. આખરે કિલ્લાથી પેટ ભરાયું અને પેટપૂજા યાદ આવી. ત્યાંનો લોકપ્રિય બ્રિજ ક્રોસ કર્યા પછી ખાણીપીણીનો વિસ્તાર આવ્યો. અહીં પોપ કલ્ચર સંબંધિત બીજી દુકાનો પણ હતી જ. ક્યાંક વીડિયો ગેમ્સની દુકાન તો ક્યાંક જૂની કોમિક બુક્સની. જાપાન સાથે સંબંધિત દરેક ક્લિશે તે ગલીઓમાં મોજૂદ હતું. હાનામી કરવા આવેલાં લોકો જમવા જતાં ત્યારે તેમને એ જ થીમનાં બેન્ટો બોક્સ પણ મળી જતાં. તે બેન્ટો બોક્સ સાથે ફૂલોને માણતાં જાપાનીઝ વાનગીઓ ચાખવા મળે તેનાથી વધુ મજાનું બીજું શું હોઈ શકે. તે સાથે અમને ત્યાં સાકુરા એટલે કે ચેરી બ્લોસમ લેવરની મોચીની મજા પણ લેવા મળી. મોચીનો સ્વાદ ગમવા કરતાં મોચીનો કોન્સેપ્ટ મને વધુ ભાવતો હતો. બાકી જ્યારે પણ મોચી મોઢામાં ગઈ છે તે પછી તેને ચાવ્યા કરવામાં ખાસ મજા આવી ન હતી. તેનાં કરતાં જાપાનની બીજી સ્વીટ્સ વધુ પસંદ પડેલી. હવે જાપાનીઝ સ્વીટ્સ માટે ઘણો ઓછો સમય બાકી હતો. ■



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

# હીરક

આમ જુઓ તો ચોરી જ કહેવાય, ને તેમ જુઓ તો ચોરી ન પણ કહેવાય... ન શેની કહેવાય. ચોરી જ કહેવાય વળી. કોઈ એને ચોરી કહે કે ન કહે, જાગીરદાર જયકૃષ્ણસિંહ જાડેજાના મતે તો એ ચોરી જ હતી. ચોરી જ તો વળી. ચોરી પણ કાંઈ જેવીતેવી નહીં. ખાનદાની હીરાની. પાંચ પેઢીથી જયકૃષ્ણસિંહના પરિવાર પાસે હતો એ હીરો. હીરક કહેવાતો એ હીરો. પાંચ પાંચ પેઢીથી સલામત ને સુરક્ષિત રહી શકેલો હીરક એકાએક ગાયબ થઈ ગયેલો. રાત્રે તો તિજોરીની મલમલની પેટીમાં હીરક જોયેલો જયકૃષ્ણસિંહે, પણ સવારે જોયું તો ગુમ થઈ ગયેલો. ગુમ તો કેમ કહેવાય, ચોરી થઈ ગયેલો હીરક. જો હીરક પાછો નહીં મળે તો કાળી ટીલી ચોંટી જશે કપાળે.

જયકૃષ્ણસિંહ વિચારી રહ્યા : પોલીસ પાસે જાય ને વાત બહાર આવી જાય તો... ના, ના, એ પોસાય નહીં. વળી ચોરને પકડવા પોલીસની જરૂર પણ નહોતી. કારણ ચોરી કરનાર કોણ હતું એ ખબર હતી. એવામાં ચોરીને ચોરી ને ચોરને ચોર ન કહે તો શું કાકાશ્રી કહે... હા, કાકાશ્રી જ તો. એ જ તો ચોર હતા. ચોર કાકાશ્રી. કાકાશ્રી શિવકૃષ્ણસિંહ જાડેજા. ઘરના માણસે જ ચોરી કરી હોય તોય શું... ચોરી તો ચોરી જ કહેવાય ને. સરવાળે સો વાતની એક વાત એ હતી કે હીરકની ચોરી થયેલી અને ચોરી સગ્ગા કાકાશ્રીએ કરેલી. નવાઈની વાત તો એ હતી કે કાકાશ્રીએ ચોરી કર્યાની વાત કબૂલી લીધેલી. કબૂલેલી એટલું જ નહીં, એમણે ગર્વભેર સામેથી જ કહેલું કે, ચોરી એમણે જાતેપોતે કરી છે. વળી પડકાર પણ ફેંકેલો કે, તમે હીરક પાછો મેળવી શકો તો મેળવી લ્યો...

હીરક પાછો મેળવવો જરૂરી હતો. ખાનદાનની માનમર્યાદા અને આબરૂ જળવાઈ રહે એ માટે. જયકૃષ્ણસિંહ જાડેજાએ બન્ને હાથના અંકોડા ભીડ્યા. હાથ પીઠ પાછળ રાખ્યા ને વિશાળ કક્ષમાં ટહેલવા માંડ્યા. ટહેલતાં ટહેલતાં વિચારતા રહ્યા : કાકાશ્રી પાસેથી હીરક કઈ રીતે પાછો મેળવવો... કોણ એ હીરક પાછો મેળવી શકે?

જયકૃષ્ણસિંહના મનમાં સવાલ ઊગવાની સાથે જ જવાબ પણ ઊગ્યો. એમના મનમાં એક નામ ગુંજવા લાગ્યું. પોલીસ કમિશનર ઇન્દ્રવિજયસિંહે જ એનો પરિચય કરાવેલો. ઇન્સ્પેક્ટર કરણ બક્ષી... ઇન્દ્રવિજયસિંહે કહેલું કે, 'કોઈ વાર જરૂર પડે ત્યારે તમે નિઃસંકોચ કરણ બક્ષીને મળજો. એ તમારી મદદ કરશે. મેં પણ કરણને એ અંગે કહી રાખ્યું છે.'

એ વખતે જયકૃષ્ણસિંહે વાતને હસવામાં ટાળી દીધેલી. આજે જ્યારે જરૂર પડી ત્યારે એ વાત યાદ આવી ગઈ. ઘડીક વિચાર કર્યા પછી ઇન્સ્પેક્ટર કરણ બક્ષીને ફોન જોડ્યો. ત્રીજી ઘંટડી પૂરી થાય એ પહેલાં સામે છેડેથી ઘેઘૂર અવાજ સંભળાયો : 'ઇન્સ્પેક્ટર કરણ બક્ષી હિઅર!'

'ઇન્સ્પેક્ટર બક્ષી, હું...' જયકૃષ્ણસિંહ જાડેજાએ પોતાનો પરિચય આપતાં કહ્યું : 'સંજોગો એવા ઊભા થયા છે કે મારે તમને મળવું પડે એમ છે... તમે કહો તો હું આવી જાઉં તમને મળવા...'

'ના જાડેજાસાહેબ, આપ રહેવા દ્યો....' કરણ બક્ષીએ આદર અને વિવેક દાખવતા કહ્યું : 'હું જ આપને મળવા આવું છું...' વધુ પ્રતીક્ષા ન કરવી પડી. અડધો કલાકમાં જ કરણ બક્ષી આવી પહોંચ્યો.

'કહો જાડેજા સાહેબ, મારું શું કામ પડ્યું ?' કરણ બક્ષી સીધો જ મુદ્દા પર આવી ગયો.

'વાત જાણે એમ છે કે અમારો એક ખાનદાની હીરક એટલે કે હીરો છે....' જયકૃષ્ણસિંહ કહેવા લાગ્યા : 'પાંચ પેઢીથી અમારા ખાનદાનમાં એ હીરક સચવાયેલો છે. મારી પાંચમી પેઢીના પૂર્વજની કામગીરીથી પ્રસન્ન થઈને એ સમયના રાજાએ એમને ભેટ આપેલો. હીરકની ખૂબી એવી હતી કે રાતના અંધારામાં એમાંથી સાત રંગની સોનેરી ઝળહળતી ઝાંય નીકળતી. એ હીરક જેની પાસે રહે એના પર ક્યારેય કોઈ સંકટ ન આવે એવી માન્યતા હતી. તેથી અમારા ખાનદાનમાં એ હીરકનું જીવથી યે વધુ જતન કરાતું. પેઢી દર પેઢી પરિવારના જયેષ્ઠ સંતાનને એ હીરક મળતો. એ રીતે એ હીરક મને મળેલો. છેલ્લા સાત વર્ષથી હું એ હીરકને સુરક્ષિત રાખી શકેલો. પણ બે દિવસ પહેલાં મને ખબર પડી કે એ અણમોલ હીરક ચોરાઈ ગયો છે.'

'તમને કેવી રીતે ખબર પડી કે એ હીરક ચોરાઈ ગયો છે ?' કરણ બક્ષીએ પૂછ્યું.

'ઇન્સ્પેક્ટર બક્ષી, હું એ હીરક મારા શયનખંડની તિજોરીમાં જ રાખતો...' જયકૃષ્ણસિંહ કહી રહ્યા : 'રોજ રાત્રે સૂતી વખતે અને સવારે ઊઠીને પહેલું કામ હું એ હીરક સુરક્ષિત છે કે નહીં એની ચકાસણી કરતો. હીરકની સુરક્ષા માટે તો સાત વર્ષથી મેં નિવાસની બહાર પગ સુધ્ધાં મૂક્યો નથી. સાત સાત વર્ષથી એ હીરક જોઈને સૂતો ને સવારે ઊઠીને હીરક જોઉં ત્યારે જ મનને શાતા વળતી. પણ આજે સવારે તિજોરી ખોલીને જોયું તો હીરક ન મળે. ઘડીભર તો હું સૂધબૂધ ગુમાવી બેઠો. ખાસ્સી વાર સુધી હીરક ખોળ્યો, પણ ન મળ્યો તે ન જ મળ્યો. આખરે કડવી વાત સ્વીકારવી પડી કે હીરક ચોરાઈ ગયો છે ને ચોર મારા પોતાના કાકાશ્રી છે!'

'ચોર કોણ છે એ ખબર છે તમને?' કરણ બક્ષીના સવાલમાં આશ્ચર્ય ભળ્યું : 'તો પછી શું મુશ્કેલી છે...પકડી લ્યો ચોરને. ને મેળવી લો હીરકને.'

'હીરક મેળવવો એટલું સહેલું હોત તો તમને શું કામ બોલાવત...' જયકૃષ્ણસિંહ ફિક્કું હસીને બોલ્યા : 'હું કાંઈ કાકાશ્રી પર શંકા કરતો નથી. એમણે પોતે કહ્યું છે કે હીરકચોર એ પોતે જ છે. એટલું જ નહીં, એમણે મને પડકાર પણ ફેંક્યો છે કે તમે હીરક પાછો મેળવી શકો તો મેળવી લ્યો...'

'જાડેજા સાહેબ, ચોર ઘરમાં છે ને તમારી નજર સામે છે છતાં તમે એને પકડી શકો એમ નથી...' કરણ બક્ષી કહી રહ્યો : 'મને ખરેખર નવાઈ લાગે છે. તમારી એવી તે શું મજબૂરી છે કે તમારા કાકાએ પોતે ચોરી કર્યાનું કબૂલ કર્યા છતાં તમે કાંઈ કરી શકો એમ નથી ?'

'વાત જાણે એમ છે ઇન્સ્પેક્ટર બક્ષી કે...' જયકૃષ્ણસિંહ જાણે કહેવું, ન કહેવુંની ગડમથલમાં હોય એમ બોલ્યા : 'હીરક પર અમારા કુટુંબના સહુ સભ્યોનો એકસમાન અધિકાર છે. પણ કુળપરંપરા એવી છે કે એ હીરક જયેષ્ઠ સંતાન સાચવે. મારા પિતા હરિકૃષ્ણસિંહ એમના પિતાનું જયેષ્ઠ સંતાન હતા. શિવકૃષ્ણસિંહ એમના નાના ભાઈ. મારા પિતાનું મૃત્યુ થયું ત્યારે પરંપરા મુજબ હીરકની સુરક્ષાની જવાબદારી મારે માથે આવી પડી. માત્ર સુરક્ષાની જ જવાબદારી, કારણ હીરક પર અધિકાર તો સહુનો હતો. મારા કાકાએ મારી પાસે હીરક માગેલો પણ ખરો, પરંતુ પરંપરાની બેડીઓને કારણે કુટુંબના સહુ કોઈએ એ હીરક કાકાને આપવાની ના પાડેલી. આખરે મોકો જોઇને કાકાએ હીરક ચોરી લીધો. કારણ હીરક જેની પાસે હોય એનો સામાજિક મોભો વધી જાય.'

'તો શું તમારા કાકાએ માત્ર સામાજિક મોભા ખાતર જ હીરકની ચોરી કરી છે?' કરણ બક્ષી કલ્પનાને ટક્કર મારે એવી હકીકત સમજવા મથી રહ્યો.

'એવું હોય પણ ખરું ને ન પણ હોય...' જયકૃષ્ણસિંહ કહેવા લાગ્યા : 'એવું છે કે મારા કાકાશ્રીએ સામાજિક મોભો મેળવવા માટે હીરકની ચોરી કરવી પડે એમ નથી. એમનો માનમોભો ને પ્રતિષ્ઠા આમ પણ છે જ. કારણ કે એ ઊંચા ગજાના મૂર્તિકાર ને શિલ્પકાર છે. એમની મૂર્તિઓ અને શિલ્પોને દેશવિદેશમાં સ્થાન મળ્યું છે. કામની, નામની ને દામની એમને જરાય ખોટ નથી. એ બધું તો એ નાની ઉંમરમાં મેળવી ચૂક્યા છે. એટલે મને તો લાગે છે કે માત્ર વટને ખાતર એમણે હીરકની ચોરી કરી છે.'

'તો આપ મારી પાસે શું અપેક્ષા રાખી રહ્યા છો ?' કરણ બક્ષીએ મુદ્દાની વાત કરી : 'હું તમારી શું મદદ કરી શકું ?'

'ઇન્સ્પેક્ટર, મને લાગે છે કે તમે જ એ હીરક પાછો મેળવી શકો એમ છો...' જયકૃષ્ણસિંહે વાતમાં મોણ નાખ્યા વિના કહી દીધું : 'હું તમારા રહેવાનો બંદોબસ્ત અહીં જ કરી દઉં છું. બેચાર દિવસ કે અઠવાડિયામાં હીરક કઈ રીતે પાછો મેળવવો એ તમે જાણો. પણ હા, હીરક મેળવવા જતાં તમે પકડાઈ જાઓ તો જવાબદારી તમારી. મારે કોઈ લેવાદેવા નહીં.'

કરણ બક્ષી બે પળ માટે વિચારી રહ્યો. એક ક્ષણ તો એને થયું કે ફટ દઈને ના કહીને ઊભો થઈ જાય. પણ બીજી ક્ષણે વિચાર કરતાં એને લાગ્યું કે પડકાર સમજીને કેસ સ્વીકારી લેવો. હીરક પાછો મળે તો ઉત્તમ ને ન મળે તોય રહેવાનો તો ઘરમાં જ છે. ઘી ભલેને ઢળ્યું, પણ ઢળ્યું તો ખીચડીમાં જ ને!

'હું પ્રયત્ન કરી જોઉં હીરક પાછો મેળવવાનો...' કહીને કરણ બક્ષી ઊભો થઈ ગયો. એ સીધો જ શિવકૃષ્ણસિંહ પાસે પહોંચ્યો. કરણ બક્ષીને જોઈને ઝૂલે ઝૂલી રહેલા શિવકૃષ્ણસિંહ હસ્યા. હીંચકાને ઠેસ મારીને વાંકડી મૂછોને તાવ દઈને કહેવા લાગ્યા : 'આવો આવો ઇન્સ્પેક્ટર... મારા ભત્રીજા જયકૃષ્ણએ તમને મોકલ્યા છે ને? ભલે પધાર્યા... આવો, તમે પણ હીરક પાછો મેળવવા દાવ અજમાવી જુઓ.'

કરણ બક્ષી શિવકૃષ્ણસિંહને અને એમના ચહેરા પર રમતું ખંધું હાસ્ય જોઈ રહ્યો. એને થયું કે આ માણસ ગાંજ્યો જાય એવું લાગતું નથી. હીરક ચોરી કર્યાનું કબૂલે છે ને પાછો ઉપરથી મને... ઇન્સ્પેક્ટર કરણ બક્ષીને પડકારે છે. કાંઈ વાંધો નહીં. પડકાર કબૂલ છે મને. શિવકૃષ્ણસિંહ જાડેજા, હું તમારા હાથમાંથી હીરક પાછો મેળવીને એને મૂળ સ્થાને પહોંચતો ન કરું તો મારું નામ કરણ નહીં !

હીરક પાછો કઈ રીતે મેળવવો એવું વિચારી રહેલા કરણ બક્ષીનું ધ્યાન એકાએક શિવકૃષ્ણસિંહના હાથ પર ગયું. એ મુઠ્ઠીમાં સમાય જાય એવડી પ્લાસ્ટર ઓફ પેરિસની તાજમહલની પ્રતિમાને બન્ને હાથમાં રમાડી રહેલા. સામે પડેલા મેજ પર એની પ્રતિકૃતિ સમી તાજમહલની બીજી પ્રતિમા પણ પડેલી. કરણ બક્ષીના મનમાં ઓચિંતો વિચાર ઊગ્યો : આ શિલ્પમાં જ હીરક છુપાડ્યો હોય એવું પણ બને... શિવકૃષ્ણસિંહ કરણનો ચહેરો જોઈને એના મનનો વિચાર જાણી ગયા હોય એમ કુટિલ હાસ્ય કરીને બોલ્યા :

'તમારી પહેલાં પણ જયકૃષ્ણસિંહે બે જણને હીરક હાથ કરવા મોકલેલા. મેં એ બન્નેને મારું આખું ઘર ફેંદવા દીધેલું. એમને ઘર ફંફોસવામાં સંકોચ ન થાય ને અગવડ ન પડે એ માટે હું ઘરમાંથી બહાર નીકળી ગયેલો. સવારથી સાંજ સુધીમાં બન્નેએ હીરક ખોળવામાં કશું બાકી ન રાખ્યું. પણ એમને હીરક ન જ જડ્યો. આખરે એમણે પણ તમારી જેમ એવું વિચાર્યું કે આ તાજમહલમાં જ મેં હીરક સંતાડ્યો હશે. એટલે મેં એ બન્નેને તાજમહલ જ આપી દીધો. બેય શિલ્પ લઈને ગયા. જયકૃષ્ણએ પ્રતિમા તોડીને જોઈ લીધું, પણ તોય એને હીરક ન જ મળ્યો.' શિવકૃષ્ણસિંહના અવાજમાં ઈડરિયો ગઢ જીત્યા જેવો ગર્વ ભળી ગયેલો. કરણની સામે જોઈને એ મલક્યા. પણ કરણને શિવકૃષ્ણસિંહનો મલકાટ શકુનિના સ્મિત જેવો લાગ્યો. એવામાં શિવકૃષ્ણસિંહે શબ્દબાણ છોડ્યું : 'ઇન્સ્પેક્ટર બક્ષી, તમારે હીરક શોધવા મારું ઘર ફંફોસવું હોય તો છૂટ છે. પણ જો એમાં સમય ન બગાડવો હોય ને આ તાજમહલ લઈ જવો હોય તો પણ મને વાંધો નથી. બાકી જેવી તમારી મરજી.'

કરણ બક્ષી પળભર વિચાર કરી રહ્યો. પછી એણે પ્રતિમા સ્વીકારી લીધી. તાજમહલ લઈને પોતાને ફાળવવામાં આવેલા અલાયદા ખંડમાં ગયો. ફેરવી ફેરવીને નીરખવા માંડ્યો. પછી શું સૂઝ્યું કે શિલ્પના પાછળના હિસ્સામાં સાવ નીચેના ભાગે સૂક્ષ્મદર્શક યંત્રથી જોતાં જ ખબર પડે એવા ઝીણા અક્ષરે કરણ બક્ષી કોતરી કાઢ્યું. પ્રતિમા મેજ પર મૂકી. પછી જયકૃષ્ણસિંહને મળવા ચાલ્યો ગયો. પાછો ફરીશ ત્યાં સુધીમાં એનું શું કરવું એ નક્કી કરી લઈશ. ચા-પાણી કરીને કરણ પાછો ફર્યો. લાગલો જ ખંડમાં પેઠો. જોયું તો પ્રતિમા ત્યાં જ પડેલી. કરણે એનો પાછલો ભાગ જોયો. ત્યાં કરણ બક્ષી નામ કોતરેલું નહોતું. કરણને શિવકૃષ્ણસિંહની ચાલાકી સમજાઈ ગઈ. જેવા સાથે તેવા થવાનો સમય આવી ગયેલો. એણે ચાલાકીનો જવાબ ચાલાકીથી આપીને શિવકૃષ્ણસિંહને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. સોટી વાગે પણ સળ ન ઊઠવા જોઈએ.

બળથી નહીં કળથી કામ લેવાનું નક્કી કરીને ગજવામાં પ્રતિમા ઘાલીને કરણ પહોંચ્યો મૂર્તિઓ વચ્ચે ઊભેલા શિવકૃષ્ણસિંહ પાસે. સામે મેજ પર તાજમહલની ટચૂકડી પ્રતિમા પડેલી. એની સામે નજર કરીને કરણે કહ્યું : 'તમે ખરેખર ઉત્તમ મૂર્તિકાર છો. પેલી પાછળ મૂકી છે તે ગણેશજીની મૂર્તિ જેવી અનુપમ કૃતિ તો મેં આજ પહેલાં જોઈ જ નથી.' શિવકૃષ્ણસિંહનો અહંકાર પોરસાયો. પાછળ ફરીને પેલી મૂર્તિ સામે નિહાળી રહ્યા. કરણે તક ઝડપી લીધી. શિવકૃષ્ણસિંહ પાછળ ફર્યા એટલી વારમાં એણે ગજવામાંથી પ્રતિમા કાઢી અને મેજ પર પડેલી તાજમહલની પ્રતિમા સાથે બદલી કાઢી. મેજ પર પડેલી પ્રતિમા ગજવામાં મૂકતી વખતે કરણની અનુભવી આંખે જોઈ લીધેલું કે એના પર કરણ બક્ષી નામ કોતરેલું.

શિવકૃષ્ણસિંહે ચહેરો કરણ ભણી ઘુમાવ્યો, ત્યારે કરણના મુખ પરનું વિજયી સ્મિત જોઇને ચોંક્યા. એમણે તરત મેજ પર દષ્ટિ ફેંકી. પ્રતિમા સલામત જોઈને રાહતનો શ્વાસ લીધો. એટલામાં કરણે ગજવામાંથી તાજમહલ બહાર કાઢ્યો. શિવકૃષ્ણસિંહ કશું સમજી શકે એ પહેલાં જ ટચૂકડા તાજમહલનો જમીન પર ઘા કર્યો. તાજ ટુકડે ટુકડા થઈને ફર્શ પર વિખરાયો. વેરણછેરણ ટુકડાઓ વચ્ચે પેલો હીરક ઝળહળી ઊઠ્યો. કરણે પાંપણના પલકારામાં હીરક ઉઠાવી લીધો. એટલી વારમાં કરણે કહ્યા મુજબ જયકૃષ્ણસિંહ પણ આવી પહોંચ્યા. એમના હાથમાં હીરક મૂકીને કરણે ખસિયાણા પડેલા શિવકૃષ્ણસિંહને કહ્યું : 'તમારી હોંશિયારીને દાદ આપવી જ પડે. એક તો હીરક ચોર્યો, ને પાછો મને પડકાર પણ ફેંક્યો...'

'પણ તમને કેવી રીતે ખબર પડી કે તાજમહલની પ્રતિમા મેં બદલી નાખી છે ?' શિવકૃષ્ણસિંહે મનોમન દાખલો ગણવાનો પ્રયત્ન કરી જોયેલો, પણ આંકડાનો મેળ બેસતો નહોતો.

'એ કહું તમને...' કરણ બક્ષીના અવાજમાં પાણીદાર રણકો ઉમેરાયો : 'તમારા મેજ પર તાજમહલની બે પ્રતિમા જોઈ ત્યારે જ મને સમજાઈ ગયેલું કે બે પ્રતિમા પાછળ જરૂર કોઈ ભેદ હોવો જોઈએ. વળી તમે જ કહ્યું કે મારી પહેલાં આવનારાઓને તમે તાજમહલ આપેલો ને જયકૃષ્ણસિંહે એ તોડીને જોઈ લીધેલો. એનો અર્થ એમ થાય કે તમે તાજમહલની એકથી વધુ પ્રતિમા બનાવી છે. એ અંગે વિચારતાં મને સમજાયું કે તમે તાજમાં જ હીરક છુપાડ્યો હોવો જોઈએ. બીજું, તમે તાજમહલને નજરની સામે જ રાખો છો. ત્રીજું, શિલ્પ ટચૂકડું બનાવવાનો આશય એટલો જ હોઈ શકે કે તમે એને ખિસ્સામાં મૂકીને તમારી સાથે જ ફેરવી શકો.'

'પણ કઈ પ્રતિમામાં હીરક છે એ તમે કઈ રીતે જાણ્યું ?' જયકૃષ્ણસિંહના સવાલમાં ઉત્સુકતા ભળી : 'કારણ કે તાજની પ્રતિમા તો એકથી વધુ હતી. તમારો અંદાજ ખોટો પડ્યો હોત તો ?'

'મારો અંદાજ ખોટો પડે એ સાવ જ અશક્ય હતું...' કરણે રહસ્ય ઉજાગર કરતાં કહ્યું : 'શિવકૃષ્ણસિંહે મને તાજની પ્રતિમા આપી દીધી ત્યારે ઘડીભર તો હું ચકરાઈ ગયેલો. અંતઃસ્ફુરણાથી મેં તાજની પાછળ મારું નામ કોતરી કાઢ્યું. ફરી વાર જોયું ત્યારે પ્રતિમાની પાછળ મારું નામ નહોતું. એથી મને સમજાઈ ગયું કે શિવકૃષ્ણસિંહે જ પ્રતિમા બદલી હશે. બદલવાનું કારણ શું હોઈ શકે? જવાબ એક જ મળ્યો કે એમાં હીરક સંતાડ્યો હોવો જોઈએ. બસ, વાતનો તાળો મળી ગયો ને હીરકની ચોરીનો ભેદ ખુલ્લો પડી ગયો.'

'પણ આ તો તમે મારી સાથે દગો કર્યો કહેવાય...' શિવકૃષ્ણસિંહ ડારો દેતા હોય એમ બોલી રહ્યા, પણ એમને અટકાવીને કરણ બક્ષી બોલ્યો : 'ચોરને ઘેર ચોરી કરવાને ચોરી ન કહેવાય. એને તો કહેવાય શઠં પ્રતિ શાઠયમ્!' ■

**આવતા અઠવાડિયે નવી કથા**

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# સ્થાપત્ય શીખવા માટેના ચાર માર્ગ

હેમંત વાળા feedback@bombaysamachar.com

કોમ્પ્યુટર બે રીતે શીખી શકાય. એક, જે વ્યક્તિને કોમ્પ્યુટર શીખવું છે તેને કોમ્પ્યુટર આપી દેવાનું અને તે જાતે જાતજાતના પ્રયોગો કરી ધીમે ધીમે શીખી લે. બીજું, વ્યવસ્થિત શૈક્ષણિક પદ્ધતિ દ્વારા તેને કોમ્પ્યુટરના ઉપયોગ બાબતે જાણકારી આપવામાં આવે અને આગળ જતાં તે જાણકારીને આધારે વ્યક્તિ કોમ્પ્યુટરનો ઉપયોગ કરતો થાય. ચોક્કસ પ્રકારનાં સંજોગોમાં બંને રીત યોગ્ય છે. બંનેમાં સંભાવના પણ છે અને બંનેમાં મર્યાદાઓ પણ છે. બંનેના કંઈક ફાયદા છે અને કંઈક નુકસાન છે. ચોક્કસ સંજોગોમાં કયા પ્રકારની રીત વધુ ઇચ્છનીય છે તે વિચારી લેવું પડે.





સ્થાપત્ય શીખવા માટેના પણ ચાર માર્ગ છે. પ્રથમ, સ્થાપત્યની શાળામાં પ્રવેશ લઇ અભ્યાસક્રમ અનુસાર શિક્ષણ પ્રાપ્ત કરવું. બીજું, કોઈ સ્થપતિની ઓફિસમાં કામ કરી તે ક્ષેત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવું. ત્રીજું, સારાં સારાં મકાનોનો અભ્યાસ કરી તેનું વિશ્લેષણ કરી ચોક્કસ પ્રકારનાં તારણ કાઢી સ્થાપત્યની મહત્ત્વની વાતો શીખી લેવી. ચોથું, જાતે વિવિધ પ્રકારના પ્રયોગો કરી સ્થાપત્યના ક્ષેત્રને લગતી મૂળભૂત બાબતો સમજી લેવી.

પ્રથમ, શૈક્ષણિક માર્ગમાં સ્થાપત્ય રચનાના મૂળભૂત સિદ્ધાંતો સમજવા અને શીખવા માટે વિધિવત શાળામાં પ્રવેશ લઇ જરૂરી જ્ઞાન તથા કૌશલ્ય પ્રાપ્ત કરવામાં આવે છે. અહીં પ્રશિક્ષિત, અનુભવી તથા સક્ષમ શિક્ષકગણ દ્વારા સ્થપતિ તૈયાર થાય છે. અહીંના અભ્યાસક્રમમાં જાણકારી, કૌશલ્ય તથા સ્થાપત્યકીય મૂલ્યોની વ્યવસ્થિત સમજણ ઊભી થઈ શકે.

બીજા અનુભવ-પરંપરા આધારિત માર્ગમાં યોગ્ય સ્થપતિની ઓફિસમાં કામ કરવાથી સ્થાપત્યના ક્ષેત્રની આંટીઘૂંટી સમજમાં આવે. અહીં જે પણ જ્ઞાન પ્રાપ્ત થાય એ પ્રત્યક્ષ સંલગ્નતાથી પ્રાપ્ત થાય. આ માર્ગનો આ ફાયદો છે. સાથે સાથે અહીં કોઈ સુનિયોજિત અભ્યાસક્રમ ન હોવાથી કેટલીક બાબતો છૂટી જવાની સંભાવના રહે છે. વળી જો એક જ સ્થપતિને ત્યાં જ





કામ કરવામાં આવે તો તેની વિચારધારા તથા તેની શૈલીની પકડમાં વ્યક્તિ આવી જાય. એમ પણ થઈ શકે કે એક કરતાં વધારે સ્થપતિની ઓફિસમાં કામ કરીને વિવિધ પ્રકારની ક્ષમતા કેળવી શકાય. બંને પરિસ્થિતિમાં ફાયદા પણ છે અને ગેરફાયદા પણ. આ રીતે મેળવેલ જ્ઞાન કાયદાની દ્રષ્ટિએ સ્વીકૃત નથી ગણાતું.

ત્રીજા અવલોકન આધારિત માર્ગમાં મકાનની પસંદગીનું મહત્ત્વ રહે છે. અહીં જે તે મકાનને સંપૂર્ણપણે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેની શૈલી, તેની સામગ્રી, તેમાં પ્રયોજાયેલ તકનીક, આજુબાજુના સંજોગોને અપાયેલ પ્રતિભાવ, વાતાવરણનાં વિપરીત પરિબળો સામે તેની સ્થિતિ, કાયદાના પાલનની રીત, જેવી અનેક બાબતોનો અભ્યાસ જરૂરી બને. સામાન્ય રીતે આ માર્ગમાં માર્ગદર્શકની ખોટ રહે, તેથી શીખવાની પ્રક્રિયા, વિદ્યાર્થીની ક્ષમતા ઓછી હોય તો, મુશ્કેલ બની રહે. પણ આવા સંજોગોમાં પુસ્તકો મદદરૂપ થાય. આજના સમયમાં યુ-ટ્યૂબ જેવા માધ્યમનો ઉપયોગ પણ કરી શકાય. આ રીતે મેળવેલ જ્ઞાન પણ કાયદાની દ્રષ્ટિએ સ્વીકૃત નથી હોતું.

ચોથો જે પ્રાયોગિક માર્ગ છે તેમાં જાતે જ તક ઊભી કરી, તક પ્રાપ્ત કરી વિશ્વાસ અને હિંમતથી પ્રાયોગિક ધોરણે કાર્ય કરતાં કરતાં ક્ષેત્રમાં પારંગતતા પ્રાપ્ત કરવાની હોય છે. આ એક જોખમી પદ્ધતિ છે. સ્થાપત્ય એ ચિત્રકામ કે સંગીત કળા જેવું ક્ષેત્ર નથી કે જેમાં ઓછા ખર્ચથી પ્રયોગો થઈ શકે. અહીં તો એક નાની વાત શીખવા માટે પણ મોટું આર્થિક જોખમ લેવું પડે. આના નિવારણ માટે આ માર્ગમાં અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન લેવું જરૂરી ગણાય છે. આ રીતે મેળવેલ જ્ઞાન પણ કાયદાની દ્રષ્ટિએ સ્વીકૃત નથી ગણાતું.

માત્ર પુસ્તકો વાંચીને સ્થાપત્ય શીખી ન શકાય. પણ, સ્થાપત્યના ચોક્કસ પાસા વિશે વધારાની માહિતી પ્રાપ્ત થઈ શકે. વાસ્તુશાસ્ત્ર કે મંડલા આયોજન વિશે થોડુંક સમજી શકાય, પરંતુ સ્થાપત્ય એ જાણકારી કરતાં કૌશલ્યનું ક્ષેત્ર વધુ હોવાથી, કૌશલ્યના વિકાસમાં પુસ્તકનો ફાળો ઓછો રહેતો હોવાથી, સ્થાપત્યનું જ્ઞાન માત્ર પુસ્તક તરફથી પ્રાપ્ત થાય તે શક્ય નથી. અહીંયા તો મન અને હાથનું સંકલન જોઈએ. આ સંકલન વારંવારના પ્રયત્ન થકી જ પ્રાપ્ત થઈ શકે. મગજ જ્યારે અને જે રીતનું વિચારે ત્યારે અને તે બાબત અંકિત થઈ જવી જોઈએ. સ્થાપત્યના શિક્ષણની આ મૂળભૂત ભૂમિકા છે.



સ્થાપત્યના શિક્ષણની મજા એ છે કે આ ચારેય માર્ગોનો સમન્વય શ્રેષ્ઠ ફળ આપે છે. અહીં ઔપચારિક શિક્ષણની પણ જરૂર છે, અનુભવી સાથે તેના હાથ નીચે કામ કરવાની પણ જરૂર છે, સ્વયં-અભ્યાસ તરીકે મકાનોનું આલેખન, અવલોકન અને વિશ્લેષણ કરવું જરૂરી છે, અને તે બધા સાથે જાતે કરેલા પ્રયોગોથી પરિપક્વતા લાવવી પણ જરૂરી છે. શૈક્ષણિક માર્ગથી સિદ્ધાંત જાણમાં આવે, અનુભવી પાસેથી નીચોડ મળે, અવલોકનથી દૃષ્ટિ વિકસે અને વિવિધ મકાનો સાથે ઓળખાણ થાય, જ્યારે પ્રયોગોથી વિશ્વાસ સ્થાપિત થાય. આ ચારેય માર્ગના સમન્વયથી એક પરિપક્વ, સંવેદનશીલ, સમર્થ, કર્મઠ તથા વિશ્વાસ-યુક્ત સ્થપતિ સમાજને મળે. સમાજને તેની જ જરૂર છે.

સારી વાત એ છે કે સ્થાપત્યના શિક્ષણમાં આ ચારેય વાતનો સમાવેશ થાય છે. વર્ગખંડમાં માહિતીનું આદાન પ્રદાન થાય છે, અનુભવી વ્યાવસાયિક શિક્ષકો સાથે મળીને વિદ્યાર્થી રચના કરતાં શીખે છે, શૈક્ષણિક અભ્યાસક્રમના ભાગરૂપે જ વિવિધ સ્થળોએ જઈ સ્થાપત્યના ઉલ્લેખનીય નમૂનાનો અભ્યાસ કરવાનો હોય છે, અને જાતે જ કેટલુંક બાંધકામ પણ કરવાનું હોય છે. આ રીતે સ્થાપત્યનું શિક્ષણ પૂર્ણતાલક્ષી છે તેમ કહેવાય. જોકે એ વાત સાચી છે કે, જે તે વ્યવહારુ કારણોસર, આ શિક્ષણ સમગ્રતામાં આકાર નથી લઈ શકતું. જુદા જુદા સંજોગોમાં કોઈને કોઈ કચાશ રહી જાય છે. ■

## એક નજર ઈધર ભી...

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# પોસ્ટ ઓફિસનાં પ્રાણીઓની પ્રસિદ્ધિ!

### યુકે પોસ્ટલ મ્યુઝિયમના બિલાડો- શ્વાન અને ઘોડાની કમાલકથા

ટપાલી- ડાકિયા- પોસ્ટમેન... માણસના લાગણીતંત્ર સાથે જોડાયેલી વ્યક્તિ. જોકે, એકવીસમી સદીમાં ટેક્નોલોજીએ ટપાલીને એવી જોરદાર ટપલી મારી છે કે ટપાલી અને ટપાલસેવા હવે ઈતિહાસ બની જવાની તૈયારીમાં છે. જોકે, પ્રેમ સંદેશાથી માંડી નોકરી મળી ગઈ છે જેવા ઉર ઉછાળ સંદેશા સાથે ‘લૂગડાં ઉતારીને વાંચવું’ જેવા ઉર પછાડ સંદેશા માટે ટપાલી અને ટપાલખાતાનો વૈભવ હતો.

યુકેમાં તો ૧૯૬૬માં નેશનલ પોસ્ટલ મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવી હતી. ૧૭મી સદીમાં શરૂ કરવામાં આવેલી યુકે પોસ્ટલ સર્વિસમાં માનવ કર્મચારી ઉપરાંત બિલાડી, શ્વાન, ઘોડો અને ગધેડાનું પણ મહત્ત્વ હતું, એવી જાણ થાય તો? તમારી આંખોને આશ્ચર્યથી પહોળી થવા માટે જગ્યા ઓછી પડે, ખરું ને!

## નંબર વન બિલાડો


સેલિબ્રિટી ટપાલી

કોવિડકાળ દરમિયાન અનેક દેશોમાં પ્રાણી પ્રીતિમાં ભરતી આવી. સ્નેહ અને હૂંફ માટે જનતાની પસંદગી બિલાડી અને શ્વાન પર ઊતરી હતી. મહામારીએ તો વિદાય લઈ લીધી છે, પણ પાળેલા પ્રાણી પ્રત્યેની પ્રેમગાંઠ અકબંધ છે. ચોક્કસ સંખ્યા મળવી મુશ્કેલ છે, પણ શ્વાન કરતાં બિલાડીને ‘દત્તક’ લેવાની ટકાવારી વધુ હશે એવું અનુમાન જરૂર કરી શકાય. હવે જો તમને કહેવામાં આવે કે પોસ્ટ ઓફિસના લંડન સ્થિત હેડક્વાર્ટર્સમાં ‘ટિબ્સ ધ ગ્રેટ’ નામનો બિલાડો પોસ્ટ ઓફિસની નંબર વન કેટ હોવા ઉપરાંત બ્રિટનની પ્રખ્યાત ‘વર્કિંગ કેટ્સ’ની યાદીમાં સ્થાન ધરાવતો હતો તો? એટલું જ નહીં, કેન્સરની બીમારીને કારણે એનું અવસાન થયું ત્યારે એની જીવનઝરમર છપાઈ હતી, બોલો! આને કહેવાય બિલાડીની બોલબાલા...

ઉંદરમામાને ખતમ કરવા મીની માસીની નિમણૂક પોસ્ટ ઓફિસમાં સૌપ્રથમ ૧૮૬૮માં કરવામાં આવી હતી. ઉંદરોની સમસ્યા દૂર કરવા તેમને છ મહિનાનો પ્રોબેશન આપવામાં આવતું હતું અને જો આ સમય દરમિયાન કામગીરી યોગ્ય ન લાગે તો એમને પાણીચું આપવામાં આવતું હતું.૧૯૫૦માં જન્મેલા ટિબ્સની મુખ્ય ડ્યૂટી હતી ટપાલ કચેરીના મુખ્યાલયને ઉંદરમુક્ત રાખવાની, જેથી કોઈના લવ લેટર કે કોઈના મહત્ત્વના દસ્તાવેજ કે અન્ય કાગળિયા ઉંદરો કાતરી ન ખાય. ટિબ્સ બિલાડાએ નિષ્ઠા સાથે ૧૪ વર્ષ ફરજ બજાવી અને ‘મામા’ને નામશેષ કરી નાખ્યા. આ કામ માટે તેને પ્રતિ સપ્તાહ બે શિલિંગ અને ૬ પેન્સ (વર્તમાન વિનિમય દર અનુસાર આશરે ૧૫ રૂપિયા)નું નજીવું મહેનતાણું ચુકવવામાં આવતું હતું. આવડત અને ‘પર્સનાલિટી’ને કારણે ૧૦ કિલો વજનનો ભરાવદાર લાગતો આ બિલાડો બહુ જલદી સેલિબ્રિટી બની જઈને મીડિયામાં એ ચમકવા લાગ્યો પછી એની લોકપ્રિયતા વધી ગઈ. ૧૯૬૪માં ૧૪ વર્ષની ઉંમરે મોઢાના કેન્સરને કારણે ટિબ્સ મૃત્યુ પામ્યો ત્યારે પોસ્ટ ઓફિસના મ્યુઝિયમમાં તેમજ કેટલાંક અખબારોમાં એની શ્રદ્ધાંજલિ પ્રગટ થઈ હતી. બિલાડી કર્મચારીને આવું સન્માન ભાગ્યે જ મળ્યું છે. ૧૯૮૪માં બ્લેકી નામની બિલાડીના ‘સ્વર્ગવાસ’ પછી પોસ્ટ ઓફિસના હેડક્વાર્ટર્સમાં બિલાડીને નોકરીએ રાખવાની પ્રથા બંધ કરવામાં આવી.

## તબડક તબડક ટપાલી



સિક લિવનો હકદાર અશ્વ

ઘોડાનો ઉલ્લેખ થતા મહારાણા પ્રતાપના પરાક્રમી ચેતકનું સ્મરણ થાય તો રેસકોર્સના હોર્સિસ પણ યાદ આવે તો કોઈ વળી ‘હયવદન’ કે ‘તોખાર’નો પણ ઉલ્લેખ કરે. પ્રાણી જગતમાં કોઈને હેન્ડસમ વિશેષણ આપવું હોય તો એ માટે સૌથી વધુ પાત્ર અશ્વ જ છે. યુકેની ટપાલ સેવામાં ઘોડાનો ઉપયોગ ૧૬મી સદીમાં શરૂ થયો હોવાની નોંધ છે. ૧૯૩૦ના દાયકા સુધી ચાલુ રહેલી આ પ્રથામાં ઘોડાનો ઉપયોગ ટપાલ પહોંચાડવા ઉપરાંત આવનજાવન તેમજ માલસામાનની હેરફેર માટે પણ કરવામાં આવતો હતો. ‘પોસ્ટ હોર્સિસ’ તરીકે ઓળખાતા અશ્વની ગાડીઓનો ઉપયોગ અદાલતના કાગળિયા ઉપરાંત સરકારી, રાજવી અને જનતાના કાગળપત્ર લંડનથી દેશભરમાં પહોંચાડવા માટે કરવામાં આવતો હતો.

લાંબા અંતરે જવાનું હોય તો દર દસ માઈલ પછી ઘોડો બદલવામાં આવતો હતો. રસપ્રદ વાત એ છે કે આ અશ્વ પોસ્ટ ઓફિસના ‘નોકરિયાત’ નહોતા, પણ કોન્ટ્રેક્ટરો દ્વારા પૂરા પાડવામાં આવતા હતા. આ ઘોડા કર્મચારીને મળતી ‘સિક લિવ’ (માંદગીની રજા)ના હકદાર હતા. ૧૮૯૮ની નોંધ અનુસાર ‘મિસ્ટર ટી. સી. પોપલટન (કોન્ટ્રેક્ટર) દ્વારા પોસ્ટ ઓફિસને પૂરા પાડવામાં આવેલો એક અશ્વ શારીરિક દુખાવાને કારણે પોતાની નિયત જવાબદારી નિભાવવા હાજર નહીં રહી શકે’ એવી સ્પષ્ટતા કરવામાં આવી છે અને કઈ તારીખથી એ પાછો કામ પર ચડી જશે એ પણ જણાવવામાં આવ્યું છે. ૧૯૩૦ના દાયકામાં મોટર વેહિકલનું ચલણ વધતા હોર્સ કાર્ટની સંખ્યા ઘટવા લાગી હતી. જોકે, ૧૯૪૯ સુધી દુર્ગમ વિસ્તારોમાં ટપાલ પહોંચાડવા ઘોડાગાડીનો માર્યાદિત ઉપયોગ થતો હતો.

## ભાઉ ભાઉ ને હોંચી હોંચી



મ્યુઝિયમની એક ઝલક

પોસ્ટલ સર્વિસના પ્રારંભિક કાળમાં શ્વાન અને ગધેડાની સુધ્ધાં મદદ ટપાલસેવા માટે લેવામાં આવી હતી એ જાણકારી વિસ્મય પમાડનારી જરૂર હતી. ભાઉ ભાઉ કરી રક્ષણ માટે ભસતા શ્વાનનો પોસ્ટ સેવામાં ઉપયોગ ૧૮૩૦થી ૧૮૫૦ દરમિયાન કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. સસેક્સ નામની યુકેની કાઉન્ટીમાં ચાર ઊંચા અને ભરાવદાર શ્વાન સાથે જોડેલી ગાડી (રોયલ મેઈલની ડોગ્સ કાર્ટ)નો ઉપયોગ કાગળપત્રની હેરફેર માટે કરવામાં આવતો હતો.

હાઈવે પર આ ડોગ્સ કાર્ટમાં લૂંટ ચલાવાઈ હોવાના કિસ્સાની પણ નોંધ છે. ૧૮૫૫માં શ્વાનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. શ્વાન તો સમજ્યા, પણ ગધેડાનો ઉપયોગ ટપાલ માટે? એક સહેલાણીએ જ્યારે પોતાના ફોનમાં ગધેડા સાથે પત્ર પહોંચાડવા આવેલા પોસ્ટમેનનું પેન્ટિંગ દેખાડ્યું ત્યારે શંકા દૂર થઈ. માછીમારી માટે પ્રખ્યાત ઈંગ્લેન્ડના ક્લોવેલી ગામમાં પહોંચવા એ વીસમી સદીના પ્રારંભે વ્યવસ્થિત સડકો નહોતી. શેરીઓ સાંકડી અને ચઢાણવાળી હતી. આવા વિષમ માર્ગ પર પત્રો અને પાર્સલ લોકો સુધી પહોંચાડવામાં ગધેડા ખૂબ જ ઉપયોગી હતા. જોકે, પાકી સડક તૈયાર થયા પછી સેવામાંથી ગર્દભ દૂર કરવામાં આવ્યા હતા. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# સમાજમાંથી ‘કચરો’ સાફ કરવા ઈન્ટરનેટ ગેમ બનાવી ને પછી...

### ગાઝિયાબાદની ત્રણ ત્રણ બહેનોએ એક બહુમાળી ઈમારતમાંથી છલાંગ મારીને આત્મહત્યા કરી. આવી ચોંકાવનારી ચેષ્ટા માટે ઉશ્કેરનારી કોરિયન જેવી અન્ય ડરામણી ગેમ્સનાં ભેદ-ભરમ...






આપઘાત કરનારી ત્રણે બહેનો કોરિયન ગેમમાં એવી રંગાઈ ગઈ હતી કે પોતાના નામ પણ કોરિયન રાખ્યા હતા...


આવી જ ખતરનારક ગેમ ‘બ્લ્યુ વ્હેલ’ હતી, જેમાં અનેક અબુધ કિશોરો શિકાર બન્યા હતા.

Is Dairi me Jo kuch Bhi likha hai vo sab padh lo

ઉપરોક્ત વાક્ય એક હિન્દીભાષી કન્યાએ લખ્યું છે. એ શું કહેવા માગે છે તે ઝટ સમજાશે નહિ, કારણ કે હિન્દી

ભાષી એ કન્યાએ પોતાની વાત કહેવા માટે અંગ્રેજી લિપીનો ઉપયોગ કર્યો છે, પણ એની વાત તો હિન્દીમાં જ છે. મોટે ભાગે અંગ્રેજી માધ્યમમાં ભણી હશે એટલે હિન્દી લિપી લખતા નહિ આવડતું હોય. જોકે અહીં તો સરખું અંગ્રેજી ય લખતા નથી આવડ્યું. વાક્યમાં ‘ડાયરી’નો સ્પેલિંગ ખોટો છે અને આખો પેરેગ્રાફ વાંચતા ઢગલેબંધ ભૂલો ઊડીને આંખે વળગશે, પણ હવે એ ભૂલો શોધવાનો સમય વીતી ગયો છે. કેમ કે ડાયરીના પાને આવી વાતો ચીતરનાર કન્યા પોતાની બીજી બે બહેનો સહિત આત્મહત્યા કરી ચૂકી છે.

વાત ગાઝિયાબાદની છે. વીતેલા સપ્તાહ દરમિયાન અહીં બાર, ચૌદ અને સોળ વર્ષની ત્રણ બહેનોએ બિલ્ડીંગના નવમાં માળેથી પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી. એ સમાચારો તો બધાએ વાંચ્યા જ હશે. પણ આ ઘટના બાદ IGD એટલે કે ‘ઈન્ટરનેટ ગેમિંગ ડિસઓર્ડર’ નામની બીમારી અંગે ઠેર ઠેર ચર્ચા થઇ રહી છે. આત્મહત્યા કરનાર ત્રણયે તરુણી કોરિયન ‘લવ ગેમ’ નામની કોઈ ઉટપટાંગ ઈન્ટરનેટ ગેમ્સની લતે ચઢી ગઈ હતી.

આવી ગેમ્સ તમને જુદા જુદા ટાસ્ક આપતી હોય છે. આ ટાસ્કસમાં આખી રાત એકલા જાગીને હોરર મૂવીઝ જોવા કે પોતાના જ વાળ કાપી નાખવાથી માંડીને શરીર પર જખ્મો કરવા અને છેલ્લે આત્મહત્યા કરવા સુધીની પ્રવૃત્તિનો સમાવેશ થતો હોય છે. ખાસ કરીને કુમળી વયના તરુણો એમાંય કન્યાઓ આવી ગેમ્સના એડિકશનનો આસાન શિકાર બની બેસે છે. આવી લતને કારણે સમય જતા અનેક શારીરિક અને માનસિક સમસ્યાઓ જાગે છે. એ ઉપરાંત બાળક વાસ્તવિક દુનિયાથી અને સંબંધોથી સાવ અલગ થઇ જાય. અને અંતે ગાઝિયાબાદની તરુણીઓની માફક ન કરવાનું કરી બેસે. ઈન્ટરનેટ ગેમિંગનો આ વાહિયાત ચસ્કો દુનિયાભરમાં એ હદે ફેલાયો છે કે ‘વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન’ એ IGDને ગંભીર માનસિક બીમારી-મનોવિકાર ગણાવવી પડી છે.

પ્રશ્ન એ છે કે દુનિયાના તમામ દેશની સરકારો ભેગી થઈને ઈન્ટરનેટ ગેમિંગ જેવાં દૂષણો ડામી કેમ નથી દેતી?

કોણ છે આવી ઘાતક ગેમ્સ બનાવનારા? તરુણોના મગજનો કબજો કરીને એમને આત્મહત્યા સુધી દોરી જવાથી આ ગેમ બનાવનારાને શો ફાયદો થાય?

તમને યાદ હશે કે થોડાં વર્ષો પહેલાં ‘બ્લ્યુ વ્હેલ’ નામની એક ખતરનાક ઈન્ટરનેટ ગેમે જબરો ઉપાડો લીધેલો. અમેરિકા, બ્રાઝિલ, ફ્રાંસ, ભારત અને યુકે સહિતના દેશોમાં ટીનએજર્સ આ રમત પાછળ ગાંડા થયા. આ રમતમાં જોડાનારે પચાસ દિવસમાં પચાસ ટાસ્ક પૂરા કરવાના રહેતા. શરૂઆતમાં અડધી રાત્રે જાગીને હોરર મુવી જોવા જેવા સામાન્ય ટાસ્કથી શરૂઆત થતી. જોકે અંતે પહોંચતા સુધીમાં એવાં એવા, ટાસ્ક અપાતા કે રમનાર ખેલાડી વાસ્તવિક જગતથી સાવ વિખૂટો પડી જાય અને અંતિમ ટાસ્ક તરીકે પોતાનો જ જીવ લઇ લે! આ ખતરનાક ટાસ્ક- ગેમને લઈને આખી દુનિયામાં ઊહાપોહ થયો એ પછી ૨૦૧૬માં રશિયન પોલીસે ફિલિપ બુડેકિન નામના એક એકવીસ વર્ષીય છોકરડાની ધરપકડ કરી.

આ ફિલિપ જાણવા જેવી જણસ છે. એ પોતે રશિયાની એક યુનિવર્સિટીમાં સાઈકોલોજીનો વિદ્યાર્થી હતો, પણ કોઈક કારણોસર યુનિવર્સિટીએ એને તગેડી મૂક્યો. એ પછી મનોવિજ્ઞાનના પોતાના જ્ઞાનનો એણે ભરપૂર દુરુપયોગ કર્યો.

રશિયન સોશ્યલ નેટવર્ક VKontakte પર મોટી સંખ્યામાં રશિયન યુવાવર્ગ એકબીજાના સંપર્કમાં આવે છે. જેમાં તરુણોની સંખ્યા વિશેષ હોય છે. ફિલિપે ‘બ્લ્યુ વ્હેલ’ નામની ગેમ બનાવી અને આ પ્લેટફોર્મ દ્વારા અનેક તરુણો સુધી પહોંચાડી.

-પણ આ રીતે તરુણોનાં મગજ સાથે રમત કરીને આત્મહત્યા સુધી દોરી જવા પાછળ ફિલિપનો ઈરાદો શું હતો?

ફિલિપ બુડેકીન માનતો હતો કે સમાજમાં ‘કચરો’ વધતો જાય છે. કોઈક રીતે આ ગંદકીને સાફ કરવી જોઈએ, જેથી સમાજ ચોખ્ખો થાય. આવા ‘ઉમદા’ હેતુસર એણે નબળા મનના તરુણોને ‘બ્લ્યુ વ્હેલ’ જેવી જીવલેણ રમતના રવાડે ચડાવ્યા!

આખરે પોલીસે એની ધરપકડ કરી. પૂછપરછ દરમિયાન એણે સ્વીકાર્યું કે ગેમના માધ્યમથી ટાસ્ક આપી આપીને ઓછામાં ઓછી સોળ છોકરીને એણે આત્મહત્યા કરવા ઉશ્કેરી હતી! આવી કબૂલાત છતાં કોર્ટમાં આ બધા આરોપો સાબિત ન થઇ શક્યા. મામલો બહુ ગૂંચવાયો પછી ૨૦૧૭માં કોર્ટે ફિલિપ બુડેકીનને માત્ર ત્રણ વર્ષ અને ચાર મહિનાની સજા ફટકારી.

કેટલાક નિષ્ણાતો અને તપાસકર્તાઓએ કહ્યું છે કે ‘બ્લ્યુ વ્હેલ’ ગેમની અસર અને તેની વાસ્તવિકતા અંગે મીડિયામાં અતિશયોક્તિ થઈ હતી. સામાન્ય જનતામાં એવી છાપ હતી કે ફિલિપે ઠંડે કલેજે આત્મહત્યાઓ કરાવી. એ પણ સાચું નહોતું. તેમ છતાં આત્મહત્યા જેવા ખતરનાક ટાસ્ક આપવા બદલ એણે સજા વેઠવી પડી.

ફરી તાજેતરની ગાઝિયાબાદવાળી ઘટના તરફ પરત ફરીએ તો અહીં ‘બ્લ્યુ વ્હેલ’ નહિ, પણ કોરિયન ‘લવ ગેમ’ નામની રમતે તરુણીઓને ‘પ્રેમમાં પાડી’. આ તરુણીઓ પોતાને કોરિયન પ્રિન્સેસ માનતી થઇ ગઈ.

કાચી ઉંમરે જ્યારે નવું જ અનુભૂતિનું વિશ્વ ઉઘડી રહ્યું હોય ત્યારે આ કન્યાઓ પોતાની જાતને ‘કે-ડ્રામા’ સહિતની કોરિયન કથાઓમાં જોવા મળતી રાજકુંવરી માની બેઠી! એટલું જ નહિ, પણ ગેમમાં આવતા AI પાત્ર સાથે મીઠી મીઠી વાતો ય કરતી થઇ ગઈ! અંતે એમની જીવનકથાનો ટ્રેજિક અંત આવ્યો.

આજે ઈન્ટરનેટ, મોબાઈલ, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ અને તૂટતા જતા પરિવારો-સંબંધો વચ્ચે ઘેરાયેલી તરુણ પેઢી સામે એટલી મોટી માયાજાળ પથરાયેલી છે કે પોતાનાં સંતાનોને સીધે રસ્તે ચાલતા રાખવાનું કામ માતા- પિતા માટે દુષ્કર બની ગયું છે.

અહીં ગેમ બનાવનારા કોઈ મોટી કંપની ચલાવનાર બિઝનેસમેન નથી હોતા. બલકે આ લોકો ખુદ દિશાહીન મગજના યુવાનો અને ક્યારેક તો તરુણો જ હોય છે. સોશ્યલ મીડિયા અને ડાર્ક વેબ પર આવા તરુણોને પકડવા કોઈ પણ દેશની સરકાર માટે અત્યંત દુષ્કર છે. અંતે પોતાનાં સંતાનોને સાચવવાનો બોજ માતા-પિતાના ખભે જ રહેવાનો છે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ...પણ સાવ આવું ન હોય!




ચુનિયાના માથા ઉપર ઢીમડા જોઈ અને થોડું આશ્ચર્ય થયું અને ચિંતા પણ થઈ.

મેં પૂછ્યું કે ‘ચુનીલાલ આ શું થયું?’

‘તમને ના પાડી છે કે ભાભી સાથે બહુ મગજમારી નહીં કરવાની એટલી હદ સુધી જ સામે બોલવાનું કે તેના મારના નિશાન જાહેર ન થાય.’

મિલનભાઈ એક પતિ પત્નીનો માર ખાય તો ગર્વ ભેર કરી શકે કે ‘જીવનની સમી સાંજે મારે જખ્મોની યાદી જોવી હતી બહુ ઓછા નામ જોઈ શક્યો અંગત અંગત નામ હતા..., પરંતુ આ તો સમાચાર સાંભળી અને મને થયું કે આ શું એમ પ્રશ્નાર્થમાં જ જાતે દીવાલ સાથે માથાં પછાડ્યા અને ઢીમડા ઉપસાવ્યા.’

આટલી વાત સાંભળ્યા પછી મારે એને એક ચા પીવડાવવાની ફિક્સ છે. ચા પીતા પીતા તેણે કહ્યું કે ‘આજે હું કોર્ટે ગયો હતો. જિંદગીમાં પતિ પત્નીના કેસ લડાતા જોયા છે પરંતુ ક્યારેય તમે પ્રેમીઓના કેસ લડાતા જોયા છે?’

શેરબજારમાં નિફ્ટી ૧૦૦૦ પોઇન્ટ તૂટે અને ત્યાર પછી શેર બજારની ઓફિસની બહાર મોઢા લટકાવેલા ટોળા બેઠા હોય એવડું ટોળું કોર્ટમાં પહેલીવાર જોયું.

મેં કીધું વાતમાં મોણ નાખ્યા વગર સીધી વાત કર મુદ્દો શું હતો?

‘અરે મિલનભાઈ બંનેનું બ્રેકઅપ થઈ ગયું હતું અને જજ પણ ૫૦ વટી ગયો હતો એટલે રસપ્રચુર થઈ અને પ્રશ્ન પૂછતો હતો.’

‘હા તો મિસ લીલી તમારી શું ફરિયાદ છે તમારે શું કામ બ્રેકઅપ કરવું છે?’

એટલે લીલીએ કહ્યું કે ‘તે છેલ્લા એક મહિનાથી કંજૂસ થઈ ગયો છે. દર અઠવાડિયે અમારે એકવાર હોટલમાં જમવાનું નક્કી થયું હતું છેલ્લા એક મહિનાથી તે મને લઈ ગયો નથી. મિલોર્ડ છેલ્લી ગિફ્ટ આપી એને દોઢ મહિનો થયો. પહેલા ગાડી લઈને આવતો હતો અને હવે ટૂ-વ્હિલર પર બેસાડી અને લોંગ ડ્રાઈવ તો જવા દો. શેરી ગલીમાં આટા પણ મરાવતો નથી. એટલે તાત્કાલિક એને કહું કે મારો પીછો છોડે.’

જજ સાહેબે બંટીને પૂછ્યું ‘બોલબંટી તું શા માટે તેને છોડવા નથી માગતો?’

બંટીએ કહ્યું કે ‘નહીં છોડુ. છેલ્લા છ મહિનાથી દર અઠવાડિયાની જગ્યાએ દર ત્રણ દિવસે હોટલમાં જમવાની જીદ કરી મને લૂંટ્યો છે. મારા ક્રેડિટ કાર્ડનું ઓવરડ્યુ અમે નક્કી કર્યું હતું કે સાથે ભરશું પરંતુ છેલ્લા ઘણા મહિનાથી તેણે એક પણ હપ્તો શેર નથી કર્યો. આગલો હિસાબ ક્લિયર કરે તો છોડવા માટે હું કંઈક વિચારું.’

‘મેં જેટલી વાર મોબાઈલ રિચાર્જ કરાવી દીધો છે તે બીજો કોઈ ન કરે. રિચાર્જ ઉપરાંત ઓટીટી પ્લેટફોર્મ પણ મારા ખર્ચે રિચાર્જ કર્યું છે અને હજુ છ મહિના બાકી છે તેને પાસવર્ડ બદલી નાખ્યો અને મને પણ જોવા નથી દેતી મારા પૈસા અને મને લાભ નહીં તો કહો મી લોર્ડ હું તેને કઈ રીતે છોડી શકું?’

લીલીએ વકીલ ઓબ્જેક્શન લે તે પહેલા કહ્યું ‘આઈ ઓબ્જેક્ટ મી લોર્ડ જ્યાં સુધી બીજો બોયફ્રેન્ડ ન મળે ત્યાં સુધી તેના રિચાર્જના પૈસા હું કઈ રીતે પાછા આપી શકું અને હું એસ્યોર્ડ કરું છું કે એક તગડો બકરો સોરી બોયફ્રેન્ડ મળે કે તરત જ હું તેના ક્રેડિટ કાર્ડના અને તમામ ઓટીટીના પૈસા પણ પરત કરી દઈશ.’

બંટીએ વચ્ચે બોલતા કહ્યું કે ‘જજસાહેબ હું પણ માંડ માંડ મળ્યો હતો અને હવે તેને પૈસાદાર બકરો શોધવો છે તો મારે કેટલી રાહ જોવી? અને હજુ મેં આપેલી ગીફ્ટોની તો કોઈ વાત જ નથી ઉચ્ચારતા. ભલે વપરાયેલી હોય હું ગુજરી બજારમાં અડધા ભાવે વહેંચી નાખીશ અને રોકડા કરીશ મિ લોર્ડ પરત અપાવો.’

જજ આ બધી વાત સાંભળી અને બે ગ્લાસ પાણી પી ગયા. જજને પણ તેનો ભૂતકાળ યાદ આવી ગયો હોય તેમ અંગત રીતે લીલીને કહ્યું ‘તમારે પર્સનલ લોન લઈ અને આ હિસાબ તાત્કાલિક ચુકતે કરી દેવો જોઈએ. તમારા મમ્મીને પણ આવી આદત હતી.’

ચુનીલાલ કહે ‘હું તો સ્તબ્ધ થઈ ગયો કે સાલુ કેટલા વર્ષે ક્યાં કનેક્શન નીકળે છે? અને કોર્ટે જ્યારે હુકમ કર્યો કે છોકરાને વ્યાજ સહિત તેના ખર્ચના પૈસા આપી દેવા ત્યારે જજના મોઢા ઉપર જે ખુશી હતી તેના પરથી એવું લાગ્યું કે આ જજે ૨૫ વર્ષ પહેલાંનો ગુસ્સો અને વેર બીજી પેઢીએ જોરદાર રીતે વાળ્યું. હવે મને કહો કે હું માથા પછાડું કે નહીં?’

હું પણ વિચારે ચડ્યો કે કોર્ટ પાસે હવે લોકો કેવા પ્રકારના પ્રશ્નોમાં ન્યાયની અપેક્ષા રાખી રહ્યા છે? અને આ નવી પેઢીને થયું છે શું? ■

### વિચારવાયુ

*આજની પેઢીએ તેમના વિજાતીય ફ્રેન્ડ માટે ઓળખાણ કરાવતી વખતે કહેવું પડે છે કે આ મારો કે મારી ‘જસ્ટ ફ્રેન્ડ’ છે.*

# દસમા - બારમાના વિદ્યાર્થીઓ માટે થાણેમાં 'રાઈડર્સ'

થાણેઃ થાણે ટ્રાફિક પોલીસે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને કોઈ પણ મુશ્કેલી વિના પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચવામાં મદદ કરવા ૬૪ બાઈક સવાર તહેનાત કર્યા હોવાની જાણકારી એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે આપી હતી. મહારાષ્ટ્રમાં એસએસસી (ધોરણ દસ) અને એચએસસી (ધોરણ બાર)ની પરીક્ષા અનુક્રમે ૧૦ અને ૨૦ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે.

ડીસીપી (ટ્રાફિક) પંકજ શિરસાટે સંવાદદાતાઓને વિગતો આપતાં જણાવ્યું હતું કે થાણે પોલીસ કમિશનરેટના ઝોન એકથી પાંચમાં દસમાના વિદ્યાર્થીઓ માટે ૨૨૩ કેન્દ્રો અને બારમા ધોરણના વિદ્યાર્થીઓ માટે ૧૨૬ કેન્દ્રો સાથે વિભાગ સંભવિત વિલંબને નિયંત્રિત કરવા માટે સક્રિય પગલાં લઈ રહ્યું છે. કુલ ૫૪ રાઇડર્સને રસ્તાઓ પર તહેનાત કરવામાં આવ્યા છે અને ટ્રાફિક નિયંત્રણ વોટ્સએપ નંબર અને ટ્રાફિક નિયંત્રણ હેલ્પલાઇન સહિત ૧૮ ટ્રાફિક એકમોનો સંપર્ક કરવા માટે હેલ્પલાઇન નંબર જારી કરવામાં આવ્યા છે. (પીટીઆઈ) ■



# 'ભારત ઍપ'ને ટક્કર આપવા રાજ્યમાં હવે 'છાવા' એપ

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના હસ્તે સહકારી ધોરણે 'ભારત ટેક્સી'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જોકે, તેના કારણે ઓલા અને ઉબેર જેવી કંપનીઓ સામે મોટો પડકાર ઉભો થયો છે. હવે ભારત એપને ટક્કર આપવા માટે રાજ્યમાં ટૂંક સમયમાં જ 'છાવા એપ' શરૂ થવા જઈ રહી છે. પરિણામે એપ આધારિત ટેક્સી સેવામાં મુસાફરોને વિવિધ વિકલ્પો ઉપલબ્ધ થશે. ઓલા અને ઉબેર જેવી ખાનગી એપ આધારિત કંપનીઓ દ્વારા વધુ પડતું ભાડું વસૂલવું, ડ્રાઇવરોને ઓછું વળતર આપવું અને મુસાફરોને યોગ્ય સુવિધાઓ ન પૂરી પાડવા જેવી ફરિયાદો મળી રહી હતી. આ મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવવા માટે પાંચમી ફેબ્રુઆરીના રોજ 'ભારત ટેક્સી' શરૂ કરવામાં આવી છે.

ભારત ટેક્સીમાં ડ્રાઈવર પોતે જ માલિક હશે. આ એક સહકારી સંસ્થા છે. ઓલા-ઉબેર જેવી કંપનીઓમાં ડ્રાઈવરે દરેક રાઈડ માટે ૧૫ થી ૩૦ ટકા જેટલું વળતર કંપનીને આપવું પડે છે. જ્યારે ભારત ટેક્સીના ડ્રાઈવરને કમિશન આપવાને બદલે ભાડાના પૂરેપૂરા પૈસા મળશે. આ સેવા સસ્તી હોવા છતાં, તેમાં મહિલાઓ માટે પેનિક બટન, રિયલ-ટાઇમ ટ્રેકિંગ અને વીમા કવચ જેવી તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ હશે.

આ ઉપરાંત રાજ્ય સરકારના પરિવહન વિભાગના સહયોગથી એસટી નિગમ દ્વારા રાજ્યમાં છાવા એપ આધારિત કેબ સેવા શરૂ કરવામાં આવશે. આ એપ રાજ્યના મરાઠી યુવાનોને રોજગારીની તકો પૂરી પાડશે. ■

# પાણી બિલના ડિફોલ્ટરો પાસેથી ૧૫ દિવસમાં વસૂલ્યા રૂ.૯.૮૮ કરોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે મહાનગરપાલિકાની હદમાં લાંબા સમયથી પાણીના બિલ નહીં ભરનારા સામે પાલિકાએ આકરી કાર્યવાહી હાથ ધરી હતી, તેને પરિણામે છેલ્લા ૧૫ દિવસ દરમ્યાન આ ઝુંબેશ હેઠળ ૯,૮૮,૧૪,૩૪૫ રૂપિયા વસૂલ કરવામાં સફળતા મળી છે.

આ કાર્યવાહી દરમ્યાન પાણીપુરવઠા વિભાગે ડિફોલ્ટરોના પાણીના જોડાણ ખંડિત કરવા, નોટિસ આપવી, પંપ જપ્ત કરવા અને પંપ રૂમ સીલ કરવા જેવા આકરા પગલા લીધા હતા.

થાણે પાલિકા કમિશનર સૌરભ રાવના નિર્દેશ મુજબ ૨૦ જાન્યુઆરીથી પાંચ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમ્યાન વોર્ડ સ્તરે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં દિવામાં ૩૧૩ નળના જોડાણ ખંડિત કરવામાં આવ્યા હતા. ૨૧ પંપ જપ્ત અને ૩૪ રૂમ સીલ કરવામાં આવી હતી. તો કુલ ૩૨૪ લોકોને નોટિસ ફટકારવામાં આવી હતી. કલવામાં ૭૦ નળના જોડાણ ખંડિત કરીને કુલ ૬૦૦ લોકોને નોટિસ ફટકારવામાં આવી હતી. મુંબ્રામાં ૨૩૬ નળના જોડાણ ખંડિત કરવામાં આવ્યા હતા, ૧૮૧ પંપ જપ્ત કરીને ૪૧ પંપ સીલ કરવામાં આવીને કુલ ૩,૭૩૬ને નોટિસ ફટકારવામાં આવી હતી. નૌપાડા-કોપરીની હદમાં ૨૪૫ નળના જોડાણ ખંડિત કરીને ૩૭૦ને નોટિસ આપવામાં આવી હતી. ઉથળસરમાં ૭૧ અને વર્તકનગરમાં ચાર, વાગલે એસ્ટેટ એક નળનું જોડાણ ખંડિત કરવામાં આવ્યું હતું. સમગ્ર થાણે પાલિકામાં ૧,૦૭૪ નળના જોડાણ ખંડિત કરવામાં આવ્યા હતા અને ૫,૦૫૬ ને નોટિસ ફટકારવામાં આવી હતી. ■

# આઈઆઈટી બોમ્બેની નિવૃત્ત મહિલા અધિકારી સાથે ૪.૬૨ કરોડની છેતરપિંડીઃ બેની ધરપકડ

મુંબઈઃ સીબીઆઇની કાર્યવાહીનો ડર બતાવી આઇઆઇટી બોમ્બેની નિવૃત્ત મહિલા અધિકારી સાથે ૪.૬૨ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના કેસમાં બે આરોપીની ધરપકડ કરી હતી, જેમના બૅંક ખાતામાં રૂપિયા ટ્રાન્સફર થયા હતા.

ફરિયાદી મહિલા અગાઉ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેમાં મેડિકલ ઓફિસર તરીકે કામ કરતી હતી.

આરોપીઓની ઓળખ ગુંજન દેવકુમાર દિનેશચંદ્ર અને નરેન્દ્ર સિંહા તરીકે થઇ હતી, જેમણે તેમના બૅંક ખાતા ઓનલાઇન છેતરપિંડી આચરનારા ગુનેગારોને પૂરા પાડ્યા હતા અને તેમાં છેતરપિંડીની રકમ ટ્રાન્સફર થઇ હતી. ફરિયાદીને પ્રથમ એક વ્યક્તિએ વીડિયો કૉલ કર્યો હતો, જેણે પોતાની ઓળખ ટેલિકોમ વિભાગના અધિકારી તરીકે આપી હતી. ત્યાર બાદ બીજા આરોપીએ ફરિયાદીને કૉલ કરીને પોતે આઇપીએસ ઓફિસર હોવાનું જણાવ્યું હતું. તેણે ફરિયાદીને કહ્યું હતું કે છ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ માટે બૅંક ખાતું ખોલવા તમારા આધાર કાર્ડનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે સીબીઆઇ દ્વારા ગુનો દાખલ કરાયો છે અને તમારી ધરપકડ થઇ શખે છે. દબાણ હેઠળ ફરિયાદીએ તેની ફિક્સ્ડ અને રિકરિંગ ડિપોઝિટ્સ ઉપાડી લીધી હતી અને સાયબર ગુનેગારો દ્વારા પૂરા પાડવામાં આવેલા બૅંક ખાતાંમાં ઑક્ટોબર, ૨૦૨૫થી જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન ૪.૬૨ કરોડ ટ્રાન્સફર કર્યા હતા.

આ અંગે ફરિયાદ નોંધાતાં ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને આ કેસ બાદમાં તપાસ માટે વેસ્ટર્ન રિજન સાયબર સેલને સોંપવામાં આવ્યો હતો. પોલીસની તપાસમાં ઠગાઇની રકમ સિંહા અને દિનેશચંદ્રનાં ખાતાંમાં જમા થઇ હોવાનું જાણવા મળ્યું હતું. આ રકમ બાદમાં તેમણે ઉપાડી લીધી હતી અને કમિશન કાપીને તેને આરોપીને સોંપી હતી. પોલીસ બંને આરોપીની ધરપકડ કરી હતી અને ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીની શોધ ચલાવવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# સંસ્થા સમાચાર

## છત્રપતિ શિવાજી મહારાજ અંગે નિઃશુલ્ક કાર્યક્રમ

બોરીવલીમાં સાંસ્કૃતિક કેન્દ્ર અને ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ, કોંકણ ક્ષેત્ર, બોરીવલી દ્વારા છત્રપતિ શિવાજી મહારાજની નીતિ, કાર્ય પદ્ધતિ વગેરેની માહિતી આપતા કાર્યક્રમનું નિઃશુલ્ક આયોજન આઠ ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું છે. સાંજે સાડા પાંચ કલાકે વનવિહાર, દેવીદાસ રોડ પાસે, ઓમ શાંતિ ચોકની નજીક, બોરીવલી વેસ્ટમાં જાહેર જનતા માટે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

## મેડિકલમાં એઆઈ અને રોબોટિક સર્જરી સંદર્ભે સેમિનાર

મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા મેડિકલમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને રોબોટિક સર્જરીના ઉપયોગ વિશે ચોથી ફેબ્રુઆરીએ સેમિનાર યોજવામાં આવ્યો હતો. એ દરમિયાન વરિષ્ઠ નાગરિકોમાં વર્તણૂકને લગતાં પડકારો અંગે પણ માહિતી આપવામાં આવી હતી.

## ચક્ષુદાન, ત્વચાદાન અને દેહદાન માર્ગદર્શન કેન્દ્રનું ઉદ્ઘાટન

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) દ્વારા ૩૧ જાન્યુઆરીએ સંસ્થાના કાર્યાલયમાં ચક્ષુદાન, ત્વચાદાન અને દેહદાન માર્ગદર્શન કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જેનો હેતુ લોકોમાં એ અંગે જાગૃતિ લાવવાનો છે.

## પ્રજાસત્તાક દિન અને વાર્ષિકોત્સવની ઉજવણી

શેઠ રણછોડદાસ ચત્રભુજ કચ્છી લોહાણા બાલાશ્રમના પટાંગણમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તથા શ્રી મમ્માબાઈ શાળાનો વાર્ષિકોત્સવ સંસ્થાના બેન્ક્વેટ હૉલમાં ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો. એ દરમિયાન શાળાની વિવિધ પ્રવૃત્તિમાં પ્રથમ આવનારા વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

## છોકરીઓના વિકાસ અને સંસ્કારનું આધારસ્થાન

કાનજી ખેતસી ગર્લ્સ હોસ્ટેલ વર્ષોથી કન્યાઓના શિક્ષણ, સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે કાર્યરત છે. આ હોસ્ટેલ છોકરીઓ માટે એક ઘર સમાન છે. આ સંસ્થા વર્ષોથી પોતાની મૂલ્ય આધારિત પરંપરાને આગળ ધપાવી રહી છે. ૧૭ જાન્યુઆરીએ વિદ્યાર્થિનીઓ માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાજર મુખ્ય મહેમાનોએ હાજર છોકરીઓમાં આત્મવિશ્વાસ અને ઉત્સાહનું સંચાર કર્યું હતું.

## રોટરી ક્લબ ઑફ બોરીવલી દ્વારા રોડ રેજ - ટ્રેઝર હન્ટ

રોટરી ક્લબ ઑફ બોરીવલી દ્વારા મંડપેશ્વર સિવિક ફેડરેશન સાથે મળીને રોટરી ક્લબના વિવિધ પ્રોજેક્ટ્સ અંગે જાણકારી આપવા રોડ રેજ - ટ્રેઝર હન્ટનું આયોજન કરાયું હતું. તેમાં પચીસ કારે ભાગ લીધો હતો. પ્રમુખ કેતલ તાપીઆવાલા, સેક્રેટરી જયનીશા સંપટ, ચેરમેન કુણાલ વોરા, મોનાલી વોરા, મેહુલ પારેખ, આશિષ તાપીઆવાલા, આયુષી, રોટરીના સ્વયંસેવકો વગેરેએ આ કાર્યક્રમ સફળ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં પચીસ કાર બોરીવલીથી ગોરેગામ સુધી રોટરીના બેનર સાથે ફરી હતી.

## રોડ રેજ-ટ્રેઝર હન્ટ

રોટરી ક્લબ ઓફ બોરીવલી અને મંડપેશ્વર સિવિક ફેડરેશન દ્વારા રોટરી ક્લબના વિવિધ પ્રોજેક્ટ્સ અંગે માહિતી આપવા માટે રોડ રેજ-ટ્રેઝર હન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતું. એમાં પચીસ કારે ભાગ લીધો હતો. સ્વયંસેવકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા અગત્યનું યોગદાન આપ્યુ હતું.

## સ્નેહ મિલન સમારોહ

શ્રી માહ્યાવંશી મિત્ર મંડળ મીરા રોડ દ્વારા ૨૪ જાન્યુઆરીએ સ્નેહ મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું. એ દરમિયાન લાઈવ ઑર્કેસ્ટ્રા સાથે સંગીત અને ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. સાથે જ ટ્રેડિશનલ થાળી અને બાળકો માટે ચિત્રકળાની સ્પર્ધા યોજવામાં આવી હતી. બાદમાં સૌએ સાથે મળીને ભોજનનો સ્વાદ માણ્યો હતો.

## ગણેશ જન્મ ઉત્સવ

લોકોને ધાર્મિક એકતાનો સંદેશ આપતા શ્રી સાર્વજનિક ઉત્સવ મંડળ, વસઈ (પ) દ્વારા ગણેશ ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. માઘ મહિનામાં આવતા ઉત્સવમાં ગણપતિ બાપ્પાની શ્રદ્ધાથી આરાધના કરવામાં આવે છે. આ મંડળે બિરાજમાન કરેલી બાપ્પાની મૂર્તિ પાછળ પરશુરામ ભગવાન કુહાડી સાથે ઊભા છે.

## માઘી ગણેશોત્સવ

વસઈ (પ)માં સ્થિત માલોંડે મિત્ર મંડળ છેલ્લાં વીસ વર્ષથી ગણેશ જન્મોત્સવ ઉજવતું આવ્યું છે. આ વખતે પણ બાપ્પાની સુંદર મૂર્તિની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.

## ધ્વજવંદન

પ્રગતી મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી)ના ઉપક્રમે ગણતંત્ર દિવસ ઉજવવામાં આવ્યો હતો. કાંદિવલીમાં આવેલી આર.આર.પી. મ્યુનિસિપલ શાળામાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. હાજર વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાયું હતું.

## દાંત અને રક્ત તપાસણી શિબિર

વસઈ (પ)માં આવેલી વ્હાઈટ ઓપલ ડેન્ટલ હૉસ્પિટલ અને ઇમ્પ્લાન્ટ સેન્ટરની પ્રથમ વર્ષગાંઠ અનોખી રીતે ઉજવવામાં આવી હતી. એ નિમિત્તે સેન્ટર તરફથી નિઃશુલ્ક દાંત અને રક્તની તપાસણી શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ શિબિરમાં નાના બાળકોથી માંડીને વયોવૃદ્ધોએ પણ ભાગ લીધો હતો.

## ભક્તિ સંધ્યા

કુળદેવી શ્રી સચ્ચામાતાજી ભાવિક સંઘ દ્વારા પરેલ-પ્રભાદેવીના કામગાર સ્ટેડિયમમાં સમૂહ પહેડી અને ભક્તિ સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. એ દરમિયાન કુળદેવી શ્રી સચ્ચામાતાજીના ભક્તોએ માતાની પૂજા અને આરતીનો લાભ લીધો હતો. સાથે જ ગરબાની સાથે ભક્તિથી ઝૂમી ઉઠ્યા હતા.

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પક્ષી | આહ્વાન |
| પખાજ | ડગલું |
| પગલું | વાદ્ય |
| પડકાર | ઓળો |
| પડછાયો | વિહંગ |

## જાણવા જેવું

પા એટલે એકનો ચોથો ભાગ. આ શબ્દ પાદ એટલે પગ ઉપરથી થયો છે. પાદનો સામાન્ય અર્થ પગ થાય છે. ખેતીવાડીનું કરતા લોકો ચોપગાં જાનવરોના ચાર પગો પૈકીના એક પગ માટે પાદ શબ્દ વાપર્યો હતો. શબ્દો શ્લોક કે કવિતાની ચાર ટૂક માટે પણ વપરાયો છે. પાદ ઉપરથી દ અક્ષરનો લોપ થયો અને પા એટલે ચાર પૈકીનું એક અથવા એકનો ચોથો ભાગ એવો સામાન્ય અર્થ પ્રચલિત થયો.

## ગુજરાત મોરી મોરી રે

'મુઘલ - એ - આઝમ'નું પ્રખ્યાત ગીત 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે'ની કોના નાટકમાંથી ઉઠાંતરી કરાઈ હતી એમનું નામ કહો.

અ) જશવંત ઠાકર
બ) ચુનીલાલ મડિયા
ક) પ્રભુલાલ દ્વિવેદી
ડ) રઘુનાથ બ્રહ્મભટ્ટ

## નોંધી રાખો

બોલતું માણસ અચાનક ચૂપ થઈ જાય ત્યારે કાં તો એને શબ્દોની ખોટ પડી હોય અથવા લાગણીમાં ઓટ આવી હોય એવું પણ બની શકે છે.

## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧ શતપદ (૫)
૪ યુક્તિ, ચાલાકી, પ્રપંચ (૪)
૬ એક તેજાનો (૨)
૭ અહંકાર, ગર્વ (૨)
૮ ભાઇ (૨)
૯ મૂઢ, મૂંઝાઇ ગયેલું (3)
૧૦ ધૂર્ત, લુચ્ચું (૨)
૧૧ હંમેશાં (૨)
૧૨ શ્વાસ (૨)
૧૫ તરછોડી કાઢેલું (૪)
૧૭ આજ્ઞાંકિત, કહ્યું કરે તેવું (૪)
૧૯ ---- કરવું = ચૂકતે કરવું (૨)
૨૦ વાંસની છીછરી ટોપલી (૨)
૨૧ આકાશ (૨)
૨૩ સુગંધ, ફોરમ (3)
૨૪ યોગ્ય, લાયક (૨)
૨૫ ઢગલો, ખડકલો (૨)
૨૬ ફરિયાદ (૨)
૨૮ મનાઇ, વિઘ્ન (૪)
૨૯ વચન આપી બંધાયેલું (3:૨)

### ગયા વખતનો ઉકેલ



### ઊભી ચાવી

૧ કામ, કાજ (૨)
૨ ભય, જોખમ (3)
3 થોડું, અલ્પ (૨)
૪ ઓછાડ (3)
૫ ચાલાક, હોશિયાર (3)
૭ અસ્પષ્ટ (3)
૮ વિદ્યુત (૨)
૯ ઊંઘ (3)
૧૧ તેજ, ભભકો (3)
૧3 અહંકાર, અભિમાન (3)
૧૪ શહેર (3)
૧૬ વૈદ, હકીમ (3)
૧૮ ગમગીન, ખિન્ન (3)
૧૯ ધ્વનિ, રવ (3)
૨૦ વિદ્યાર્થી (૨)
૨૨ જિદ્દી, હઠીલું (3)
૨3 ફોરમ, ખુશબો (3)
૨૪ પવિત્ર (3)
૨૬ ઓજાર (૨)
૨૭ લડાઇ (૨)

## ઓળખાણ પડી?

૧૯૭૦ના દાયકામાં ઝંઝાવાતી ફાસ્ટ બોલર તરીકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ તખ્તા પર નામ ગજાવનાર આ અનોખા બોલરનું નામ કહી શકશો?

અ) ડેનિસ લિલી
બ) ફ્રેન્ક ટાયસન
ક) જેફ થોમસન
ડ) બોબ મેસી



## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

કોફી રસિકજનોનું પ્રિય પીણું માનવામાં આવે છે. વિશ્વના કયા દેશમાં કોફીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે એ વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) નેધરલેન્ડ્સ બ) સોમાલિયા ક) ઓસ્ટ્રિયા ડ) બ્રાઝિલ

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૪, ૭૨, ૧૨૦, ૧૬૮, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૬૮ પછી કઈ સંખ્યા આવે?

અ) ૧૯૬ બ) ૨૧૨ ક) ૨૧૬ ડ) ૨૪૦

## સુડોકુ-૯૨૧૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૩ | | ૫ | | ૯ | |
| ૬ | ૭ | | ૨ | | ૧ | | ૮ | ૫ |
| | | ૩ | ૬ | | ૯ | ૪ | | |
| | | | ૯ | | ૬ | | | |
| ૪ | ૬ | | | | | | ૧ | ૩ |
| | | | ૮ | | ૪ | | | |
| | | ૨ | ૫ | | ૭ | ૧ | | |
| ૭ | ૩ | | ૪ | | ૮ | | ૬ | ૯ |
| | ૫ | | ૧ | | ૩ | | ૭ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૪ | ૬ | ૨ | ૭ | ૩ | ૯ | ૮ |
| ૬ | ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૪ |
| ૩ | ૮ | ૨ | ૪ | ૧ | ૯ | ૫ | ૭ | ૬ |
| ૨ | ૫ | ૩ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૧ | ૪ | ૬ | ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૩ |
| ૭ | ૯ | ૮ | ૩ | ૬ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૭ | ૬ | ૮ | ૧ | ૨ |
| ૮ | ૨ | ૭ | ૫ | ૪ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૯ | ૬ | ૧ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ | ૫ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પદ્મ | કમળ |
| પનોતી | અવદશા |
| પમરાટ | સુવાસ |
| પદ્ય | કવિતા |
| પથ | માર્ગ |

ગુજરાત મોરી મોરી રેઃ
ભાંગવાડી થિયેટર
ઓળખાણ પડી?
ડેનિસ એટકિન્સન
માઈન્ડ ગેમ :
૩૨૧
ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
વેનિસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) જયવંત પદમશી ચિખલ (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપુર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નૈશધ દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજીતા ખોના (૧૨)હર્ષા મહેતા (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) મીનળ કાપડીયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) ભરત કજરીયા (૧૯) મહેન્દ્ર લોઢવિયા (૨૦) તાહેર ઔરંગાબાદવાળા (૨૧) શીરીન ઔરંગાબાદવાળા (૨૨) પ્રવીણ વોરા (૨૩) અરવિંદ કામદાર (૨૪) વીણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) મહેશ સંઘવી (૨૭) નિતીન જયંતીલાલ બજરીયા (૨૮) અલકા વાણી (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) ડાયના સંતોક (૩૧) નયના ગિરીશ મિસ્ત્રી (૩૨) કિરીટ છેડા (૩૩) છેતના છેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હીના દલાલ (૩૯) ભાવના કર્વે (૪૦) દિપીકા દોશી (૪૧) પુષ્પા પટેલ (૪૨) ડૉ. પ્રકાશ કટકીયા (૪૩) ધીરેન્દ્ર ઉદેશી (૪૪) મહેશ દોશી (૪૫) અબ્દુલ્લા એફ મુનામ (૪૬) કમલ મટાલીયા (૪૭) પ્રતીમા પમાની (૪૯) રસીક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૫૦) અંજુ ટોલીયા

# રિઝર્વ બેન્કની અપેક્ષિત જાહેરાત વચ્ચે સેન્સેક્સમાં ૨૬૬ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બેન્કે નીતિ દરો યથાવત્ રાખવા સાથે રિઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ ટ્રસ્ટ્સ (રેઇટ્સ)માં રોકાણ માટે બેન્કોને પ્રસ્તાવ જાહેર કર્યા બાદ બજારમાં સુધારો આવ્યો હતો અને બેન્ચમાર્ક ૨૬૬ પોઇન્ટ આગળ વધ્યો હતો. આરબીઆઇએ અપેક્ષા અનુસાર નીતિ દર યથાવત રાખ્યો હતો. કેન્દ્રીય બેંકે, ચાલુ નાણાકીય વર્ષ માટે તેની છઠ્ઠી અને અંતિમ દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષામાં, રેપો રેટ ૫.૨૫ ટકા પર જાળવી રાખવાનો નિર્ણય લીધો અને તટસ્થ વલણ જાળવી રાખ્યું છે. દરમિયાન, રોકાણકારોનું ધ્યાન યુએસ-ઈરાન ટેન્શન અને એઆઇ ટેકનોલોજી સંદર્ભના સમાચાર પ્રવાહ પર મંડાયેલું છે.

સત્રના બીજા ભાગમાં બજારમાં મજબૂત રિકવરી જોવા મળી હતી, જેમાં સેન્સેક્સ ૨૬૬.૪૭ પોઈન્ટ (૦.૩૨%) વધીને ૮૩,૫૮૦.૪૦ પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી ૫૦.૯૦ પોઈન્ટ (૦.૨૦%) વધીને ૨૫,૬૯૩.૭૦ પર બંધ થયો હતો. ક્ષેત્રીય મોરચે, નિફ્ટી એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને રિયલ્ટીમાં સારી લેવાલી જોવા મળી હતી, તેનાથી વિપરીત, નિફ્ટી આઇટી અને ફાર્મા દબાણ હેઠળ રહ્યા, જ્યારે અન્ય ક્ષેત્રોએ મિશ્ર વલણ જોવા મળ્યું હતું. વ્યાપક બજારમાં હળવું વેચાણ દબાણ જોવા મળ્યું, નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૦૨ ટકાનો નજીવો ઘટાડો થયો અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૨૭ ટકાનો ઘટાડો થયો, જે રોકાણકારોની પસંદગીયુક્ત ભાગીદારી દર્શાવે છે.

કોટક મહિન્દ્રા બેન્ક, હિંદુસ્તાન યુનિલીવર, ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, પાવર ગ્રીડ અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સ રહ્યા હતા. જેએમ ફાઇનાન્શિયલે ૫૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૧૬ કરોડનો નફો નોંધાવ્યો છે. એપ્ટસ વેલ્યુ હાઉસિંગ ફાઇનાન્સે ત્રીજા ક્વાર્ટરમાં ૨૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૩૯ કરોડનો નફો અને ૨૧ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૨,૩૩૦ કરોડની એયુએમ નોંધાવી હતી. આઈકેએસ હેલ્થે ડિસેમ્બર ક્વાર્ટરમાં ૨૪ ટકા ગ્રોથ સાથે રૂ. ૮૧૫૦ મિલિયનની રેવેન્યુ અને ૪૧ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૮૩૩ મિલિયનનો નફો નોંધાવ્યો હતો.

ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, ટેક મહિન્દ્રા, અદાણી પોર્ટસ, એશિયન પેઇન્ટસ, ઇટર્નલ અને એચસીએલ ટેક ટોપ સૂઝર શેરોની યાદીમાં હતા. સાપ્તાહિક ધોરણે સેન્સેક્સ ૨૮૫૭.૪૬ પોઇન્ટ અથવા તો ૩.૫૩ ટકા અને નિફ્ચટી ૮૬૮.૨૫ પોઇન્ટ અથવા તો ૩.૪૯ પોઇન્ટ ઊછળ્યો છે. મલ્ટી સેકટરલ ઇન્ટરનેશનલ ટ્રેડ અને પ્રોફેશનલ નેટવર્કિંગ માચેના ત્રણ દિવસીય કાર્યક્રમ એલઆઈબીએફ એક્સપો ૨૦૨૬ - મુંબઈ કોલિંગમાં ૧૮થી વધુ વૈશ્વિક પરિષદોનું આયોજન કરવામાં આવ્યું હતું, ૨૫થી વધુ દેશની ભાગીદારી રહી હતી અને હેલ્થકેર, ફાઇનાન્સ, લીગલ, લોજિસ્ટિક્સ સહિતના ક્ષેત્રોના ૨૪૬ પ્રદર્શકો તથા ૩૫,૦૦૦થી વધુ વિઝિટર્સ સહભાગી થયા હતા.

વિશ્વના સૌથી મોટા લોજિસ્ટિક્સ, ફ્રેઇટ અને ટ્રાન્સપોર્ટેશન શો, લોજીમેટ ઇન્ડિયા ૨૦૨૬ની બીઇસી ખાતે યોજાયેલી ત્રીજી આવૃત્તિમાં અમેરિકા, જર્મની, ઇટલી, સિંગાપોર સહિતના ૧૦ દેશોની ૩૫૦થી વધુ ગ્લોબલ બ્રાન્ડ્સ સહભાગી છે. મુખ્ય ભાગીદારોમાં એડવર્બ ટેક્નોલોજીસ, રેક્સ એન્ડ રોલર્સ, આર્મસ્ટ્રોંગ ડેમેટિક, એમએચઇ બજાર, લોજિસ્ટિક્સ સેક્ટર સ્કિલ કાઉન્સિલ, જંગહેનરિક ઇન્ડિયા, સોટી અને જય સ્ટોરેજ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે.

ભારતને વિશ્વનું એગ્રી-ઇનપુટ મેન્યુફેક્ચરિંગ હબ બનાવવાના મુખ્ય ટોપિક સાથે ઇન્ડિયન માઇક્રો ફલાઇઝર્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશને મુંબઇ ખાતે નેશનલ ક્રોપ ન્યુટ્રિશન સમિટની છઠ્ઠી આવૃત્તિનું આયોજન કર્યુ હતું, જેમાં આ ક્ષેત્રના ચાવીરૂપ હિસ્સેદારો સંશોધનો, ઉત્પાદન ક્ષમતા, નીતિ માળખા અને ગ્લોબલ એગ્રી-ઇનપુટ ઉત્પાદન મથક બનવા સંદર્ભે દેશની વધતી ભૂમિકા અંગે ચર્ચા વિચારણા કરશે. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ પાછલા સત્રમાં ગુરુવારે રૂ. ૨,૧૫૦.૫૧ કરોડના મૂલ્યના ઇક્વિટી વેચ્યા હતા.




રિયલ એસ્ટેટ ક્ષેત્રને ધિરાણને વધુ પ્રોત્સાહન આપવા માટે, બેંકોને ચોક્કસ સાવચેતીભર્યા પગલાં સાથે રેઇટને ધિરાણ આપવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાએ દ્વિમાસિક નાણાકીય નીતિનું અનાવરણ કરતી રજૂ કર્યો હતો. આને પરિણામે બેન્ક શેરોમાં હલચલ જોવા મળી હતી.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો હતો. યુરોપિયન બજારો મોટાભાગે ઊંચા સ્તરે ટ્રેડિંગ કરી રહ્યા હતા. ગુરુવારે (૫ ફેબ્રુઆરી, ૨૦૨૬) યુ.એસ. બજારો નીચા સ્તરે બંધ થયા. નાસ્ડેક કમ્પોઝિટ ઇન્ડેક્સ ૧.૫૯ ટકા ઘટ્યો, એસએન્ડપી ૫૦૦ ૧.૨૩ ટકા ઘટ્યો, અને ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૧.૨૦ ટકા ઘટ્યો હતો.

સ્થાનિક ઇક્વિટી બજારો મોટાભાગના સત્ર દરમિયાન મોટાભાગે નરમ રહ્યા અને પછી મોડેથી રિકવરી જોવા મળી, જેને એફએમસજી અને ખાનગી બેંકિંગ શેરોમાં પસંદગીયુક્ત ખરીદી દ્વારા ટેકો મળ્યો. તેનાથી વિપરીત, સ્થાનિક આઇટી ક્ષેત્રે નબળો દેખાવ ચાલુ રાખ્યો. આરબીઆઈની નીતિ જાહેરાત મોટે ભાગે અપેક્ષાઓ સાથે સુસંગત હતી, વ્યાજ દરો પર યથાવત સ્થિતિ જાળવી રાખીને આરબીઆઇએ રચનાત્મક વૃદ્ધિના દૃષ્ટિકોણનો પુનરોચ્ચાર કર્યો છે. નોંધવું રહ્યું કે, ભારત-અમેરિકાના સીમાચિહ્નરૂપ વેપાર કરારને પ્રતાપે બજારમાં મંગળવારે તેજીનો જુવાળ જોવા મળ્યો હતો. યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે રાતે અણધારી રીતે વેપાર કરારની જાહેરાત કરી હતી, જેમાં ભારતીય માલ પરના પારસ્પરિક ટેરિફ ઘટાડીને ૧૮ ટકા જાહેર કરવામાં આવ્યા હતા. આ જાહેરાતને પગલે સત્રમાં તેજીના ઉછાળા સાથે ૪,૨૦૫.૨૭ પોઈન્ટ અથવા ૫.૧૪ ટકાની દિવસની ૮૫,૮૭૧.૭૩ ટોચ બનાવ્યા બાદ સેન્સેક્સ ૨,૦૭૨.૬૭ પોઈન્ટ અથવા ૨.૫૪ ટકાના વધારા સાથે ૮૩,૭૩૯.૧૩ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી દિવસ દરમિયાન, તે ૧,૨૫૨.૮ પોઈન્ટ અથવા ૪.૯૯ ટકા વધીને ૨૬,૩૪૧.૨૦ની ઊંચી સપાટીને સ્પર્શ્યા બાદ અંતે ૬૩૯.૧૫ પોઈન્ટ અથવા ૨.૫૫ ટકાના વધારા સાથે ૨૫,૭૨૭.૫૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો.

શેરબજારમાં શુક્રવારે આરબીઆઇની નીચિ જાહેરાત બાદ સુધારો જોવા મળ્યો હતો. એફએમસીજી શેર્સમાં ઉછાળો, જ્યારે ફોકસ્ડ આઈટી અને આઈટી ઈન્ડેક્સ સર્વાધિક ઘટ્યા હતા. માર્કેટ કેપમાં રૂ.૬૧,૦૦૦ કરોડનો વધારો નોંધાયો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ ગત ગુરુવારના ૮૩,૮૧૭.૬૯ના બંધથી ૨૬૬.૪૭ પોઈન્ટ્સ (૦.૩૨ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૩,૨૪૯.૩૨ ખૂલી ઊંચામાં ૮૩,૬૧૨.૧૨ અને નીચામાં ૮૨,૯૨૫.૩૫ સુધી જઈને છેવટે ૮૩,૩૧૩.૯૩ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની માત્ર ૧૩ સ્ક્રિપ્સ વધી હતી જ્યારે ૧૭ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૦.૧૧ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૦.૪૨ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૩૯ ટકા ઘટ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૩૭ ટકા વધ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૬.૭૦ લાખ કરોડથી રૂ.૦.૬૧ લાખ કરોડ વધીને રૂ.૪૬૭.૩૧ લાખ કરોડ રહ્યું હતું. સેક્ટરલ ઈન્ડેક્સમાં એફએમસીજી ૨.૦૫ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૯૧ ટકા, પાવર ૦.૬૪ ટકા, રિયલ્ટી ૦.૬૩ ટકા, એનર્જી ૦.૪૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૪૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૪૧ ટકા અને મેટલ ૦.૩૪ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૧.૭૧ ટકા, આઈટી ૧.૪૧ ટકા, સર્વિસીસ ૦.૮૭ ટકા, પીએસયુ બેન્ક અને હેલ્થકેર ૦.૫ ટકા, ઓટો ૦.૨૬ ટકા અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૨૨ ટકા ઘટ્યા હતો.

એક્સચેન્જમાં ૪,૩૫૯ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું. ૧,૮૮૫ સ્ક્રિપ વધી હતી, ૨,૩૦૯ સ્ક્રિપ ઘટી હતી અને ૧૬૫ સ્ક્રિપ સ્થિર રહી હતી. ૮૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઉચ્ચ સપાટીએ અને ૧૦૭ સ્ટોક્સ બાવન સપ્તાહની સૌથી નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૦ સ્ક્રિપને ઉપલી અને ૭ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં આઈટીસી ૫.૦૯ ટકા, કોટક બેન્ક ૩.૩૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૬૩ ટકા, ભારતી એરટેલ ૨.૩૨ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૭૬ ટકા, પાવર ગ્રીડ ૧.૨૬ ટકા બજાજ ફિનસર્વ ૧.૦૧ ટકા, ટાઈટન ૦.૯૦ ટકા એક્સિસ બેન્ક ૦.૮૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૭૫ ટકા, રિલાયન્સ ૦.૫૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૨૪ ટકા અને લાર્સન ૦.૧૨ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ટાટા કન્સલ્ટન્સી ૧.૬૯ ટકા, ટેક મહિન્દ્ર ૧.૬૯ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૨ ટકા, એશિયન પેઈન્ટ ૧.૨૧ ટકા, ઈટર્નલ ૧.૨૦ ટકા, એચસીએલ ટેક ૦.૯૬ ટકા એચડીએફસી બેન્ક ૦.૮૭ ટકા, ઈન્ફોસિસ ૦.૮૫ ટકા, બીઈએલ ૦.૭૬ ટકા, સ્ટેટ બેન્ક ૦.૬૫ ટકા અને મારુતિ ૦.૬૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં શુક્રવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૯૩૩.૧૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૧૫ સોદામાં ૧,૧૫૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૯,૭૨,૭૯૬ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૩૭,૮૨,૫૩૨.૦૦ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં આરંભિક સુધારો ધોવાઈને અંતે ૩૧ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મોનેટરી પૉલિસી બેઠકના અંતે વ્યાજદર જાળવી રાખવાનો નિર્ણય લીધાનાં પ્રોત્સાહક અહેવાલ અને ડૉલર ઈન્ડેક્સની સાધારણ નરમાઈ સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આરંભિક તબક્કે ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૧૬ પૈસા જેટલો સુધારો જોવા મળ્યો હતો. જોકે, ત્યાર બાદ અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટની અનિશ્ચિતતા સપાટી પર આવતા ક્રૂડ તેલના વાયદામાં જોવા મળેલો ઉછાળો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૧૫૦.૫૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં જોવા મળેલો સુધારો ધોવાઈ ગયો હતો અને અંતે રૂપિયો ગઈકાલના બંધ સામે ૩૧ પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૩૪ના બંધ સામે સુધારા સાથે ૯૦.૨૮ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૯૦.૧૮ અને નીચામાં ૯૦.૮૩ સુધી ગબડ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૩૧ પૈસાના ઘટાડા સાથે ૯૦.૬૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૧૩ પૈસાનો સુધારો આવ્યો હતો.

રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ આજે બજારની અપેક્ષાનુસાર રિપો રેટ ૫.૨૫ ટકાના સ્તરે જાળવી રાખ્યો હોવાથી મધ્ય સત્ર દરમિયાન રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હતું, પરંતુ ત્યાર બાદ અમેરિકા-ઈરાન વચ્ચેની વાટાઘાટોની અનિશ્ચિતતાને કારણે ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા રૂપિયામાં સુધારો ધોવાયો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આંતરપ્રવાહના આશાવાદના ટેકે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહેતાં ૯૦.૪૦થી ૯૧.૨૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૩૮ ટકા વધીને બેરલદીઠ ૬૮.૪૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## વૈશ્વિક સોના-ચાંદીમાં ઘટ્યા મથાળેથી સુધારો છતાં સ્થાનિકમાં ચાંદી ₹ ૯૪૧૦ અને સોનું ₹ ૪૨૪ ઘટ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે શિકાગો મર્કન્ટાઈલ એક્સચેન્જે સોના અને ચાંદીના વાયદાના ભાવમાં વધેલી ચંચળતાને ધ્યાનમાં લેતા કોન્ટ્રાક્ટ પરના માર્જિન જે આઠ ટકા હતુ તે વધારીને નવ ટકા કરવાની સાથે મેઈન્ટેનન્સ માર્જિનના દર પણ જે ૧૫ ટકા હતા તે વધારીને ૧૮ ટકા કર્યાના અહેવાલો સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં કડાકા બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે ખાસ કરીને અમેરિકા-ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ સપાટી પર આવતા બન્ને કિંમતી ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ગઈકાલના ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૪૧૦નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૨થી ૪૨૪નો ઘટાડો આવ્યો હતો.



બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૪૧૦ ઘટીને રૂ. ૨,૪૪,૯૨૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ વધુ ભાવઘટાડાના આશાવાદે જ્વેલરી ઉત્પાદકોની માગ શાંત હતી. તે જ પ્રમાણે આજે સોનાના વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૨૨ ઘટીને રૂ. ૧,૫૧,૪૬૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧,૫૨,૦૭૮ના મથાળે રહ્યા હતા. આજે સોનામાં પણ માત્ર છૂટીછવાઈ રોકાણલક્ષી માગ હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટ્યા ૨.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૮૭૯.૦૬ ડૉલર અને એપ્રિલ વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૯૦૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલે ઔંસદીઠ ૬૫ ડૉલર સુધી ગબડીને પાછા ફર્યા બાદ આજે ઘટ્યા મથાળેથી ૪.૨ ટકા વધીને ઔંસદીઠ ૭૪.૨૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અત્રે નોંધનીય બાબત એ છે કે વર્તમાન સપ્તાહમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૦.૩ ટકાનો સુધારો અને ચાંદીના ભાવમાં ૧૨ ટકા કરતાં વધુ માત્રામાં ઘટાડો જોવા મળ્યો છે.

અમેરિકા-ઈરાન વચ્ચેના તણાવમાં વધારો થવાની સાથે આજે સોના-ચાંદીમાં સલામતી માટેની માગને ટેકે ભાવમાં સુધારો જોવા મળ્યો હતો.

તેમ છતાં આજે ન્યૂ યોર્ક ખાતે માર્જિનમાં વધારો થવાથી ભાવ દબાણ હેઠળ આવે તવી ભીતિ સપાટી પર રહેતાં અમુક અંશે બજારમાં સાવચેતીનું વલણ પણ જોવા મળ્યું હોવાનું ઓએએનડીએના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવવાની સાથે સોનામાં આગામી ટૂંકા સમયગાળા માટે ઔંસદીઠ ૫૧૬૯ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી અને ૪૪૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વધુમાં આજે અમેરિકાના જાન્યુઆરી મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટાની જાહેરાત થનાર હતી, પરંતુ તાજેતરના ચાર દિવસના આંશિક શટડાઉનને કારણે હવે તેની જાહેરાત આગામી ૧૧મી ફેબ્રુઆરીએ થશે.

## ટીન, નિકલ અને કોપરની અમુક વેરાઈટીઓમાં જળવાતી પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે કોપરના પુરવઠા સામે અગ્રણી વપરાશકાર દેશ ચીનની માગની અનિશ્ચિતતા વચ્ચે લંડન ખાતે કોપરનાં એક મહિને ડિલિવરી શરતે ભાવમાં ઘટાડાતરફી વલણ જળવાઈ રહેવાની સાથે અન્ય ધાતુઓના ભાવ પણ દબાણ હેઠળ રહ્યા હોવાથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન, નિકલ અને કોપરની અમુક વેરાઈટીઓ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી રૂ. ૧૮૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે લીડ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે રૂ. ચાર અને રૂ. એકનો સુધારો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, કોપર વાયરબાર અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૮૦ ઘટીને રૂ. ૪૪૩૩, રૂ. ૧૯ ઘટીને રૂ. ૧૨૩૩ અને રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૫૭૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ પણ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૮૪૦, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૧૧૮૬, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૨૦૮ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૧૯૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે એકમાત્ર લીડ ઈન્ગોટ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૯૪ અને રૂ. એક વધીને રૂ. ૩૧૩ના મથાળે રહ્યા હતા, જ્યારે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમા સાધારણ ઘટાડો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૦થી ૩૭૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની એકંદર માગ જળવાઈ રહી હતી. તેમ છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ તેમ જ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૮૬૬થી ૩૯૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૨થી ૪૦૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૫થી ૩૮૪૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૬૫થી ૩૯૪૫માં ટકેલા ધોરણે થયા હતા.



## દેશી-આયાતી તેલમાં પાંખાં કામકાજે ટકેલું વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૩ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ સાધારણ એક સેન્ટનો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ અને વધુ ભાવઘટાડાના આશાવાદ વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હતા અને દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ જોવા મળ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૧૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦ તથા જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

ગુજરાતમાં ગોંડલ મથકે આજે મગફળીની ૬૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૦૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૨૨,૦૦૦ ગૂણી મગફળીના વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૫૨૦માં થયા હતા. જોકે, આજે ગુજરાતના મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોના સ્ટોકિસ્ટોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૨૭૧૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૧૭૧૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૮૦ અને સરસવના રૂ. ૧૫૩૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# વેરાવળમાં વીજળી વિભાગે સઘન તપાસ કરતા ૧૨૨ ગેરરીતિ ઝડપાઈ, લાખોનાં બિલ ફટકાર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વેરાવળ પીજીવીસીએલ વિભાગે સઘન તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન વીજચોરી અને ગેરકાયદેસર વીજ ઉપયોગ કરતા લોકોને દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. ચેકિંગ અભિયાન અંતર્ગત કુલ ૫૮૦ વીજ જોડાણોની તપાસ કરવામાં આવી જેમાંથી ૧૨૨ ગેરરીતિઓ ઝડપાઈ હતી. ગેરરીતિ આચરનારા ગ્રાહકોને વીજળી વિભાગ દ્વારા ૩૮.૬૦ લાખનો દંડરૂપે વીજ બિલો ફટકાર્યાં હતાં. જૂનાગઢ અધિક્ષક ઈજનેર એસએચ રાઠોડ અને વેરાવળ કાર્યપાલક ઈજનેર જીબી વાઘેલાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. આ માટે વીજળી વિભાગની કુલ ૩૫ ટીમો અને ૧૬૦ કર્મચારીઓ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચેકિંગ અભિયાન અંતર્ગત મીટર ટેમ્પરિંગ, અનધિકૃત લોડનો ઉપયોગ, સીધી લાઇન દ્વારા વીજ ચોરી અને અન્ય નિયમોનું ઉલ્લંઘન કરતો વીજ ઉપયોગ સામેલ હતા.

આ ચેકિંગ અભિયાન અંતર્ગત વેરાવળ, તાલાલા અને સૂત્રાપાડા તાલુકાના ઉમરેઠી, માલઝીંઢવા, જેપુર, બકુલા, ધનેજથોરડી, સિંગસર, લોધવા, બરેવલા, પ્રસ્નવદા, જામ્બુર, સવની, મોરાજ, ઇનાજ, ગોવિંદપરા, વાવડી આદ્રી, ઉમરાળા, ઉંબા, ઉકડિયા, મલોંધા, ખેરાલી, દેડા, ચમોડા, આંબલિયાળા, ટોબરા, મહોબતપરા, ખાંભા, વાંસવડ, પ્રાંસલી, સુંદરપારા, નાખાડા, કુક્રાસ, બોલાસ, થારેલી, પદ્રુકા, મોરાસા, કડસાલા, ચાગીયા, બારૂલા, આરબ ચોક, ત્રુક ચોરા, ભરકોટ, મોચી બજાર, ખારવા વડ, ગુલાબનગર, ઘંચીવાડા, કોલીવાડા, પઠાણવાડા, મેઇન બજાર અને શાંતિનગર જેવા વિસ્તારો ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ■

# જામનગરમાં મેગા ડિમોલેશન, રેલવેની જમીન પરના ૧૫૦થી વધુ ઝૂંપડાઓ દૂર કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરમાં મેગા ડિમોલેશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના દિગજામ રેલવે ઓવરબ્રિજ નીચે રેલવેની જમીન પરનાં દબાણો હટાવવામાં આવ્યાં હતાં. આ કાર્યવાહી ખાસ કરીને શહેર, જિલ્લા અને રેલવે પોલીસના કર્મચારીઓ જોડાયા હતા.

રેલવે લાઇનના બંને તરફ આશરે ૧૫૦થી વધુ ગેરકાયદે ઝૂંપડાં ખડકી દેવાયાં હતાં. જ્યાં વર્ષોથી દેશી દારૂની પ્રવૃત્તિઓ ચાલતી હોવાની ફરિયાદો મળી હોવાના કારણે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

આ મેગા ડિમોલેશનની કાર્યવાહી લાલપુરના આઈપીએસ અને જામનગર શહેર વિભાગના ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ થયું હતું. ૩૦૦થી વધુ પોલીસ કર્મચારીઓની ટીમે વહેલી સવારથી કાર્યવાહી શરૂ કરી હતી.

મેગા ડિમોલેશન કાર્યવાહી દરમિયાન કુલ મળીને ૧૫૦થી વધુ નાનાં-મોટાં ઝૂંપડાં અને કેટલીક કેબિનો સહિતનાં દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા અડધો ડઝનથી વધુ જેસીબી મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ■

# અમરેલી જિલ્લાના બગસરામાં પુત્રએ માતા સાથે મળીને સાવકા પિતાને મોતને ઘાટ ઉતાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમરેલી જિલ્લાના બગસરામાં સામાન્ય બોલાચાલી અને ચા બનાવવા જેવી નજીવી બાબતે સાવકા પિતાની હત્યા થઈ હતી. સામાન્ય બોલાચાલીમાં ઝઘડો ઉગ્ર બનતા પુત્રએ માતાની મદદથી પોતાના સાવકા પિતાની ઘાતકી હત્યા કરી નાખી હતી. આ સમગ્ર કેસમાં મૃતકની દીકરીએ બગસરા પોલીસ સ્ટેશનમાં માતા અને ભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયયાદના આધારે મુખ્ય આરોપી સુરેશ મછાર અને માતા સીતાબેન વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

મૂળ દાહોદ જિલ્લાના ફતેહપુરા તાલુકાના સુખસર ગામનો વતની આપરિવારના સભ્યો મુંજિયાસર ગામે ખેતમજૂરી કરતો હતો. મૃતક રમણભાઇ કટારાની તેમની સાથે પત્ની સીતાબેન સાથે ઘરે ચા બનાવવા બાબતે બોલાચાલી થઈ હતી. જેથી સીતાબેનને આ બાબતે પોતાના પુત્ર સુરેશ મછારને આ અંગે જાણ કરી હતી. માતાની વાત સાંભળીને તે સાવકા પિતા રમણભાઇને માર મારવા માટે ઉશ્કેર્યો અને લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. આ દરમિયાન દીકરીએ પિતાને બચાવવા માટે પ્રયત્ન કર્યો હતો પરંતુ સુરેશે તેને પણ પાટું મારીને દૂર કરી દીધી હતી. આરોપી સુરેશે ક્રૂરતાની તમામ હદો વટાવી સાવકા પિતાને માથાના ભાગે સિમેન્ટનો ચૂલો મારીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. માથામાં ગંભીર ઈજાઓ થતા રમણભાઇનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે મૃતક રમણભાઈના મૃતદેહને પીએમ અર્થે બગસરા સિવિલ હૉસ્પિટલ ખસેડ્યો હતો. આ સાથે ઈજાગ્રસ્ત માતા-પુત્રને અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. પોલીસે આગળની કાર્યવાહી શરૂ કરી દીધી હતી. ■

# વિદેશી દારૂના જથ્થા સાથે થરાદમાંથી કચ્છનો આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: સરહદી રેન્જ ભુજ-કચ્છના પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા તથા બનાસકાંઠાના વાવ-થરાદ પોલીસ અધિક્ષક ચિંતન તેરૈયાની સૂચના તેમજ સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપના પી.આઇ એ.જી.રબારીના માર્ગદર્શન હેઠળ, જાંણદી ગામ પાસેથી પસાર થતા ભારત માલા સર્વિસ રોડ પર પેટ્રોલીંગ દરમ્યાન સાંચોર તરફથી આવતી એક શંકાસ્પદ સ્કોર્પિયો જીપકારને અટકાવીને તલાશી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ થરાદ કારમાંથી વિદેશી શરાબની કુલ ૧૪૧૬ બોટલો કિંમત રૂ.૨,૮૯,૨૪૮નો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન પોલીસે ૫,૦૦,૦૦૦ની કિંમતની સ્કોર્પિયો અને ૫,૦૦૦ રૂ.નો મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭,૯૪,૨૪૮નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં કચ્છ જિલ્લાના લખપત તાલુકાના વર્માનગરના રહેવાસી પ્રવિણસિંહ લાખાજી સોઢા (ઉંમર વર્ષ ૪૨) નામના શખ્સની સ્થળ પરથી ધરપકડ કરવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો ભરાવનાર અને મંગાવનાર અન્ય શખ્સોનાં નામ પણ ખુલ્યા છે, જેના આધારે પોલીસે કુલ ચાર ઇસમો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ થરાદ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■



રાજકોટમાં ચાલી રહેલી મતદારયાદી સુધારણા પ્રક્રિયા વિવાદોના વમળમાં ફસાઈ છે. રાજકોટ શહેર કોંગ્રેસના નેતાઓએ જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારીને રૂબરૂ મળીને મતદારયાદીમાં થયેલી મોટી ગેરરીતિઓના સજ્જડ પુરાવા રજૂ કર્યા હતા.. (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# સામખિયાળી ગામે ગાંજા અને પોષડોડાના પાઉડર સાથે દુકાનદાર ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: માદક દ્રવ્યોનું એપિસેન્ટર બની રહેલા રણપ્રદેશ કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના સામખિયાળી ગામમાં એક દુકાનમાં ગાંજો વેચતા શખ્સને પોલીસે ઝડપી પાડીને રૂ.૧૨,૩૦૯ની કિંમતનો માદક પદાર્થ અને પોષડોડાનો પાઉડર જપ્ત કર્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, સામખિયાળીના પોલીસ મથકને અડીને આવેલી આવેલી એક દુકાનમાં લલિયાણાનો શખ્સ ગાંજો અને પોષડોડા રાખી તેનું છૂટક વેચાણ કરતો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને શામજી જીવરાજ કેરાસિયા (આહીર) નામના શખ્સને અટકમાં લઈને તપાસ કરવામાં આવી હતી. દુકાનમાં રહેલી ટેબલના ખાનામાંથી પ્લાસ્ટિકની નાની ૧૦ થેલીમાંથી ગાંજો મળી આવ્યો હતો તેમજ એલ્યુમિનિયમના ગોળ ડબ્બામાંથી પોષડોડાનો પાઉડર મળી આવ્યો હતો. પોલીસે આ કાર્યવાહી દરમ્યાન રૂ. ૨૭૫૦નો ૫૫ ગ્રામ સૂકો ગાંજો તથા રૂ. ૯૫૫૫નો ૬૩૭.ગ્રામ પોષડેડાનો પાઉડર મળીને કુલ રૂ. ૧૨,૩૦૯નો માદક પદાર્થ જપ્ત કર્યો હતો. આ શખ્સને ગાંજો કારમાં આવેલો કોઈ અજ્ઞાત શખ્સ આપી ગયો હતો તેમજ પોષડેડાનો પાઉડર પોતાના પીવા માટે તથા ગાંજો ગ્રાહકોને વેચવા રાખ્યો હોવાનું પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું. ■

# મુંદરાના ચકચારી કસ્ટોડીયલ ડેથ કેસના ત્રણ આરોપીઓની સી.સી.ટી.વી. ફુટેજની માગણી જિલ્લા અદાલતે સતત બીજીવાર નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાષ્ટ્રીય સ્તરે ભારે ચર્ચાસ્પદ બનેલા, પરિણામલક્ષી તબક્કે પહોંચી ચૂકેલાં કચ્છના બંદરીય મથક મુંદરાના પોલીસ મથકના જાન્યુઆરી ૨૦૨૧ના કસ્ટોડિયલ ડેથ કેસના દસ પૈકી ત્રણ આરોપીઓ દ્વારા સી.સી.ટી.વી. ફુટેજ મળવાની માગણી બાબતે નામદાર હાઈ કોર્ટ સમક્ષ કરાયેલી પીટીશનના નિકાલ સુધી કેસ ન ચલાવવા મુકેલી માગણીની અરજી અત્રેની સેશન્સ અદાલતે વિગતવારનાં કારણો સાથે સતત બીજી વાર નામંજૂર કરતો આદેશ આપ્યો હતો અને ત્રણ આરોપીઓ આ મુદ્દાને આગળ ધરીને વારંવાર કેસની સુનાવણી આગળ વધતી રોકવાનો ઈરાદો ધરાવતા હોવાનું નામદાર અદાલતે નોંધ્યું હતું

પ્રાપ્ત વિગતો મુજબ, આ ચકચારી કેસના મુખ્ય આરોપીઓ પૈકીના પોલીસ કર્મીઓ એવા શક્તિસિંહ યોગેન્દ્રસિંહ ગોહિલ, અશોક લીલાધર કનાદ અને જયદેવસિંહ અજિતસિંહ ઝાલા દ્વારા અરજી દાખલ કરાઈ હતી. આ અગાઉ ભુજ ચીફ કોર્ટ, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે તા. ૨૦-૧-૨૦૨૧ના મુંદરા પોલીસ મથકના સી.સી.ટી.વી. ફુટેજ આપવાની માગણીની અરજીઓ નામંજૂર કરાયા પછી તેમણે ફરી હાઈ કોર્ટ સમક્ષ આ બાબતે પીટીશન દાખલ કરી હતી અને તેનો નિકાલ ન આવે ત્યાં સુધી કેસ ન ચલાવવા સેશન્સ કોર્ટ સમક્ષ દાખલ કરેલી અરજીને બીજી વખત નામંજૂર કરવામાં આવી હતી. જિલ્લા અદાલતે નોંધ્યું હતું કે, ત્રણેય આરોપીઓ પૂર્ણતા તરફ આગળ ધપી રહેલા આ કેસને લંબાવવાના બદઈરાદા સાથે આ પ્રકારની અરજીઓ કરી રહ્યા છે, આ સુનાવણીમાં ખુદ આરોપીઓ પૈકીના સમાઘોઘા ગામના માજી સરપંચ જયવીરસિંહ વિક્રમસિંહ જાડેજાએ પણ આ ત્રણેયની અરજી સામે લેખિતમાં વાંધા લીધા હતા. સીસીટીવી ફૂટેજની માગણી સહિતના અવનવા કારણોસર થતી રહેલી અરજીઓ અન્વયે છેલ્લા છ મહિનાથી આ ચર્ચાસ્પદ કિસ્સાની સુનાવણી આગળ વધતી રોકાઈ ગઈ હતી, પણ હવે નામદાર ગુજરાત હાઈ કોર્ટે ફરી એક વાર વિગતવારના કારણોસર આ માગણીને નકારી કાઢતાં કેસની સુનાવણીની કામગીરી હવે ઝડપી બને તેવા સ્પષ્ટ એંધાણ જોવા મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૧માં ઘરફોડ ચોરીના કથિત ગુનામાં મુંદરા પોલીસે ત્રણ ગઢવી યુવકોને અચાનક ઉઠાવી, પોલીસ મથકમાં ગોંધી રાખીને અમાનુષી અત્યાચાર ગુજારતાં બે યુવકોના દર્દનાક મોત થયાં હતાં, એકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ચકચારી મામલે તત્કાલિન પોલીસ ઇન્સ્પેકટર પઢિયાર સહિત પાંચ પોલીસ કર્મી, ગ્રામ રક્ષક દળના બે જવાનો અને સમાઘોઘાના પૂર્વ સરપંચ સહિત દસ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.■

# આથમતા સૂર્યની સપાટી પર પૃથ્વી કરતાં અનેકગણું વિશાળ સનસ્પોટ દેખાતાં ખગોળ પ્રેમીઓમાં કુતૂહલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: છેલ્લા બે-ત્રણ દિવસથી સૂર્યાસ્ત સમયે, સૂર્યની સપાટી પર એક રહસ્યમય કાળો ડાઘ દેખાતા લોકોમાં આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળ્યું હતું. આ અંગે 'સ્ટારગેઝીંગ ઈન્ડિયા'ના જાણીતા ખગોળવિદ નરેન્દ્ર ગોર 'સાગરે' માહિતી આપતાં જણાવ્યું હતું કે, સૂર્ય પર દેખાતો આ ડાઘ કોઈ સામાન્ય બાબત નથી, પરંતુ તે સૂર્યની સપાટી પર સર્જાયેલું એક પ્રચંડ ચુંબકીય તોફાન છે, જેને વૈજ્ઞાનિક પરિભાષામાં સનસ્પોટ અજી૪ ૩૬૬ તરીકે ઓળખવામાં આવે છે. આ સનસ્પોટનું કદ એટલું વિશાળ છે કે તેમાં પૃથ્વી જેવા અનેક ગ્રહો સમાઈ જાય તેમ છે. પ્રાથમિક અંદાજ મુજબ, આ સનસ્પોટ વિસ્તાર પૃથ્વીના વ્યાસ કરતા આશરે ૧૦ થી ૧૫ ગણો મોટો છે. આ સનસ્પોટનું માત્ર મુખ્ય કાળું કેન્દ્ર જ પૃથ્વી કરતાં બમણી પહોળાઈ એટલે કે અંદાજે ૨૫,૦૦૦ થી ૩૦,૦૦૦ કિલોમીટર ધરાવે છે, જ્યારે સમગ્ર સનસ્પોટ સમૂહ સૂર્યની સપાટી પર ૧,૨૫,૦૦૦ કિલોમીટરથી વધુના વિસ્તારમાં પથરાયેલો છે.

આ ખગોળીય ઘટના માત્ર દશ્યમાન આશ્ચર્ય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર પૃથ્વી પર પડવાની પણ ભીતિ સેવાઈ રહી છે. સનસ્પોટમાંથી હાલમાં જ અત્યંત શક્તિશાળી સૌર જ્વાળાઓ છૂટી પડી છે. આ ઊર્જાના પ્રચંડ વિસ્ફોટને કારણે આગામી ૪૮ કલાકમાં પૃથ્વી પર જિયોમેગ્રેટિક સ્ટોર્મ એટલે કે ભૂ-ચુંબકીય તોફાન આવવાની પ્રબળ શક્યતા છે. જો આ તોફાન તીવ્ર બનશે તો પૃથ્વી પરની હાઈ-ફ્રિકવન્સી રેડિયો સેવાઓ, જીપીએસ સિસ્ટમ અને મોબાઈલ નેટવર્ક જેવી સેટેલાઈટ આધારિત સેવાઓમાં વિક્ષેપ પડી શકે છે. આ ગંભીર ખગોળીય ઘટના અંગે સાવચેતીના પગલાં સૂચવતા સ્ટારગેજિંગ ઈન્ડિયાના નરેન્દ્ર ગોર સાગરે વધુમાં જણાવ્યું હતું કે, સૂર્યાસ્ત સમયે સૂર્યની તેજસ્વીતા ઓછી લાગતી હોય, પરંતુ તેને નરી આંખે જોવો અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. સૂર્યમાંથી નીકળતા હાનિકારક પારજાંબલી (ઞટ) અને ઇન્ફ્રારેડ કિરણો આંખના પડદાને કાયમી નુકસાન પહોંચાડી શકે છે, જેનાથી અંધાપો આવવાનું જોખમ રહે છે. સૂર્યદર્શન માટે હંમેશા પ્રમાણિત સોલર ફિલ્ટર અથવા ખાસ પ્રકારના સોલર ગોગલ્સનો જ ઉપયોગ કરવો જોઈએ. સામાન્ય ચશ્મા કે ટેલિસ્કોપથી સીધું જોવું તે આંખો માટે અત્યંત ઘાતક નીવડી શકે છે તેમ તેઓએ ઉમેર્યું હતું. ■

# ભાવનગરના તળાજા નજીક ગમખ્વાર અકસ્માત, દિહોરના દંપતી પત્નીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજાના દિહોર ગામનું શ્રમજીવી દંપતી શુક્રવારે બપોરના સમયે ઠાડચ ગામથી દવા લઈ બાઇક પર પરત ફરી રહ્યું હતું. આ સમયે બાઇક અને કાર વચ્ચે કુંઢેલી નજીક અકસ્માત સર્જાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. દંપતીને તળાજાથી ભાવનગર હૉસ્પિટલમા રીફર કરવામાં આવ્યા હતા.

જો કે ભાવનગરમાં પૂરતી સારવાર મળે તે પહેલાં જ દંપતીએ અડધા કલાકના અંતરે જ અનંતની વાટ પકડી હતી.મળતી વિગત મુજબ, દિહોર ગામના દંપતી દલપતભાઈ ખાટાભાઈ દિહોરા, કાંતાબેન દલપતભાઈ દિહોરા બપોરે આશરે ૩.૪૫ દરમ્યાન બાઇક પર સવાર થઈને કુંઢેલી નજીકથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે કાર સાથે અકસ્માત સર્જાયો હતો.દંપતીને ગંભીર ઇજાઓ સાથે તળાજા અને અહીંથી અલગ અલગ બે ૧૦૮મા બંનેને ઓક્સિજનની જરૂર હોય ભાવનગર વધુ સારવાર અર્થે લઇ જવામાં આવ્યા હતા. પાંચ પીપળા પસાર કરતા જ કાંતાબેને અંતિમ શ્વાસ ગણી લીધાના દુઃખદ સમાચાર આવી ગયા હતા. ભાવનગર ખાતે પહોંચતા જ દલપતભાઈએ પણ ફાની દુનિયા છોડી દીધી હતી. બંનેના મોતને પગલે અરેરાટી ફેલાઈ ગઈ હતી. ■

# કચ્છમાં તોલમાપ કચેરીની સોના-ચાંદીના વેપારીઓને ત્યાં સરપ્રાઈઝ ચેકીંગથી ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: હાલમાં પ્રવર્તી રહેલી વૈશ્વિક અનિશ્ચિતતાઓના લીધે સોના-ચાંદીના ભાવમાં આગઝરતી તેજી આવી છે એ વચ્ચે ગુજરાતમાં તોલમાપ કચેરી દ્વારા છેડવામાં આવેલી ઝુંબેશ અંતર્ગત અંદાજીત ૩૭૦ જેટલા એકમોમાં તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાથી ૨૭૩ જેટલા સોના-ચાંદીના વેપારીઓ સામે પ્રોસીક્યુકેશન કેસ દાખલ કરવામાં આવ્યા હોવાના અહેવાલો મળ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, સમગ્ર રાજ્યની સાથે રણપ્રદેશ કચ્છમાં પણ તોલમાપ વિભાગ કચેરીના જિલ્લાકક્ષાના અધિકારીના માર્ગદર્શન હેઠળ આ ઝુબેશ તળે વિવિધ સોના ચાંદીના અંદાજે ૧૦થી ૧૨ જેટલા દુકાનદારો- વેપારીઓને ત્યાં ઓચિંતી તપાસ કરવામાં આવી હતી જેમાં ખાસ કરીને સોના-ચાંદીને પારખવા માટેના વજનકાંટા-ટેસ્ટીંગના મામલે આ તપાસ હાથ ધરવામા આવી હતી જેમા અત્યારસુધી કચ્છમાં પાંચ જેટલા વેપારીઓ વિરુદ્ધ પ્રોસીક્યુસન કેસ દાખલ કરવામા આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ચુડવા અને મેઘપર (કુંભારડી)માં બે યુવકોએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છમાં બે યુવકોએ આપઘાત કરીને જીવાદોરી ટૂંકાવી લેતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી. ગાંધીધામ તાલુકાના ચુડવામાં મુકેશ ગંગારામ માલવિયા (ઉ.વ.૩૨)એ તેમજ અંજારના મેઘપર કુંભારડીમાં રહેનાર સુરજ દિનેશ મકવાણા (ઉ.વ.૩૨)એ ગળેફાંસો ખાઈ પોતાના જીવન ટૂંકાવ્યા હતા.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, ચુડવામાં રહેનાર મુકેશ માલવિયા એ રાત્રિના સમયે પોતાના રૂમમાં અગમ્ય કારણોસર છત પંખાના હુકમાં ગમછો બાંધીને ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ગાંધીધામ બિ-ડિવિઝન પોલીસે બનાવનું કારણ જાણવા છાનબીન હાથ ધરી છે.

બીજી તરફ, અંજારના મેઘપર કુંભારડીના રવેચી નગરમાં આત્મહત્યાનો બનાવ બન્યો હતો જેમાં સુરજ મકવાણાએ ગત તા.૩-૨ના સાંજના અરસામાં અકળ કારણોસર ગળેફાંસો ખાઈ મોતનો માર્ગ અપનાવી લેતાં અંજાર પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે. ■

# રાજસ્થાનથી ગાંજો લાવનાર વોન્ટેડ આરોપીની ૩.૭૫૦ કિલો ગાંજા સાથે જૂનાગઢમાં ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં એન.ડી.પી.એસ.એક્ટ હેઠળના ગુનામાં છેલ્લા ઘણા સમયથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો હતો. જૂનાગઢ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનની એસઓજીની ટીમે રૂપિયા ૧,૮૭,૫૦૦ની કિંમતના ગાંજાના જથ્થા સાથે વોન્ટેડ આરોપીને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. એસઓજી પોલીસ દ્વારા બાતમીના કાર્યવાહી કરવામાં આવી હતી. બાતમી એવી મળી હતી કે, વોન્ટેડ આરોપી સ્મિત ઉર્ફે ભુરો દિનેશભાઈ કાપડી રાજસ્થાન રાજ્યમાંથી ગેરકાયદેસર ગાંજાનો જથ્થો લઈને વડાલથી જૂનાગઢ વચ્ચે આવેલ મહાસાગર પેટ્રોલ પંપ નજીક ઉતરવાનો હતો.આ બાતમીના આધારે એસઓજી ટીમે સુખપુર ગામના પાટિયા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન આરોપી સ્મિત કાપડી નજરે પડતા પોલીસે તેને કોર્ડન કરી તપાસ કરવામાં આવી હતી. જેમાં તેની પાસેથી ૩.૭૫૦ કિલોગ્રામ ગાંજો મળી આવ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ગાંજા સાથે ૫ હજારની કિંમતનો મોબાઈલ, ૧૧૦૦ રૂપિયા રોકડા એમ કુલ મળીને ૧,૯૩,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

વોન્ટેડ આરોપી સ્મિત કાપડી વિરુદ્ધ જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી આ ગાંજો કોને આપવાનો હતો. તે દિશામાં પોલીસ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. આ સમગ્ર કાર્યવાહી જૂનાગઢ 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનની એસઓજીની ટીમ દ્વારા કરવામાં આવી હતી. ■

# કુંજ પક્ષીના શિકારીઓ મૃતદેહો સાથે દ્વારકા રેન્જ ફોરેસ્ટ વિભાગે બે આરોપીઓની ધરપકડ કરી

અમદાવાદ: દ્વારકા રેન્જ ફોરેસ્ટ વિભાગ દ્વારા કુંજ પક્ષીના શિકાર કેસમાં બે આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. રેન્જ ફોરેસ્ટ ઓફિસર એનપી બેલાને મળેલી ગુપ્ત બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે આરોપીઓ પાસેથી શિકારમાં ઉપયોગમાં લેવાયેલ પતંગ, ઝાળ અને અન્ય મુદ્દામાલ પણ કબ્જો કર્યો હતો. પોલીસે બંને આરોપીઓને જામનગર જેલ હવાલે કરી દીધા હતા.

બાતમીના આધારે કાર્યવાહી કરવામાં આવતા આરોપીઓને તેમના ઘરેથી દબોચી લેવામાં આવ્યાં હતાં. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રૂપેણબંદરના રહેવાસી સિકંદર ભીખુ ઢોકી અને આસીફ ઇસ્માઇલ રાડીયાની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કર્યા બાદ આરોપીઓને દ્વારકાની અદાલતમાં રજૂ કરવામાં આવતા, નામદાર અદાલતે તેમને જેલ વોરંટ ભરી જામનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપવાનો આદેશ કર્યો હતો. ■

# રાજકોટમાં અલગ અલગ કારણોસર આપઘાતના ત્રણ બનાવ બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં છેલ્લા ૪૮ કલાકમાં વધુ ત્રણ આપઘાતની ઘટના ઘટી હતી. રાજકોટમાં એક પરિણીતા એક શ્રમિક અને એક કેટરર્સના ધંધાર્થીએ આત્મહત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. શંતકબીર રોડ પર અઢી મહિના પહેલા જ લગ્ન થયેલ પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. માંડાડુંગર વિસ્તરામાં આવેલ કારખાનામાં રહી મજૂરી કામ કરતા શ્રમિકે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતી. જ્યારી ત્રીજા બનાવમાં મેટોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટરર્સના ધંધાર્થીએ આર્થિક તંગીના કારણે આપઘાત કર્યો હતો. આ તમામ કેસમાં પોલીસે તપાસ શરૂ કરી દીધી હતી. રાજકોટ શહેરના કૈલાસ ધામ મેઈન રોડ પર રહેતી ૨૭ વર્ષીય કૃપાલી રોહન ઢોલરીયા નામની નવોઢાએ પોતાના ઘરે પંખામાં ચૂંદડી બાંધી આપઘાત કરી લીધો હતો. પોલીસ દ્વારા પરિવારની પૂછપરછ કરતા મૃતકના હજુ અઢી મહિના પહેલા જ લગ્ન થયાં હતાં અને પતિ કરિયાણાની દુકાન ચલાવતા હતા. જો કે આપઘાત ક્યાં કારણે કર્યો તે જાણવા ન મળતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

રાજકોટના માંડા ડુંગર વિસ્તારમાં પરશુરામ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં આવેલા કારખાનામાં રહેતો વિકાસ શેષરાજ કેવત ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પોલીસ તપાસમાં વિકાસ મૂળ ઉત્તર પ્રદેશનો વતની હોવાનું અને અહીં કારખાનામાં મજૂરી કરતો હોવાનું જાણવા મળ્યું હતું. પરંતુ વિકાસએ ક્યાં કારણોસર આપઘાત કર્યો તેનું કારણ જાણી શકાયું નથી. આજીડેમ પોલીસે તેના મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. ત્રીજી ઘટના મોટા વડા ગામમાં બની હતી. જ્યાં ૪૬ વર્ષીય બીપીન પાંભરે ઝેરી દવા પીને આત્મહત્યા લીધી હતી. ■